વનિતા સુંદરી

અથવા

ગુલાબી મોતીની માળા ગુમ.

ભાગ ૧ લો.

લેખક અને પ્રકાશક

મેગજી ચાંપશી.

મુંબાઇ.

સંવત્ ૧૯૭૧. સને ૧૯૧૫.

કીંમત રૂ. ૧.

Printed by T. P. Thakor, at the Praja Bandhu Printing Works, Jethabhai's Street, Khadia, Ahmedabad & Published by Megji Champshi, at Shak Gully, Bharmal Sheth's Mala, Mandvi, Bombay.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦.

અર્પણ પત્રિકા.

વડીલ બન્ધુ દામજી ચાંપશી,

આપનો નિર્મળ અને પવિત્ર પ્રેમ, મમતા અને સ્નેહપૂર્ણ આચરણ મારા અંતરમાં નિત્ય રમ્યા કરે છે. પિતાશ્રીના સ્વર્ગવાસ પછી આપે બતાવેલ વાત્સલ્ય ભાવથી મારૂં હૃદય આભારની લાગણીથી છલકાઇ જાય છે. યોગ્ય બદલો આપવા અસમર્થ છું પણ આપના નિર્મળ પ્રેમના સ્મારક ચિન્હ તરીકે આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું તેનો સ્વિકાર આપ સ્વર્ગમાં કરશો.

આપનો અમર આત્મા અમર સુખને પામો એવી અંતિમભાવના ભાવી વીરમું છું.

હું છું આપનો
સ્નેહાધિન
બાલ મેગ.

પ્રસ્તાવના.

લાંબો વખત થયાં મારી આંતરિક ઇચ્છા રહ્યા કરતી હતી કે સામાજીક વિષયોપર પુસ્તકો લખાય, નોવેલો રચાય, લેખો છપાય અને ભાષણો અપાય તો બહુ જ સારૂં. મારી એ આંતરિક ઇચ્છા ઇશ્વરકૃપાથી મારા જ પ્રયાસથી કેટલેક અંશે ફળીભૂત થયેલી જોઇ મારા હૃદયનો આનંદ વૃદ્ધિંગત થાય છે. મારી લેખીનીનો પ્રજા સમક્ષ આ પ્રથમ જ પ્રયાસ છે અને મને આશા છે કે તે જનસમાજના યોગ્ય સન્માનને પાત્ર થશે. લઘુ પુસ્તકને અસાવધતાથી જો કોઇ પણ દોષને સ્થાન મળ્યું હોય તો વાંચક વર્ગ અમોને તેની સુચના કરી આભારી કરશે અને જો યોગ્ય લાગશે તો ઘટતો સુધારો કરીશું. આ પુસ્તકને પ્રજા સમક્ષ મૂકવાને પરોપકારશીલ સાહિત્ય પ્રેમી શેઠ લાલજી મેગજી હૈદ્રાબાદવાળાએ મને જે મદદ કરી છે તે સાહેબનો હું અત્રે આભાર માનું છું.

વિશેષમાં ગુર્જર પ્રજા આ લઘુ પુસ્તકને યોગ્ય સન્માન આપી સેવો જોઇતો સાર ગૃહણ કરી ભૂલચુક વાસ્તે ક્ષમા બક્ષી શેવકના પ્રયાસને સફળ કરશે. એજ.

લી. શેવક

મેગજી ચાંપશી

ના જયજીનેદ્ર.

અનુક્રમણિકા.

વનિતા સુંદરી

અથવા

ગુલાબી મોતીની માળા ગુમ.

પ્રકરણ પહેલું.

દુષ્ટ વિચારો.

પ્રભાતના સમયમાં મંદમંદ શીતળ વાયુ વાય છે, પક્ષીઓ પોતાના માળામાંથી બચ્ચાંઓ સારૂ ચારો લેવા નીકળ્યાં છે, દુઝણી ગાયો પોતાના માલિકને દૂધ આપી, ખુશ કરી, ઘાસચારાની છુટી લઇ સીમ પ્રત્યે જવા લાગી છે, ચોર અને જાર પુરૂષો ભાનુદેવના પ્રભાવથી બીહતા બીહતા લપાતા છુપાતા ખુણે ખાંચરે ભરાઇ જાય છે. વેલીઓ પ્રેમથી પોતાના માની લીધેલ પતિવૃક્ષના થડને વીંટળાઇને શોભા આપી રહે છે, ગુલાબ, ચંપા, ચંપેલી, મોગરો, જાઈ, જુઇ, સેવંતી, દોલર તેમ અનેક સુગંધીમય ફૂલોની કળીઓ ખીલી રહી છે જેથી પ્રભાતની શોભા સમુદ્ર સરખી ગંભીર, તપસ્વીના મન સરખી ઉજ્વલ, સતી સ્ત્રીના તેજ જેવી સુંદર લાગે છે. પૂર્વ તરફ સૂર્યદેવ પોતાના ધીમા પણ ચળકાટ ભરેલા તેજથી બહાર આવે છે તેવે સમયે શ્રી

મનહરપુરીમાં એક ભવ્ય દેખાવની હવેલીમાં બીજે માળે સોળ વર્ષની ખીલતી જુવાનીમાં છાતીપર રહેલા બે મુક્તાફળો જાણે મદનનો ભાર સહન ન કરવાથી હમણાં નીચે પડી જશે, અધર જેના કંકુથી પણ ગુલાબી છે, ભ્રમર ધનુષ્ય કમાનને પણ લજાયમાન કરે તેવા છે એવી એક નવ યૌવના બાઢ શોકસાગરમાં ડુબી રહેલી ગાલે હાથ ટેકવી બારીએ ઉભી રહેલી છે.

"આહા પ્રભુ ? એમની મતિ કેમ સુધરશે ! ઇશ્વરે માહરૂં એવા બાલક પતિ સાથે ક્યાં પાનું પાડયુ ! માહરા પિતાને એવી મતિ ક્યાં સુઝી ! અરેરે ! મને જન્મથીજ દુધ પીતી કરી હતે તો કેવું સારૂં ! માહરી સમાન વયની સખીઓ પોતાના પતિ સાથે કેવા સ્નેહથી મ્હાલે છે ! જ્યારે હું વિરહ તાપથી બળી ભષ્મ થાઉ છુ. આટલા દિવસ હું મ્હારા મનને મહા મુશીબતે કાબુમાં રાખી શકી, પણ હવે હે ઇશ્વર ! મ્હારી આબરૂ બચે એમ નથી. પેલો હરરોજ સાંઝે ગાડીમાં પસાર થનાર યુવક કેવો સુંદર છે ! શુ એની નમણી મુખમુદ્રા, શું એનો દિવ્ય દેખાવ ? જ્યારથી એ મ્હારા દીઠામાં આવ્યો છે ત્યારથી મ્હારૂં મન વ્યાકુળ થયુ છે. પરંતુ પિતૃ તથા શ્વસુર કુળની આબરૂને લીધે હું મ્હારા મનમાં બ્હીતી બેઠી છુ, પણ હવે હું લાંબો વિચાર કરી શકું એમ નથી. શ્રૃંગાર એજ મને પ્રિય છે ત્યારે માહરે નક્કી આજ સાઝે પેલા પુરૂષપર એક પ્રેમપત્રિકા લખી મોકલવી. અરે ! પણ મને એનું નામઠામ કાંઇ ખબર નથી. હાહાહા ! ઠીક યાદ આવ્યું. સાંઝ સમય અગાઉ એક પ્રેમપત્રિકા લખી રાખી મ્હારા માનીતા હૈયાહાર ગાડીમાં ફરવા જાય ત્યારે તેમને આપીશ. પણ તે વાંચી તે માહરે માટે શું વિચાર કરશે ? મને હલકી ધારી તરછોડી તો નહીં કાઢે ? અથવા મ્હારા સસરા અને પિયરના સંબંધી-

ઓને વાત તો ન કરે ? નાના ! મ્હને તો તેવું લાગતું નથી. કારણકે ગાડીમાં જનાર યુવક શોખીન તેમ લાયકીવાળો દેખાય છે, તેથી મ્હને ભરોસો આવે છે કે તે મ્હારા મનની મુરાદ બર લાવી મને જરૂર સંતોષ આપશેજ. ચાલ ત્યારે હમણાંજ એક પત્રિકા લખી નાખું.” વાંચનાર, ઉપર પ્રમાણે વિચાર વમળમાં ગોથાં ખાતી દુષ્ટ વિચારોને હૃદયમાં સ્થાન આપતી તે સુંદરી કોણ છે ? વધારે વખત તને આતુર રાખવા કરતાં અત્રેજ તને ટુંક ઓળખાણ કરાવું. ઉપર દર્શાવેલી ભવ્ય હવેલીનો માલિક આ રમ્ય નગર મનહરપુરીના રાજા વિજયસીંગનો માનીતો કારભારી છે. વિજયસીંગ મહારાજા પોતે સદ્‌ગુણવાન હોઇ પ્રજા પાલનમાં બહુ ઉત્સુક છે, તેમજ પોતાના દેશમાં સારામાં સારા કારીગરો બોલાવી તેમને કળા ઉત્તેજનાર્થે લાખો રૂપીઆની મદદ કરતા રહે છે તથા ન્યાયી છે. આવા રાજાના કારભારીઓ પણ તેવાજ હોવા જોઇએ ને છે પણ તેમજ. આ કારભારી મહા વિદ્વાન તેમ દયાળુ છે, ધર્મપર સારી શ્રદ્ધાવાળો છે, દ્રવ્યસંબંધી સ્થીતિ સારી હોવાને લીધે કોઈ પણ જાતની દ્રવ્ય સંબંધી લાલચ રાખનારો નથી. આ જશરાજ, કારભારી ગરીબીમાથી જાતમહેનતે ઉંચ્ચ સ્થીતિને પ્રાપ્ત થયેલ છે. જશરાજને મોટી ઉમ્મરમાં એકજ પુત્ર થયેલ તેથી તેને બચપણથી લાડલડાવી મ્હોઢે ચઢાવેલો હતો. તેર વર્ષની બાળ વયથીજ હીંદુ રીવાજ પ્રમાણે માબાપે લ્હાવો લેવા આ પુત્રને પારકો કરી દીધો હતો. નજદીકનાં પાસેનાં શેહેરનાં એક આબરૂવાળા પોતાનીજ પંકતીનાં ખાનદાન કુટુંબની સોળ વર્ષની યુવાન બાળા સાથે લાકડેમાકડું વળગાડી દીધું હતું. પરણ્યા પછી પણ પુત્ર નાની ઉમ્મરનો હોવાથી અદ્યાપી પર્યંત સ્કુલમાં ભણવા જતો હતો. બાપ લાડકવાયા એટલે સોબત કોની કરેલી,

લુચ્ચા લફંગા ઉઠાવગીર છોકરાઓની. આખો દહાડો તેઓની સાથે હરવું, ફરવું અને મોજમઝા મારવી. બાપને પૈસે તાગડધીન્ના કરી ચીમનલાલ દોસ્તો સાથે હોટેલો નાટકો વગેરેમાં મોજ મારવામાંજ પોતાની આબરૂ સમજતો હતો. ઘર વ્યવહાર વગે નાદાન હોવાથી કયાંથી સમજી શકે એટલે પોતાની ધર્મપત્નિનું મુખ જોવાની પણ શી સમજણ હોય? આટલી ઓળખ આપી હું મારી કલમ આગળ ચલાવું છું. સાંઝ પડતાં તે રમણી સાસુ આગળ જઇ ધારેલુ કામ પાર પાડવા માટે બહાનું શોધી બોલી "સાસુજી, રજા હોય તો મહાકાળેશ્વર મહાદેવનાં દર્શન કરી આવું." "દીકરા, તમે જાઓ, આપણી બ્રુમ ગાડી જોડાવી સાથે આપણા ભૈગાને પણ લેતાં જજો" તેની સાસુ સરસ્વતીએ ઉત્તર આપ્યો.

વનિતા–સાસુજી, ભૈયાની તો કશી જરૂર નથી. ગાડી કરતાં પગે જતાં ઠીક પડશે કારણ પગે ચાલતાં ખાધું પણ પચશે અને ખુલ્લી હવાથી દીલને આરામ પણ મળશે.

સરસ્વ–જેમ તમારી મરજી હોય તેમ. ભલે, દીકરા ખુશીથી જાઓ.

આટલું વીવેચન કરતી, રજા મળવાથી આનંદ થતી વનિતા પોતાના અલંકારગૃહ તરફ કપડાં પહેરવા સડસડાટ કરતી ચાલી. તરતજ એક સાડી કહાડી વિચાર કરી પસંદ ન પડવાથી બાજુએ મુકી બીજી કહાડી. બીજી તો ડુચા જેવી લાગવાથી ત્રીજી કાઢી તે તો ઓલ્ડ ફેશન (old fashion) ની છે એમ બબડી પાછી મુકી. હાલનો વખત ફેશનેબલ (fashionable) જમાનાનો છે તો તેને અનુસરીને ડ્રેસ પહેરવા વિચાર કીધો. ચોથી ખુલ્લા વાદળી રંગની સાડી કહાડી તેવોજ ફેન્સી પોલકો પણ કાઢયો. પોષાક પહેરી ડ્રેસીંગ ગલાસ (આરીસા) માં જોઇ માથામાં હેરકુશ પોમીટમ નાંખી વાળને

ગુચ્છાદાર બનાવી કાનમાં એકેક હીરાની બુટ્ટીઓ તથા હાથમાં મશીન પૉલીશની બંગડી ચઢાવી જાણે કે ઇંદ્રરાજાની રજા લઇ મૃત્યુ લોકને, વશ કરવા રંભા, મેનકા કે ઉર્વશી હોય એમ મલકાતી બહાર ચાલી!

— —

પ્રકરણ બીજું.

એકાન્ત સમાગમ.

શ્રી મનહરપુરની ઉત્તર દિશાએ ગામ બહાર એક સુશોભિત વાડીમાં સુમારે અઠ્ઠાવીસ વર્ષનો મજબુત બાંધાનો તથા સારા દેખાવનો એક યુવક વાડીના બગીચામાં આમતેમ લટાર મારતો મન સાથ બબડ્યો. આ પત્રિકા મને લખવાનો શું સંબધ! બીજી વાર વાંચી જોઉં કે લખેલા શબ્દો સાધારણ શિક્ષણનાં છે કે સારી વિદ્વતા સૂચક છે. વાંચનાર તે પત્રિકા નીચે પ્રમાણે હતીઃ—

મન મોહક પ્રિયતમ •

આપનું હૃદય દયાળુ છે, એમ આપનું મુખાર્વિંદ સુચવે છે તો જ્યાં દયા છે ત્યાં દાતારી છે તેથી આપની પાસે કાંઇ ભિક્ષા માંગવાના અર્થે આ પત્રિકા લખી છે. કૃપા હોય તો મ્હારા સરખી આશાતુર બાળાની આશા તૃપ્ત કરવા મહેરબાની કરજો એજ

હું છું.
આપની આશાભિલાષી
વનિતા.

•

લખવા પરથી સિદ્ધ થાય છે કે આ રમણી વિદ્વાન છે ત્યારે શું વિદ્યાગ્રહી ઉન્મત્ત બાળાઓ આવા વિચાર ધરાવતી હશે! પણ નહીં! માહરે અત્યારથી આમ માઠા વિચાર નહીં લાવવા જોઇએ. આ બાળાના મનમાં શું છે તે પ્રથમ જાણવું જોઇએ; હું આ વનિતાને સારી રીતે ઓળખુ છું. એના માતા પિતા સાથે મ્હારા પિતાને સારો સ્નેહ હતો; એના સસરા જશરાજને પણ હું સારી રીતે ઓળખું છું. તે પણ દયાળુ અને પરોપકારી છે; ત્યારે કદાચ આ બાળા માહરી પાસે કાંઇક માંગવા અર્થે અથવા મને ઓળખતી હોઇ હું એના માત પિતાનો સંબંધી છું એથી પોતાના સસરા પતિ તરફથી કોઇ વાતે ન્યુનતા હોવાથી પોતાના પિતાને સંદેશો મોકલવો હશે તે સારૂ મને મળવા ચ્હાતી હોય. પણ મનમોહક પ્રિયતમ એ શબ્દોનો શો ભાવાર્થ. અસ્તુ. ગમે તેમ હો પણ મ્હારે અવશ્ય તેની મુલાકાત લેવી તો જોઇએ.

પ્રિય વાંચકવૃંદ, ઉપલા વિચારને અનુમોદન આપતો આ યુવક કોણ છે તે તને જણાવીએ. આ યુવકનું નામ રણજીતસીંહ, જાતે શુરવીર રજપુત ગરાસીયો છે. એના માતા પિતા ધનાઢ્ય હોવાથી પોતાના પુત્રને સારો વિદ્યાભ્યાસ કરાવવા સારૂ બાલ્યાવસ્થામાંથીજ ગુણવાન શિક્ષકોના હાથ નીચે મુકવામાં આવ્યો હતો, જેથી રણજીતે પચ્ચીસ વર્ષની વયમાં તો બી. એ. ની ડીગ્રી મેળવી હતી. આટલુંજ નહિ પણ ક્ષત્રીય જાતીને અનુસરતી સર્વ બાબતો જેવી કે તરવાર પટા, નીશાનબાજી તેમ જરૂર પડે હાથોહાથ મેળવતાં કોઇ સમર્થ પહેલવાનથી પણ પછાત પડે એમ ન હતો. ટુંકમાં કહીએ તો એનામાં નામ પ્રમાણે સર્વે ગુણો હતા. રણજીત એટલે રણક્ષેત્રમાં શત્રુપર જીત મેળવનાર એટલું જ નહીં પણ દરેક શત્રુ જેવા કે કામ, ક્રોધ લોભ અને મોહ એ દૈહીક શત્રુપર પણ તેણે જીત મેળવી હતી.

વનિતાસુંદરીએ ઉપલી પત્રિકા શ્રી મહાકાળેશ્વરનાં દેહેરાનાં પગથીયાંપર રણુજીતને આપી હતી. આપતી વેળા જવાબ કાલે અહીંજ આપજો એમ પણ સુચવ્યું હતું.

રણુજીતે પત્રિકાનો ઉત્તર બીજે દિવસે લખી શ્રી મહાકાલેશ્વરના ઓટલાપર આપવાનો વિચાર કરી નિદ્રાદેવીનો આશ્રય લીધો.

વનિતાસુંદરી પત્ર તેના હાથમાં આપી નીચા નમી જાણે અદૃશ્ય થઇ હોય તેમ ત્યાંથી ચાલી નીકળી પાધરી શ્વસુર ઘર તરફ આવી. રાત્રીના સમયે પોતાના શયનગૃહમાં પત્રિકા સંબંધે વિચાર કરતી બેઠી હતી. એટલામાં મી. ચીમનલાલ નગરમાંથી અથડાતા કુટાતા ઘેર પધાર્યા. આવતાંની સાથેજ પોતાની સભ્ય ભાષાનો ઉપયોગ કરવા માંડયો.

ચીમનલાલ બોલ્યો—ભૈયા બા કીધર હય?

ભૈયો—શેઠજી, હભીજ બાઇસાહેબ સોનેકુ ગઇ હય.

ચીમનલાલ ગુસ્સાથી બોલી ઉઠયો, સા—થાકી પાકી ઘેર આવ્યા તો કોઇ ઘરમાંજ ન મળે! જાણે હમે તો ચોપગા જાનવર હઇએની.

ચીમનલાલના ઘાંટા સાંભળી સરસ્વતી ઉપરથી નીચે આવ્યાં અને બોલ્યાં, કેમ બેટા ચીમન શુ જોઇએ છે? કેમ આકળો થાય છે?

ચીમનલાલ—ના, મને કાંઇ નહિ જોઇએ. કોચમેનને કહો કે આપણી વીકટોરીયા ગાડી સફેદ ઘોડા જોડી લાવે; માહરે નાટકમાં જવું છે. જાઓ, જલદી કહો માહરો ટાઇમ થાય છે.

બીચારી સરસ્વતી તો દંગજ થઇ ગઇ કે એક તો ભાઇ આખો દહાડો રખડી ઘેર આવ્યા ને વળી સાથે દમ ભરાવે છે. સરસ્વતીએ ધીમે સાદે કહ્યું દીકરા, આખો દહાડો ને રાત તમે રખડો છો તો થોડો વખત તો ઘરમાં બેસો. બે સારા શબ્દો તમારી

વહુ સાથે બોલો. નગરમાં આપણી ઇજ્જત કેટલી છે અને નગરવાસીઓને તમારા પિતાનો કેટલો ધાક છે તેનો ખ્યાલ કરી આખો દીવસ રખડયાં કરવું એમાં આપણી શોભા નથી.

ચીમન છેડાઈ જઇ બોલ્યો—તો શું ફરવામાં શોભા ઘટી જાય છે ? લોકોની કોણ દરકાર રાખે, ડોન્ટ કેઅર, આપણે તો કાંઇ નહીં સમજીએ; વહુ તો મ્હને બીલકુલ ખાઇ જશે એવી લાગે છે; માટે આપણે તો બસ ફરશું, હરશું અને મોજમઝા મારીશું. તમારે નકામી માથાકુટ કરવી નહીં, સાંભળ્યું ? જાઓ, જલદી ગાડી જોડાવો.

બીચારી સરસ્વતી શું કરે. વીલે મુખે કોચમેન પાસે ગાડી જોડાવી મંગાવી બોલી " દીકરા ભલે જાઓ, પણ જલદી ત્યાંથી સીધા ઘેર આવજો. "

ચીમનભાઇ ઉપલું બાપણુ સાંભળેજ શાના. કાન બ્હેર મારી ગયા હોય તેમ સીધા ગાડીમાંજ બેઠા. કોચમેન ગાડી ક્યાં હાંકવી તેની વરદીની વાટ જોતો બેઠો. તરતજ અંદરથી હુકુમ થયો " જાને દો હમારા દોસ્ત રતીકાન્ત કે ઘરકુ. " રતીકાન્ત એ એક સાધારણ સ્થીતિનો હોઈ પોતે લફંગો તેમજ Golden Gang (સોનેરી ટોળી) માંનો એક પુરવાર થયો હતો. સારા સારા ગૃહસ્થોના છોકરાઓને તેણે બગાડયા હતા. રતિકાન્ત પણ ચીમનના આવવાની રાહ જોતો એક સકેત કરેલી સુરાપાનની દુકાન આગળ આંટા મારનો મન સાથ બોલ્યો " આ પણ એક ઠીક બીલ્લું હાથ લાગી આવ્યું. ગમે તેમ પણ આપણને રોજને છેડે પાંચ દશની કમાઇ થઇ. બીનઅકલી પૈસાદારોના મુર્ખ પુત્રોને તો ગમે તેમ કરી ફોસલાવી ખાવા જોઇએ તેમાં ચીમન જેવાને ખાવાને તો કશું પાપજ નથી કારણકે બાપ કારભારી, કેટલાંકના ગળાં રહેંસી પૈસો એકઠો કર્યો હશે."

જેને કમળો થયો હોય તેને સર્વ પીળુંજ દેખાય છે એ આધારે નીચ રતિકાન્તે પણ પવિત્ર જશરાજને પોતાના જેવો જ ધાર્યો. મનમાં કાંઇક તાન આવવાથી નીચેનું ગાયન ધીમેથી લલકારવા લાગ્યો.

ઇંગ્લીશ તર્જ.

છે પૈસાદારો જગના સરદાર છે મુગ્ખના
બસ તેને લુંટી ખાવું રાંડોમાં લઇને જાવું
સટાની દેવી ચાવી દારૂની પ્યાલી પાવી
બસ બદીમાં ગબડાવી ભવી ભક્તિથી તજાવી.

આ પ્રમાણે ઉદ્‌ગારો કાઢી મનમાં મગ્ન થતો રતિકાન્ત રાહ જોતો ઉભો એટલામાં મી. ચીમનલાલ ગાડીમાં બેસી તે જગાએ પધાર્યા.

રતિકાન્ત—ઓ. લો. મી. ચીમનલાલ આટલી વાર કેમ લાગી ? હું તો જાણું તમને રજા નહી મળી હોય.

ચીમનલાલ—હા, રજા તો મા નહીં આપતી હતી એ સાળાં બુઢ્ઢાંઓની બુદ્ધિ જ બેહેર મારી ગયલી એટલે એ નાટકમાં શું સમજે.

રતિકાન્ત—ચાલો હવે લગભગ નવ તો થવા આવ્યા. પછી નાટકનો અંક ખુલી જશે.

ચીમનલાલ—વેલ, કમ ઓન, ડોન્ટ વેઇસ્ટ ધી ટાઇમ. (ચાલો બેસી જાઓ વખત ગુમાવો નહીં).

આ જોડી સેહેલ સપાટા અર્થે જાય છે તો આપણી નોવેલની નાયિકા વનિતા શું વિચાર ચલાવે છે તે બાજુ નજર કરીએ. વનિતા આગળ જણાવી ગયા છીએ તેમ પોતાના શયન-ગૃહમાં વિચારો કરતી બેઠી હતી તે બોલી "આહા શું નમણી મુખમુદ્રા, શું કાન્તિ, ખરેખર કામદેવને લજાયમાન કરે તેવું સ્વરૂપ છે અને મેં જ્યારે તેમને પત્ર આપ્યો ત્યારે તેમણે ખુશીથી સ્વીકાર્યો.

નિશ્ચય મ્હારી મોહજાળમાં આવશે અને હું જે આટલા દિવસથી વિરહ તાપથી પીડાઉં છું તે જરૂર શાન્ત કરશે." ઉપર પ્રમાણે હૃદયમાં વિકારોને સ્થાન આપતી ઉઠી ગઇ. વખતને વિસામો નથી. કાળ પોતાનું કાર્ય કર્યેજ જાય છે. રાત્રી જોતજોતામાં પસાર થઇ ગઇ. સહવારમાં દાતણ પાણી કરી, નાહી ધોઇ, નિત્ય કર્મથી પરવારી ભોજન લઇ વનિતા રસીકચંદ્ર નામનું નોવેલ લઇ વાંચવા બેઠી અને પળે પળે ઘડીયાળમાં જોવા લાગી કે ક્યારે સાંજ પડે કે હું માહરા માનીતાને મળું. મનમાં એના એજ વિચારોની ઝખના થવા લાગી. સાંજ પડતાં સાસુની રજા લઇ આગલા દીવસ કરતાં કાંઇક નવીનજ પોશાક ધારણ કરી શ્રી મહાકાલેશ્વરનાં દેવળ આગળ જઇ પહોંચી. રણજીત પણ ત્યાં તેની રાહ જોતો બેઠેલો હતો. તે બોલ્યો "બાળા, આ આપનો ઉત્તર લ્યો અને હું હવે રજા લઇશ, આવા એકાન્ત સ્થળે વધારે વખત યુવાન પુરૂષો સાથે વાત કરવી એ લોકમાં ફજેતી તથા ઇર્ષા ઉત્પન્ન કરાવે તેમ છે. આપના પત્રનો સર્વે ખુલાસો આ કાગળમાં છે."

વનિતા—"આપે તસ્દી લેઇ પધારી મ્હારાપર ઉપકાર કર્યો છે."

આટલું બોલી સ્મિત હાસ્ય કર્યું. રણજીત તે ન ગણકારતાં સલામ કરી ચાલ્યો ગયો. વનિતાએ ત્યાં એકાન્તમાં પત્ર ઉખેડી વાંચી જોયો. મનમાં બોલી "અનાથના બેલી ઇશ્વિર તેં મ્હારી સામે જોયું. રૂક્ષ્મણીની દાદ શ્રીકૃષ્ણે સાંભળી ખરી. ખરે, આટલો આનંદ મને કદાપિ થયો નહોતો. પ્રેમ એ અજબ વસ્તુ છે. પ્રેમ સારૂ લયલા મઝનુ મૃત્યુ શરણ થયા, શીરીન ફરહાદ પણ ગયા તેમજ અનિરૂદ્ર અને ઉષાની પણ તેજ ગતી થઇ; પુરૂરવ ઉ-

વશી પણ તેજ દશાને પામ્યાં; સબ્ઝપરી અને ગુંલફામ પણ તેજ સારૂ પીડાયા. બસ, હું પણ તેજ પ્રેમના પગથીઆં પર છું.” વનિતા, વનિતા, તું શું સમજે છે, તું ખાલી આ ફાંફાં શું કરેવા મારે છે, હજી તો તેં ત્હેની ચીઠ્ઠી વાંચી છે તેપર આટલા હવાઇ વિચારો શામાટે બાંધે છે, તેમ ત્હેની સાથે વાતચિતનો પ્રસંગ પડયો નથી. કામી પુરૂષો કામનેજ દેખે છે તેમને છતી આંખે સર્વત્ર અંધારૂં પથરાયલું લાગે છે. એક ઠેકાણે બન્યું છે કે એક સ્ત્રી પોતાના માનીતા યાર પાસે સાંજને સમયે ઘેરથી અરણ્યમાં જવા નીકળી, જતા રસ્તામાં એક ફકીર નમાજ પડતો હતો તેને તે સ્ત્રીની હડફટ લાગી. આનો તે સ્ત્રીને કાંઇ ખ્યાલ નહતો.• તે તો પોતાની પ્રવૃતિ જ જતી હતી. પાછા વળતાં તે ફકીર નમાજ પડી રહ્યો હતો તે બોલ્યો “ અયે બેવકુફ ઓરત તું દેખ કે નહિ ચલતી. મે નમાજ પઢતાથા સો તું મુઝે ઠેસ મારકે ચલ ગઇ.” તે સ્ત્રી બોલી સાંઇબાવા હું તો મ્હારા યારના વિચારમાં મશગુલ હતી તેથી મે કાંઇ જોયું નહીં પણ તમે તો તે વખતે ખોદાને પણ ભુલી ગયા ત્યારેજ માહરી ઠોકરની તમને ખબર થઇ. સાંઇ આ સાંભળી બોલતો બંધ થઇ ગયો. આ સ્ત્રીની માફક વનિતાની દશા થઇ. ઘેર જતાં જાણે કોઇએ મેસમેરીઝમ યા હીપનોટીઝમ કર્યું હોય તેમ ઘેર ચાલી. ઘેર પહોંચતા પોતાના શયનગૃહમાં જઇ સુતી પણ ઉંઘ ક્યાંથી આવે? રણજીત સંબંધીજ વીચારોમાં તેણે રાત્રિ પુરી કરી. સહવારે ઉઠી નાહિ ધોઇ કોઇ સહીયરને મળવાનું બહાનું કરી ગાડી જોડાવી સીધી રણજીતને બંગલે જઇ પહોંચી; રણજીત ડેઇલી ન્યુઝ વાંચતો બેઠો હતો. દાદર ખખડવાનો આવજ સાભળી ઉઠી જોયું તો વનિતાને આવતી દીઠી. મનમાં વિચાર કરવા લાગ્યો કે આ સ્ત્રી અહીં ક્યાંથી આવી પહોંચી.

રણજીત—પધારો સુંદરી, અહીં પધારી મુજ સરખા ગરીબનું ઘર પાવન કર્યું અને મને આભારી કર્યો.

વનિતા (નમ્રતાથી બોલી)–નહીંજી એમાં આપને આભારી કરવા જેવું કશું નથી. ઉલટું તમેજ મને અત્રે બોલાવી આભારી કરી છે. આટલું બોલતાં રણજીતના ખંડમાં દાખલ થઇ. રણજીતે યોગ્ય આસન આપી તેને બેસાડી પુછ્યું " સુંદરી થોડી ચાહા લેશો. "

વનિતા—આપને આટલી તસ્દી લેવાની કાંઇ જરૂર નથી. હું ચાહા પીતી નથી.

રણજીત—તે નહીં બને. કદાચ ચાહ નહિ લ્યો તો કૉફી-કાંઇ પણ અવશ્ય લેવું પડશે.

આટલું કહી ભટને બુમ પાડી કૉફી લાવવા હુકમ કર્યો. ભટે શેઠના હુકમને અનુસરી કૉફી લાવી મુકી જેને વનિતાએ ઇન્સાફ આપ્યો. બાદ રણજીતે કહ્યું " સુંદરી હવે કાંઇ પણ શરમાયા વગર તમે ખુશીથી બોલો કે તમે મ્હારી પાસે શું માંગવા આવ્યાં છો. ? "

વનિતા શું ઉત્તર આપવો તેનો વિચાર કરવા લાગી પણ શરમથી ઉત્તર આપી શકાયો નહિ. પ્રેમના પ્રથમ પ્રસંગજ એવો છે; વનિતાને પણ તેમજ થયું. આંગમાંથી પરસેવાના બીંદુઓ ટપકવા લાગ્યા, આંખમાં શરમની લાગણી દીસવા લાગી, ગાલે શેરડા પડ્યા. આ જોઇ ચાલાક રણજીત સમજી ગયો અને બોલ્યો "વનિતા આમ શું કરોછો ? આપને શું જોઇએ છે ? મ્હારી પાસે હશે તો જરૂર આપીશ, માટે શરમ તજી વગર બ્હીકે કહો." વનીતાએ મહામેહેનતે શરમ તોડી નાચનારીને ઘુમટાની શી જરૂર એ કહેવતને અનુસરી લથડતી જીભે ઉત્તર આપ્યો. " રણજીત, આપને ખબર છે કે હીંદુ રીવાજ કેટલો

કઢંગો અને ઢંગધડા વગરનો છે; ઉંચ્ચ કુળની અભિલાષાએ બીન-અક્કલી માબાપો પોતાની વ્હાલી પુત્રીઓને વૃદ્ધ યા બાળક પતિ સાથે પરણાવી દેછે તો તમેજ કહો કે તે બાળાઓનો જન્મારો વ્યર્થ જાય કે નહીં."

રણજીત—તે ખરૂં છે.

વનિતા—ત્યારે મ્હારા સંબધમાં પણ તેમ જ બન્યું છે. હુ પણ પતિ પ્રેમથી વિરુહ છું અને તે પ્રેમને મેળવવા અર્થે તમારા સંબંધમાં આવી છું. આટલુ કહી તેણે પોતાના ચળકતા આશાતુર નેત્રો રણજીત તરફ ઉત્તર માટે ફેરવ્યા.

રણજીત—વનિતા તમે ફક્ત પ્રેમ જ મેળવવા માંગો છે કે હજી કાંઇ કહેવાનુ છે ?

વનિતા—ના ફક્ત તમને કહેલા વિષય સિવાય વધુની મ્હને આશા નથી.

રણજીત—તમને તે જરૂર મળશે.

વનિતા—ક્યાંથી, કોણ અપાવશે.

રણજીત—હું અપાવીશ. ગમે તે પ્રયત્ને પણ જરૂર અપાવીશ. નિર્દોષ રણજીતની ભૂલે ગંભીરરૂપ પકડયુ. રણજીત મનમાં વનિતાના પતિ તરફથી પ્રેમ અપાવવાનું સમજ્યો જ્યારે વનિતા રણજીત પોતાનો પ્રેમ આપવાનું કહે છે એમ સમજી.

વનિતા—જો જો, પાછા ફરી નહિ જતા-વચન આપી નિરાશ નહિ કરતા.

રણજીત—ફીકર નહિ; ઇશ્વરપર આસ્થા રાખો તે તમને જરૂર મદદ કરશેજ.

વનિતા—ખરે, ઇશ્વિરની સહાયતા વિના તમારા જેવું રત્ન ક્યાંથી મળી આવે ?

રણુજીત ઉપલું વાક્ય સમજી ચમકયો. હવે તેની ભ્રાંતી ભાગી. આટલીવાર તો તે વનિતાના વિવેચન વિષે જુદુંજ સમજ્યો હતો પણ આ છેલ્લાં વાકયે તેની ગેરસમજ તોડી. પુનઃ મનથી વિચારવા લાગ્યો કે આ સ્ત્રિની વાસના નીચ લાગે છે જો હું એને તરછોડી કહાડીશ તો રખે એ સ્ત્રિચરિત્ર કરી મ્હારાપર તોહોમત મુકે યા મને છોડી બીજા પાસે જાય. વિષયલંપટ પુરૂષો ઘણા હોય છે તેથી એ પોતાનો સ્ત્રીધર્મ ત્યાગ કરશે અને છેવટે અત્યાચારમાં ભૃષ્ટ થઇ નામ બોળશે. માટે હાલ જેમ ચાલે છે તેમ ચાલવા દઇ એને આશામાં રાખી પ્રસંગોપાત બોલાવી સારો બોધ આપી ઉચ્ચ સંસ્કારો એના હૃદયમાં પ્રેરીશ અને એને પાપવાસનામાંથી મુકત કરીશ.

રણુજીત—હું પણ આભાર માનું છુ કે તમારા જેવું દિવ્ય રત્ન મ્હારા હાથમાં આવ્યું. સુંદરી હવે મ્હારા મીત્રોને આવવાનો સમય થયો છે માટે આપ સીધારો. વળી સંજોગ અનુકુળ હશે તો તમને મળીશ.

વનિતા—વારૂ પણ તમે મને કેવી રીતે મળશો.

રણુજીત—તેની હરકત નહીં. તુમારા સસરાને હું સારી રીને ઓળખું છું. પ્રસંગ પાડી મુલાકાત વધારી તમારે ઘેર આવતો જતો રહીશ.

વનિતા—વાહવા ! યુક્તિ તો ઠીક શોધી કહાડી; સાહેબજી હવે હું રજા લઇશ.

રણુજીત—ભલે, પધારજો.

પછી હાથમાં હાથ મેળવી છુટા પડયા. વનિતાને મનથી જાણે સોનાનો સુરજ ઉગ્યો હોય અથવા વાંઝણી સ્ત્રીને પુત્ર પ્રાપ્ત થતાં જેટલો આનંદ થયો હોય તેનાથી પણ વિશેષ આનંદ થયો. વનિતાના

ગયા બાદ રણજીત સ્વગતઃ વિચાર કરવા લાગ્યો " શું આર્યબાળાઓ ઉચ્ચ શિક્ષણ પામી આવા વિચારો ધરાવતી હશે ! શુ કુલીન કુળવધુઓ આવાં નીચ કૃત્ય કરતી હશે ! અફસોસ ! સદહજારવાર અફસોસ ! ક્યાં ભારતવર્ષની સતીઓ સીતા, તારા, અનુસુયા, નર્મદા અને ક્યાં હાલના જમાનાની કામિનીઓ. ક્યાં ગત સમયની શિયળ અર્થે સ્વજાતીનો ભોગ આપનાર ભામિનીઓ અને ક્યાં હાલના જમાનાની પરપુરૂષને લોભાવનાર સુંદરીઓ. અરે હીંદ ! દુરભાગી હીંદ ! ત્હારી આ દશા. જે માતાઓ ભીમ, અર્જુન, પૃથ્વિરાજ, પ્રતાપ અને દુર્ગાદાસ જેવા શુર તેમજ ભક્ત પુરૂષોને જન્મ આપતી તેને બદલે હાલ માતાઓ વીર્યહીન, બળહીન, બુદ્ધિહીનને જન્મ આપે છે. શીવ શીવ શીવ ! ત્હારી ગતી અકળ છે. મ્હારે ગમે તેમ વનિતાને સુધારવી એ મ્હારો ધર્મ સમજીશ. ઇશ્વર મને સદ્‌બુદ્ધિ આપો.

પ્રકરણ ૩ જું.

સરસ્વતીનો અવશાનકાળ.

ઉન્હાળાના ઉકળતા તાપને શીતળ કરવા કેટલાક લોકો માથેરાન, મહાબળેશ્વર, માઉન્ટ આબુ, સીમલા વગેરે સ્થળોએ હવા ખાવા જાય છે. કેટલાકો સાંઝ સમયે બેન્ડ સ્ટેન્ડ, ચોપાટી, વરળી, મહાલક્ષ્મી આદી રમણીય સ્થળોએ ગાડીમાં બેસી જાય છે. આ પ્રમાણે જે જે ગામોમાં જ્યાં હરવા ફરવા લાયક સ્થાનો હોય

ત્યાં દ્રવ્યવાન પુરૂષો પોતાની મોટરગાડી વગેરે વાહનોમાં યા પગે ચાલી સાંજની ખુલ્લી હવા લેવા જાય છે. એક દિવસે સાંજને સમયે શેઠ જશરાજ પણ પોતાની ગાડી જોડાવી સ્હેજ ફરવા અર્થે ગામ બ્હાર નીકળ્યા. જતાં જતાં લાલતળાવ જોવા નીમીત્તે ગાડી હંકાવી લાલતળાવ ગામ બહાર હોઇ તરેહ તરેહના વૃક્ષોની ઘટામાં ઢંકાયલું દીસે છે. શેઠની ગાડી લાલતળાવ નજદીક આવતાં કેટલીક ગાયો શીમમાંથી ગામ તરફ પાછી વળતી હતી તેવામાં ગાયોના ટોળામાંના બે ગોધાઓ મસ્તી કરતા કરતા જશરાજની ગાડી તરફ ધસ્યા. દોડતાં સ્હામે આવતી ગાડીના ઘોડાને એક ગોધાએ ટક્કર મારી. ઘોડો ચમક્યો. ચારેપગે ઉછળવા લાગ્યો. કોચમેને ઘોડાને કાબુમાં રાખવા પોતાથી બનતી મહેનત કરી પણ વ્યર્થ–ઘોડો દોડતાં ઠોકરાયો. આચકો લાગતાં કોચમેન નીચે ઉથલી પડયો–ઘોડાને અટકાવવા કેટલાક રાહદારીઓ દોડયા પણ અશ્વ તેજી હોવાથી જોસથી ગાડી સાથ પાછો નાઠો. નાસતાં એક બંગલાના ખુણા સાથે ગાડી જોસથી અફલાઇ. ગાડી ભાંગી પડી. અંદર બેસનાર બહાર ઉથલી પડયો. ગાડી ભાંગ્યાના અવાજથી બંગલાનો માલીક રણજીત નીચે આવી જુએ છે તો કારભારી સાહેબ ચત્તાપાટ બેશુદ્ધ પડેલા હતા. ઘોડો દોડતો જોયો. દોડી ઘોડાને લગામથી પકડી ઉભો રાખી થાબડી શાન્ત કરી નોકર સાથે પોતાના બંગલાના કમ્પાઉન્ડમાં મોકલી દીધો. જશરાજ શેઠ તરફ જોઇ કહ્યું. શીવ શીવ શીવ કાંઇપણ પ્રાણઘાતક અકસ્માત તો નથી બન્યો ! પાસે આવી તપાસતાં બોલ્યો “ના ના તેવું તો કાંઇ નથી ફક્ત બેશુદ્ધિ જ છે. થોડા ઉપચારમાં હમણાં સાવધ થશે.” તરતજ બંગલામાંથી ગુલાબજળ મંગાવી જશરાજના મુખપર છાંટયું. આથી જશરાજ થોડી વારે સાવધાન થયો ને ઉપકારની લાગણીથી બોલ્યો “ભાઇ તમે ન હતે તો મ્હારી શી ગતી થતે. ઉપકાર કરી આપનું નામ નીવેદન કરો.”

રણુજીત—સાહેબ દુનિયા મને રણુજીતના નામે બોલાવે છે પણ પ્રથમ આપ કૃપા કરી મ્હારા બંગલામાં પધારી મને આભારી કરો. પછી જશરાજનો હાથ પોતાની ગરદનપર લઇ તેને કમરમાંથી પકડી પોતાના બંગલામાં લઇ ગયો. જશરાજને વૃદ્ધપણાથી સેહેજ અશક્તી જણાતી હતી; પોતાના પલંગપર સુવાડી દૂધ મંગાવી પાયું-બાદ થોડી વાર રહી જશરાજ શાંતીમાં આવ્યો.

જશરાજ—રણુજીત આપના નામથી હું જાણીતો થયો પરતુ આપના ધંધારોજગાર વિષે થોડી ઘણી માહીતી આપો.

રણુજીત—મુરબ્બી હાલ હું બી. એ. ની પરીક્ષામાંથી પાસ થઇ સંસારિક અનુભવનો અભ્યાસી છું.

જશરાજ—સંસારમાં તમે કયા વ્યાપાર સબંધી અનુભવ મેળવવા માંગો છો ?

રણુજીત—નાજી, વ્યાપારમાં અનેક કાવાદાવા કરવા મને રૂચિકરતા નથી.

જશરાજ—ત્યારે પરણવા સંબંધે અનુભવ મેળવવા માંગો છો ?

રણુજીત—ના સાહેબ, સ્ત્રીજાતીપર મને જન્મથીજ ધિક્કાર છે.

જશરાજ—ત્યારે દરબારી નોકરી સંબંધી અનુભવ મેળવવા માંગો છો ?

રણુજીત—વડીલ, હજારો ગરીબોને ગરદન મારી તેમને પૈસે પૈસાદાર થવા કરતાં મરવું વધારે પસંદ કરૂં છું.

જશરાજ—ત્યારે તો તમે કાંઇ વિચીત્ર અનુભવ મેળવવા માંગતા હો એમ દીસે છે.

રણુજીત—આપ તે ગમે તે કહો પરંતુ હું સંસારમાં રહી મા-

નસીક અનુભવ મેળવવા માગું છું તેથી હાલ તદ્દન એલાયદી જીંદગી ગુજારૂં છું.

જશરાજ રણજીતની વાતો સાંભળી બહુજ ખુશી થયો; તે પોતાના મનમાં વીચાર કરવા લાગ્યો કે આ યુવક ખરેખર વિદ્વાન હોઇ ગંભીર છે માટે મ્હારે એની સાથે ઉચ્ચ મિત્રતા રાખવી અને ચીમનને પણ ઓળખાણ કરાવવી કે જેથી તે સુધરે.

જશરાજ—ભાઈ રણજીત આપનો ઘણો ઉપકાર થયો. આપે આટલી નાની વયમાં બી. એ. ની ડીગ્રી મેળવી છતાં આપનામાં બીલકુલ અભીમાન નથી તેથી ખરે આપને ધન્યવાદ ઘટે છે. હવે મ્હને ઘણો સમય થયો છે તેથી રજા લઇશ. આપના નોકરને કહો કે કાંઇ વાહન ભાડે લઇ આવે.

રણજીત—શેઠજી, આપના ઉચ્ચ મત માટે હું આપનો ઘણો ઉપકાર માનું છું અને વાહન ભાડે મંગાવવાની કશી જરૂર નથી. મ્હારા દરેક વાહનો આપનાં જ છે એમ કહી તરતજ લેંડો ગાડી જોડાવી મંગાવી.

જશરાજ બેસતાં બેસતાં બોલ્યો—રણજીતભાઇ એક વખત આપ મ્હારે ઘેર જરૂર પધારી હમને આભારી કરશો. આપની ટુંક મુલાકાતમાં મ્હને ઘણો આનંદ થયો છે અને આપ જેવા વિદ્વાનો સાથે પ્રસંગ થતાં હમને દુનિયામાં ઘણું શીખવાનું મળશે.

રણજીત બોલ્યો—અવસ્ય આપને ત્યાં આવવામાં હું પોતાને મગરૂર સમજીશ તથા વખત મળે જરૂર આવીશ.

આટલી વાતચીત થતાં બન્ને છુટા પડયા અને પોતપોતાને સ્થાને ગયા. પછી રણજીત મનમાં વીચારવા લાગ્યો કે આજના પ્રસંગથી હું જરૂર જશરાજના ઘરમાં માનીતો થઇશ જેથી ભવિષ્યમાં

વનિતાસુંદરીને સુધારવા સારો વખત મળશે. આ બનાવને કેટલોક વખત થઇ ગયો. એક દિવસે એકાએક સરસ્વતીને ઝાડાઉલ્ટીનું દર્દ લાગુ પડસું. ઘણાએ ઉપાયો કર્યા, કાબેલ હકીમો તથા વૈદોને બોલાવ્યા પણ વ્યર્થ. બીચારી સરસ્વતી સમજી ગઇ કે આ મ્હારી છેલ્લી બીમારી છે જેથી એક સમયે સ્હેજ આંસુ લાવતાં બોલી કે "નાથ મ્હારો આત્મા હવે વધારે ટકે એમ નથી. બીજી બૈરી કરવી તે તમારા હાથમાં છે. પુત્ર હજી બીલકુલ સમજણ વગરનો છે અને પુત્રવધુ જો કે સમજણવાળી છે તો પણ જુવાનીના તોરમાં ઉછાંછળી છે માટે ઘરની આબરૂ ધુળ ન થઇ જાય તે જો જો. વ્હાલા, તમે સમજુ છો માટે હરેક પ્રકારે સભાળ રાખજો "—આટલું બોલી સરસ્વતીથી રડી દેવાયું.

જશરાજ—સરસ્વતી તું સમજુ છે. આમ છોકરવાદી શું કરે છે. હીમત રાખ. થોડા સમયમાં શાન્તી થશે.

સરસ્વતી—નાથ ખરૂં છે પણ માહરૂં મન કહે છે કે હું ટકવાની નથી. દુનીયાંમાં દરેક પ્રકારનું સુખ મ્હેં તમારા તરફથી મેળવ્યુ છે. મ્હારો નીકળતો બોલ તમે પાંળ્યો છે. તમારા પ્રતાપથી હું ચાર જનોમાં પુજાતી હતી. હવે મને દુનીયામાં કોઇ પ્રકારની આશા રહી નથી પણ ફક્ત આપણા પુત્રનીજ ચીન્તા થાય છે.

જશરાજ—પુત્ર વયે સુધરશે, અને સહુ સહુનું કૃત્ય જેમ ચાલે છે તેમ ચાલશે. ઇશ્વરપર આસ્થા રાખો.

જશરાજને દરબારમાં જવાનો સમય થવાથી સરસ્વતીને ઉપલું સમજાવી દરબાર તરફ રવાના થયો. ત્યારબાદ સરસ્વતીએ ચીમન તથા ત્હેની વહુને બોલાવીને કહ્યું "દીકરા ચીમન જો મ્હારી સ્થીતી

ભય ભરેલી છે. હું આજ છું ને કાલે નથી, માટે દરેક પ્રકારે સમજીને ચાલવું તે ત્હારૂં કર્તવ્ય છે. ત્હારા બાપને હરેક કામમાં મદદ આપતો રહેજે અને વિચારવાળો થજે." વહુ તરફ ફરી તેને કહ્યું "તું સમજુ છે, માટે મ્હારા ગયા બાદ સસરાને ઘરમાં કોઇ વાતે ન્યુનતા પડે નહિ તેમ કરજે. ચીમન હજુ બાળક છે, ઘરનું બધું ત્હારે માથે પડશે માટે વિચારીને ચાલજે, ત્હારી પોતાની મનોવૃત્તીને કાબુમાં રાખજે. આ સંસાર અસાર છે માટે પ્રભુ પ્રત્યે ભક્તિ રાખજે અને સત્પુરૂષોનો સમાગમ કરજે. બસ હવે ભલે જાઓ." થોડીવાર બાદ પાછો સરસ્વતીએ ચીમનને બોલાવ્યો અને કહ્યું "દીકરા ચીમન ત્હારા બાપને જલદીથી બોલાવી લાવ. મ્હારો જીવ મુંઝાય છે." ચીમન જલદીથી પીતાને તેડી લાવવા દોડયો. જશરાજ ગભરાતો ગભરાતો આવ્યો ને જોયુ તો સરસ્વતીની ઘડી ગણાતી હતી. વૈદ્યરાજને બોલાવી મંગાવ્યા. નાડ તપાસી બોલ્યો "જશરાજ શેઠ હવે આશા નથી. છેવટનું પુન્યદાન જે કરાવવું હોય તે કરાવી દો." સરસ્વતીએ લથડતી જીભે કહ્યું "મ્હારા નાથ કાશીક્ષેત્રમાં મ્હારા નામે રૂા. પંદર હજાર ખરચજો, અનાથ બાળકો માટે બાળાશ્રમ અત્રે બાંધી ત્હેનો નીભાવ કરજો, તથા અનાથ વિધવાઓને વસ્ત્રદાન પુરૂં પાડજો. ત્હમે ઘણું કમાયા, ઘણું ભોગવ્યુ પણ પરભવનું ભાતું આ છે. પ્રણામ, હું જાઉં છું, આ દુનિયાના તમને છેલ્લા પ્રણામ. વહુ, દીકરા, કહેલી સલાહ ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તજો અને તમારા મુરબ્બીઓને પગલે ચાલજો. ચીમન અહીં આવ, ત્હારી માતાનું આ છેલ્લું ચુંબન લે." ચુંબન આપ્યું કે ત્હેનો પવિત્ર આત્મા આ અસાર સંસાર છોડી ચાલ્યો ગયો. નિર્જીવ ખોળીયું ત્યાં જ પડયું રહ્યું. પાંજરામાંથી પક્ષી ઉડી ગયું. કરેલ પાપ પુન્યનો જવાબ આ-

પવા કીરતાર પાસે હાજર થઇ. જશરાજ સમજુ હતો તે સંબંધી-ઓને વધારે શોક રડારોળ કરવા દીધી નહીં. દહાડો પાણી કરી સગાઓનો શોક મુકાવ્યો. રણજીતે પોતાથી બનતો દીલાસો જશરાજને આપ્યો. જશરાજે સરસ્વતીનો છેલ્લી ઘડીનો દરેક બોલ પાળ્યો. શ્રી મનહરપુરીમાં એક સુશોભીત બાળાશ્રમ બંધાવી આપ્યો તેમ વિધવા આશ્રમમાં જે જે ચીજોની ખામી હતી તે પુરી પાડી. કાશીક્ષેત્રમાં ખરચવાની રકમ સારૂ વિચાર કરવા લાગ્યો કે પુત્ર તથા તેની વહુ બીલકુલ નાદાન છે. જો કોઇ પણ રીતે ઘરનો બંદોબસ્ત કરી જાઉં તો મ્હારાથી જાતે જઇ કાશીક્ષેત્રમાં ખર્ચ કરી શકાય. જો રણજીતને ભલામણ કરી અહીં મુકી જાઉં તો કશી વાતે અડચણ આવે એમ નથી અને નીરાંતે હું મ્હારૂં કર્મ બજાવી શકીશ. રણજીત દરેક પ્રકારે લાયક છે અને એની સંગતથી પુત્ર પણ સુધરશે. આ પ્રમાણે વિચાર કરી એકાંતમાં રણજીતને બોલાવી મગાવ્યો અને કહ્યું "ભાઇ રણજીત, એક ઘણી ખાનગી વાત તમારી સાથે મ્હારે કરવી છે. હું આશા રાખું છું કે તમે મને જોઇતી મદદ કરશો જ."

રણજીત—મુરબ્બી, તમે બીન હરકતે કહો. માહારા જીવમાં જીવ છે ત્યાંસુધી તમારૂં બતાવેલું કામ હું કરીશ અને કદાચ પાછી પાની કરૂં તો મ્હારા નામને ધીક્કાર છે. ઘણી ખુશીથી આપના ઘરનો માણસ સમજી બેલાશક ફરમાવો.

જશરાજ—જુઓ ભાઈ, મ્હારે શ્રી કાશીક્ષેત્રમાં સરસ્વતીને છેલ્લી ઘડીયે આપેલ બોલ પાળવા એટલે પંદર હજાર રૂપીઆ દાન માટે ખરચવા જવું છે તેમાં મ્હારૂં પોતાનું પણ કલ્યાણ સમાયલું છે. પછવાડે ઘરનાં માણસો નાદાન છે તેમની સુંપરત તમને કરી જાઉં છું. માહરો પુત્ર ચીમન નાદાન છે એને સદ્બુદ્ધિની પ્રેરણા કરવી

તમારા હાથમાં છે. હું આશા રાખું છું કે તમે માહરી આટલી વિનંતી ધ્યાનમાં લઇ મ્હારી ગેરહાજરી દરમ્યાન મ્હારી ખોટ મ્હારા ઘરમાં લઇ મ્હારાં વાહલાં બાળકોને પુરી પાડશો. રણજીતસીંહ વિચાર કરી બોલ્યો સાહેબ, તમારૂં કહેવું સ્તુત્ય છે પણ આપ જાણો છો કે મ્હારા ઘરમાં નાહનું મોહોટું કોઇ ન હોવાથી મ્હારૂં ઘર સંભાળવું મને મુશીબત થઇ પડશે.

જશરાજ—હું તમને મ્હારા પોતીકા સમજી કહું છું કે ગમે તેમ ગોઠવણ કરી તમારે મ્હારે ઘેર જ રહેવું પડશે.

રણજીત—હું આપની આજ્ઞા માથે ચઢાવું છું. પરતુ આપ જેમ બને તેમ સત્વર પાછા પધારજો.,

જશરાજ—ખચીત જ હવે હું કાલે નીરાંતે કાશી તરફ પ્રયાણ કરીશ.

રણજીત ત્યારબાદ રજા માંગી ઘર તરપ જવા નીકળ્યો. વાંચનાર ! રણજીત મનમાં ખુશ થયો કે હવે મને વનિતાને સદ્બોધ આપવાને સારો સમય મળશે. જશરાજ પણ રાજી થયો કે રણજીત જેવો પ્રમાણીક માણસ પોતાની ગેરહાજરીમાં ઘરનો કારભાર સારી રીતે ચલાવશે. જ્યારે ચીમનલાલ મનમાં આનંદ પામ્યો કે હવે મનમાનતી રીતે કોઈ વડીલ ઘેર રહ્યું નહીં એટલે મઝા પડશે–બીજી બાજુ વનિતાના મનપર પણ અલૌકીક અસર થઇ. રણજીતના ગૌર મુખાર્વિંદ તથા ત્હેની મ્હોટી આંખ ઉપર ફરતી વાળની ગુચ્છાવાળી ભ્રમરે તેને વ્યાકુળ બનાવી દીધી. હવે મ્હારા મનની ઉમેદો પાર પડશે. ઘરમાં સાસુ નથી. સસરાજી બહાર જશે પછી તો મ્હારે મનમાનતી મોજ મેળવવામાં કોઇ રીતે હરકત આવે તેમ નથી. એવી રીતે તરેહવાર મનના તરંગો ચલાવ્યાં કીધા. જશરાજે પોતાના ખપ માટે સર્વે ચીજો

બીછાનું, ભાતું તથા વાટખરચી તૈયાર કરી રખાવ્યાં. રાત્રે પોતાના પુત્ર તેમ જ પુત્રવધુને બે હિતના શબ્દો કહ્યા બાદ રણજીત પણ પોતાના ઘર સંબંધી સારી વ્યવસ્થા કરી અહીં રહેવા સારૂ આવ્યો. રાત્રી હોવાથી સર્વે જણ પોતપોતાના સુવાના ઓરડામાં ગયા. જશરાજ સહવારની છની ગાડીમાં કુટુમ્બીઓ તેમ રણજીતને મળી ભેટી આંખમાં અશ્રુ સહીત જતાં જતાં "ઘરની સર્વે કાળજી તમારે શીર છે" એટલું રણજીત પ્રત્યે બોલતો પોતાના પંથે પડયો.

પ્રકરણ ૪ થું.

સદ્બોધ.

સહવાર થતાંજ વનિતા સુંદરી હર્ષભર ઉઠી રણજીત તથા ચીમન સારૂ દાતણ પાણી, ચાહા, નાહવા વગેરેનો બંદોબસ્ત કરી પોતે પણ નાહી ધોઇ સ્વચ્છ થઇ સીફોનનું છાયલ તથા કીમતી શીલાકનું પોલકું પહેરી માથાના વાળ ઠીક કરી કપાળે કંકુનો ચાંલ્લો કરી, આરીસામાં મુખ જોઇ બબડી "વાહ ! ખીલતી ગુલાબની કળીને તો ભ્રમરજ સુંઘી શકે, હીરાની પરીક્ષા ઝવેરીજ કરી શકે તેમ દુનિયામાં રહી શૃંગાર વિષય તો તેને જાણનાર જ જાણી શકે. ખરેખર, હું ભાગ્યશાળી તો ખરી કે તે વગર આવી તક, આવો લાભ અને આવો સમય મળ્યો ! તેમ જ રણજીત જેવો ચાલાક સોબતી પણ મળ્યો." લગભગ સાત વાગે રણજીત ઉઠયો, તપાસ કરતાં ચીમન હજી પથારીમાં પડયા પડયા ઉંઘમાં બબડતા હતા. ત્યાં જઇ

રણજીતે ચીમનને ઉઠાડવા સારૂ ત્હેની ઓરડીમાં દાખલ થયો, તેને ઢંઢોળ્યો, પરંતુ ભાઇ તો કુંભકર્ણની નીંદ્રામાં પડયા હતા તે ઉઠેજ શાના. "સાલું, રાતના માંડ માંડ ઉંઘ આવી ને અત્યારમાં શાને કનડે છે તને કાંઇ કામ છે કે નથી." આ પ્રમાણે ચીમન ગુસ્સે થઇ બોલ્યો. આથી રણજીત બોલ્યો "ભાઇ ચીમન એ તો હું છું, ઉઠો, દીવસ ઘણો ચઢયો છે." ચીમને જવાબ આપ્યો "એ હું હોય કે તું હોય પણ હું હમણા ઉઠનાર નથી." બીચારો રણજીત છેવટે બહાર આવી મનમાં વિચાર કરવા લાગ્યો જે આ ચીમન તદ્દન બાળક બુદ્ધિનો છે; પણ ગમે તે પ્રયત્ન કરી મ્હારે એને સુધારવો જોઇએ અને ભવિષ્યમાં વનિતાનો સંસાર સુખી કરવો. અનેક પ્રકારના તર્ક વિતર્ક કરતો બ્હાર ટેબલપર આવેલ માસિક વાંચતો બેઠો હતો ત્યાં વનિતા હાથમાં ચાહનો પ્યાલો લઇ આવી હસતી હસતી બોલી "રણજીતસીંહ ચાહ લ્યો, મે તમારે માટે તો જાતે બનાવી છે" એમ બોલી એક કટાક્ષ રણજીત તરફ ફેંકયું. રણજીતે તે પર લક્ષ આપ્યું નહિ તે તો પોતાના વાંચવામાંજ મશગુલ રહ્યો. "સુંદરી, તમારા પતી હજી ઉઠયા નથી, માટે હાલ નહિ. તે અને હું સાથે ચાહ પીશું. તેમ મેં હજી દાતણ પાણી કર્યું નથી." વનિતા હાવભાવ દર્શાવતાં બોલી "એ તો બહુ મોડા ઉઠશે, તમને મોડું થશે, હમણાં પીવામાં શું વાંધો છે!"

રણજીત—તે કેમ બને, સાથે પીવામાં એક બીજાની શોભા રહેલી છે, માટે તે આવે ત્યાં સુધી ધીરજ પકડો.

એટલામાં મી. ચીમન આંખો ચોળતા નીચે આવ્યા અને પાધરા ખુરશી ઉપર ગોઠવાયા. "એ સાંભળે છે, ચલાવ, ચાહા લાવ" આ જોઇ રણજીત તો દીંગજ બની ગયો. મનમાં વિચાર કરે છે કે

બાઇ ઉઠલાં પહેલાં જ દાતણુ કર્યા સિવાય ચાહા માંગે છે. શું મોટા-ઓના છોકરાઓ આમ જ કરતા હશે ? ચીમન પ્રત્યે તે બોલ્યો "મી. ચીમન તમે દાતણુ પાણી કર્યાં !" ચીમન તોરમાં જવાબ આપ્યો 'ફર્સ્ટ આઈ વોન્ટ ટી' અને પછી દાતણુ કરીશ. 'ધેટસ માઇ હેબીટ.' બીચારો રણુજીત તો મનમાં જ બબડયો કે આ બાઇ સુધરે એમ લાગતું નથી. હું એની સાથે પ્રસંગ શોધું છું ત્યારે આ બળતા જ જવાબ આપે છે. ઠીક, એની સાથે રમત ગમતની વાતો કરવી, ધીરે ધીરે હાથ પર લેવો તેથી કાંઇક સૂચના આપી શકાશે. એટલામાં અંદરથી ચાહા આવી તે બંન્નેએ સાથે પીધી. પીતાં પીતાં રણુજીત બોલ્યો "મી. ચીમન અત્રે છત્રેનું પ્રખ્યાત સરકસ આવ્યું છે તે આજ સાંઝે જોવા જઇશું ?" "ઓહ યસ" હું આવી બાબતોનો ઘણો શોખીન છું માટે ટીકીટ જરૂર લાવજો આપણે સાથે જઇશું." રણુજીતે વિચાર્યું કે યુક્તિ ઠીક છે. થોડા દિવસ એને પસંદ વિષયો જોવા કે સરકસ, નાટકો, વગેરેમાં ફેરવીશ અને સાથે સાથે કાંઇ કાંઇ બોધ પણ આપતો રહીશ. પછી ચીમન પ્રત્યે બોલ્યો "ભલે, હું ચાહા પીધા બાદ નાહી ધોઇ એ ટીકીટો અવશ્ય ફર્સ્ટ કલાસની રીઝવર્ડ કરાવી આવીશ." ઓલ રાઇટ કહી ચીમને જવાબ આપ્યો. પછી ચાહ લીધા બાદ નાહી ધોઇ બંન્ને મિત્રોએ સાથે જ સરકસ તરફનો રસ્તો લીધો. અહીંઆ વનિતા સુંદરી એકાંતમાં વિચાર કરવા લાગી કે હવે ક્યારે લાગ આવે ને માહરા મનની ઉમેદ પાર પાડું. એમ અનેક તરેહના તર્ક વિતર્ક કરતી ભટ સાથે રસોઇ વિષે ખટપટ કરતી બેઠી. આજે વનિતા સુંદરી પાસ ઘરનો ચાર્જ આવ્યો જેથી નોકર વર્ગ ઉપર હકુમત ચલાવવામાં કશી પણ ક્યાસ રાખી નહિ. થોડી વારમાં રસોઇ તૈયાર થઇ એટલામાં રણુજીત તથા ચીમન

સરકસની ટીકીટો લઇને આવી પહોંચ્યા. જમવાનું તૈયાર હોવાથી બન્ને જણ ભોજન કરવા બેઠા. પીરસવાનું કામ વનિતા સુંદરીએ પોતે માથે લીધું. આ સઘળું રણજીત સારૂ હતું, નહીં તો વનિતા સુંદરીએ પરણ્યા પછી પીરસવાનું શું ને કેમ તે જાણ્યું જ નહતું. જમતાં જમતાં રણજીત બોલ્યો "ભાઇ ચીમન તમે દરરોજ દાતણ કરતા નથી એ સારૂં નહીં, તેનાથી શરીરની તંદુરસ્તીને ઘણું નુકશાન થાય છે. જુઓ, આગલી રાતનું વાસી મ્હોં ઝેરી બની જાય છે જે દાતણ ન કરવાથી સઘળું ઝેર પેટમાં જાય છે તે હાનીકર્તા છે. સ-હવારના પહોરમાં પહેલી થુંક જમીનપર નાંખી જોશો તો તે પર કે-ટલાક જંતુ માલમ પડશે ને તરત જ મરણ પામે છે, કારણ કે થું-કમાં કાતીલ ઝેર સમાયલું હોય છે. વળી દાતણ ન કરવાથી સજ્જન મંડળીમાં વાત કરતાં મોઢું વાસ મારે છે કારણ કે અનાજ દાંતોના ખાડામાં પડી રહેવાથી સડે છે અને વાસ મારે છે માટે હવેથી મ્હારી શી-ખામણ યાદ રાખી જરૂર દાતણ કરશો." ચીમન બોલ્યો "રણ-જીત મ્હને એટલા દિવસ કાંઇ વીશેષ જ્ઞાન ન હોવાથી હું દાતણ કરતો નહીં હતો. હવેથી હું નક્કી દાતણ કરીશ. ભાઇ તમારી આટલી સમજ શક્તિ તથા ચપળ બુદ્ધિ માટે હું ઘણો રાજી થયો છું." રણજીતે કહ્યું "તમયે જમ્યા બાદ દરરોજ નિયમીત રીતે વર્તવા સારૂ ટાઇમ ટેબલ લખી આપીશ. જો તમે તેના વિષે લક્ષ રાખી વર્તશો તો જરૂર તમને સારો લાભ થશે." બાદ બીજી પણ કેટલીક સૂચનાઓ આપી. જમણ પુરૂં થયેલું હોવાથી ત્યાંથી ઉઠી બહાર ટેબલપરથી પાનબીડાં લઇ ઉપર માળે ગયા. અહીં વનિ-તાને પણ હંમેશ કરતાં વધુ ભૂખ લાગેલી હતી કારણ તેનો માનીતો તેની આંખ આગળ ફરતો હતો. જમ્યા બાદ તેણીએ એક નોવેલ

લઇ જ્યાં તેઓ બેઠા હતા તેની બાજુના ખંડમાં બેઠી. રણજીત બોલ્યો "ચીમન તમને મેં કહેલું ટાઇમ ટેબલ હું ઉતારી આપું માટે એક કાગળ પેનસીલ આપો"–તેના માંગ્યા મુજબ ચીમને કાગળ પેનસીલ લાવી આપ્યાં.

ટાઇમ ટેબલ.

ટાઇમ	સહવારે	૫ થી ૭	ઉઠવું, કસરત કરવી, પ્રભુભક્તિ કરવી, દાતણ કરી ન્હાવું.
,,	,,	૭ થી ૯	ચાહા યા દુધ પીવું તથા નોકર વર્ગપર ધ્યાન આપવું.
,,	,,	૯ થી ૧૦	વાંચન.
,,	,,	૧૦ થી ૧૧	જમવું.
,,	,,	૧૧ થી સાંજે ૫	ધંધા નિમીત્તે જવું.
,,	,, સાંજે	૫ થી ૭	ફરવા જવું
,,	,, રાત્રે	૭ થી ૯	જમવું તથા થાક ખાવો.
,,	,,	૯ થી ૫ સહવારે	નિંદ્રા લેવી.

આ પ્રમાણે તમે થોડા દિવસ ટેવ પાડશો તો જરૂર તમને સારો લાભ થશે તથા તમારૂં મન, બળ, તેમ વિચાર શક્તિ પણ ખુલશે. "ત્યારે હું હવેથી દરરોજ તમારા લખી આપેલા ટાઇમ ટેબલની માફક વર્તીશ, અને તમે કહેશો તેમ કરીશ" ચીમન બોલ્યો.

રણજીત—"ત્યારે અત્યારે બપોર થયા છે માટે આપણે નીંદ્રા લઇએ કારણ રાત્રિના આપણને ઉજાગરો થશે. બાદ બંન્નેજણ નિશ્ચીતપણે આરામ ગૃહમાં ગયા. બપોરે ચારના ટકોરા થતાંજ રણજીત ચમકી ઉઠયો અને ચીમનને પણ ઉઠાડયો. વાતચિતમાં એક કલાક નીકળી ગયો. "રણજીત—મી. ચીમન ત્યારે ચાલો

આપણે બહાર ફરવા જઇએ. લાલ તળાવ પર જઇશું ? ત્યાંથી આવી વાળુ કરી સરકસ જોવા જઇશું." "વારૂ જેવી આપની ઇચ્છા" એમ કહી ચીમને ડૉકયાર્ટ ગાડી જોડાવી મંગાવી. બન્ને મીત્રો અંદર બેઠા ને લાલ તળાવ તરફ ગાડી હંકાવી. ફરવામાં તેમ જ વાર્તાલાપમાં દોઢ બે કલાક નીકળી ગયા. સાતેકના સુમારે ઘેર આવી વાળુ કરી પુનઃ ગાડીમાં બેઠા. લગભગ સાડા આઠના સુમારે છત્રેના સરકસમાં દાખલ થયા. સરકસનો દેખાવ તેમ જ જીવને હેરત પમાડે એવી જોખમ ભરી કસરતો જોઇ ચીમન ઘણો ખુશ થયો. "મી. રણજીત આ લોકો તો હદ કરે છે. એ લોકો સીંહ, વાઘ, હાથી તથા બીજા એવા વિકાળ જનાવરો સાથે ખુલ્લી રીતે લડવા બહાર પડે છે." "અલબત જોખમ તો ખરૂં પણ એમાં મનોશક્તિ તથા અંગ કસરત સમાયલી છે" રણજીતે જવાબ વાળ્યો. રાત્રીના એકના સુમારે સરકસ ખલાસ થતાં બહાર નીકળ્યા. ઘેર આવતાં લગભગ બે વાગ્યા હતા જેથી બન્ને જણ ઉંઘ લેવા શયનગ્રહમાં ગયા. વનિતા સુંદરીને ઉંઘ આવે જ શાની. આખી રાત અનેક વિચારો કરતી આળોટતી પડી હતી, કયારે લાગ મળશે, આ બંન્ને કયારે છુટા પડશે, આખો દીવસ સાથેને સાથે ફર ફર કરે છે, છુટા પડે તો જ મ્હારૂં કામ સિદ્ધ થાય, આવી રીતે જેમ તેમ કરી રાત્રી પસાર કરી. સહવારમાં નાહી, સ્વચ્છ થઇ, રસોડામાંથી ખંડમાં ને ખંડમાંથી રસોડામાં આંટા મારવા લાગી. રાત્રિના ઉજાગરાથી આઠ વાગે ચીમન તેમ રણજીત ઉઠયા. તેઓ સારૂ દાતણ પાણી લાવી આપ્યાં. તે બાદ ચીમન પાધરો જમવા બેઠો કારણ તેને ફરી રતિકાન્ત યાદ આવ્યો. જલદી જલદી જમી તેને મળવા ગયો. જતાં બોલ્યો "ભાઇ રણજીત હું સાંજના આવીશ મ્હારે કામ છે." રણજીત—

ભલે જાઓ પણ જલદી પાછા આવજો કારણ આપણે ફરી સાંજના સાથે ફરવા જવું છે.”

આ સાંભળી વનિતા તો મનમાં બહુજ રાજી થઇ. રણજીત એકલો પડયો એટલે એક ચોપાનીઉ લઇ વાંચવા બેઠો. વનિતાએ પણ આજે લાગ ઠીક છે એમ સમજી રસોઇઆપર તાકીદ કીધી, રસોઇ તૈયાર કરાવી, જમવાનું તૈયાર છે ચાલો એમ રણજીત પ્રત્યે વનિતાએ જઇ કહ્યું. રણજીત સભ્યતાથી ભોજન લેવા બેઠો. ત્યાં વનિતા પવન નાંખવા નીમીતે વાતોમાં ગુંથાઇ. “સુંદરી, તમે શામાટે તસ્દી લો છો” નમ્રતાથી રણજીતે કહ્યું.

“ના આપણે એકજ છીએ એટલે તસ્દી શાની” વનિતાએ કહ્યું.

જમી લીધા બાદ પોતાના નાજુક હાથથી પાનની બીડી મીઠા મેહેમાન સારૂ બનાવવા લાગી. મનમાં સમજવા લાગી કે આજે બરાબર લાગ છે માટે બરદાસ કરી એને ફસાવું. રણજીત જમી રહ્યો કે પાનની બીડી આપી પોતે જમવા બેઠી ત્યાં પણ ચટપટીઆ જીવને જંપ વળ્યો નહિ જેમ તેમ આરોગી રસોઇઆને તાકીદથી કામકાજ જલદી કરાવી તેને બહાર જવાની રજા આપી. રસીકચંદ્ર નામની ચોપડી હાથમાં લઇ ઉપર જ્યાં રણજીત બેઠો હતો ત્યાં ગઇ. જશરાજનુ યાત્રા કરવા જવું તે વનિતાને મન પ્રમાણે વર્તવાની તક મળી ગઈ એમ સમજી પણ માણસ શું ધારે છે ને ઇશ્વર શું કરે છે. વગર મેહેનતે જોઇતો લાગ મળી ગયો. પાર ઉતરવું પ્રભુને હાથ છે. રણજીતનો પ્રેમ ભક્તિનો કોલ ટકવી રાખીને તેની ઇચ્છાથી પોતે નવો સંસાર જોડતી હોય એ રીતે વિચારો કરવા લાગી. રણજીતનો સહવાસ તેને પ્રેમરૂપ થઇ પડયો હોય એમ તેને જણાયું. “શું વાંચન ચાલે છે” કહી વનિતાએ વાતની શરૂઆત કરી “હું એક શામીક

વાંચું છું ” રણજીતે જવાબ વાળ્યો. વનિતાએ પુષ્પનો તોરો રણજીતના હાથમાં આપ્યો “ આ તોરો આપી શું કરશો ” રણજીતે શંકા બતાવી. વનિતા બોલી “ જે કરવું તે પ્રભુને હાથ છે. આપ પધારો પલંગ પાસ. ”

રણજીત—સુંદરી તમારી હીમતને ધન્ય છે પણ કોઇએ દીઠું તો ?

વનિતા—આંધળાનો બેલી ભગવાન છે. લ્યો પાનની બીડી.

રણજીત—પણ મને ડર લાગે છે.

વનિતા—એ જ તમારી કચ્ચાઇ.

રણજીત—પરાયા ઘરમાં ચોરી શીરીતે કરાય !

વનિતા—ઘરધણી પોતે ચોરી કરવામાં મદદ કરતા હોય તો બીક શાની.

રણજીત—એજ જગતની વિચિત્રતા ! પકડાયા તો ફજેત થવાનું.

વનિતા—શું તમને હું પ્રિય નથી ?

રણજીત—દીલની પસદગી મેળવવા જતાં આબરૂ ખોઇ બેસાય તો !

વનિતા—તમે આટલી ગોઠવણુ છતાં બીહો છો કેમ !

રણજીત—પણુ ફળ મળે તો મેહેનત કરેલી કામની.

વનિતા—હરેક મેહેનત સફળ થાય છે જો દૃઢતા હોય તો. જેટલું રોપ્યું હોય તેટલું નીકળતું નથી. નિષ્ઠા સાચી હોય તો પ્રયત્ન ફળ્યા વગર ન રહે.

રણજીત—મ્હારી દૃઢતામાં તો ભયનો અંશ છે પણ આપની ચતુરાઇથી સેહેજ ધીરજ આવે છે.

વનિતા—તો પધારો પલંગ પર તમને કંપ થતો હોય, ભય લાગતો હોય ને કામજ્વર વા પ્રેમજ્વર લાગતો હોય તો ઠંડક કરૂં.

એમ કહી વનિતા રણજીતનો હાથ પકડી પલંગ તરફ ખેંચવા લાગી.

રણજીત—સુંદરી શાંત થાઓ. ધીરજ પકડી હું કહું તે પર લક્ષ આપો. જીવ એક મુસાફર છે. દેહ ધર્મશાળા છે અને આપણે સર્વે પંખીના માળા છીએ. મનુષ્યનો અવતાર ફરી ફરી મળતો નથી દેહ ચોર્યાસી લાખ ફેરા ફરી એકવાર મનુષ્ય દેહ ધારણ કરે છે. ગર્ભમાં અનેક સં-ટો સહ્યા બાદ ઇશ્વરે મનુષ્ય દેહ આપ્યો તો મોક્ષનું બારણું ન દેખી ચાલે તે ઘાંચીના બળદની માફક પીલાય. કાયા કાચી માટીનો ઘડો છે તેને ફુટતાં વાર શી! વૃક્ષનાં સુકાં પાનને ખરતાં શું વાર! બાળા! બાળા! શાન્ત થાઓ. વિચાર કરો. આજ શું છે ને કાલ શું થશે. ફક્ત અલ્પ આનંદ સારૂ અલ્પ સમય માટે આપણે હંમેશના ભ્રષ્ટ થઇશું અરે? કલકીત બનીશું, વ્યભીચારી, લંપટ એવા અનેક વિશેષણો યુક્ત થઇશું થોડો વખત ધીરજ પકડશો તો આપના પતી તરફથી આપ સંતોષ પામશો અને આમ ઉતાવળ કરશો તો અત્યાચારના ખાડામાં પડશો. આપણે બન્ને નર્કવાસી થઇશું અને અવશ્ય પાયમાલ થઇશું, માટે સુંદરી વિચારી કામ કરો. હું વધારે શું કરી શકું, ફક્ત તમને શીખામણના બે બોલ સિવાય માહરા જેવા પ્રામર પ્રાણીથી બીજું કશું થાય તેમ નથી. તમે તમારી વાત ઉઘાડી પડશે એમ બ્હીતા નહિ. મને જશરાજે તમારા રક્ષક તરીકે રાખ્યો છે તો હું હાલ.તમારો વાલી છું. તમે પ્રેમ માગશો તો જરૂર આપીશ પણ એક યાર તરીખે નહીં પણ એક સહોદર ભ્રાતા તરીકે જ.

—

પ્રકરણ ૫ મું.

પલાયન.

મનુષ્ય શું ધારે છે ને ઇશ્વર શું કરે છે આટલા દીવસ સર્વે વાતે અનુકુળ હતું તેથી મેં જાણ્યું કે મ્હારી આશામાં હું ખચીત સફળ થઇશ. રણજીતે મને થાપ આપી. વચન આપી નીરાશ કરી જેને વીતે તેજ જાણે; બીજાને શું ખબર. સ્ત્રીનું હૃદય સ્ત્રીજ જાણે. મ્હારે હવે કોઇ લાયક સ્ત્રીની મદદ લેવી પડશે. મ્હારા વાંચવામાં તથા સાંભળવામાં ઘણી વખત આવ્યું છે કે ધોબણ તથા માળણ રસીક પુરૂષોને સ્ત્રીઓ તેમજ શોખીન સ્ત્રીઓને પુરૂષો મેળવી આપે છે ત્યારે માહરે ત્યાં આવતી માળણને આજે જરૂર અજમાવી જોવી. તરેહ તરેહના દુષ્ટ વિચારથી ભરેલ વનિતા રસોઇ સંબંધી વાત ભુલી ગઇ ઘડીયાળના ટકોરાએ વિચારો પડતા મુકાવ્યા તરતજ ભટને બુમ મારી રસોઇ માટે તાકીદ કીધી. મી. ચીમન બહારથી ફરી આવી પહોંચ્યો. જમી રહ્યા બાદ બંન્નેજણ બહાર ફરવા નીકળ્યા. વનિતા ભોજનથી પરવારી બહાર હીંડોળાપર બેઠી. નીત્યના ધારા મુજબ માળણ ફુલ લઇ આવી. "શેઠાણી શું કરો છો" માળણે પુછ્યું. રોજ કરતાં વધુ વિનયથી વનિતાએ જવાબ આપ્યો "આવો કાશી બ્હેન આવો—જરા બેસો થાક તો ખાઓ."

કાશી—શેઠાણી મ્હારે તો ઘણાં ઘર ફરવાં છે. ગરીબ માણસને બેસી રહેવું પાલવે નહિ.

વનિતા—જાઓ, જાઓ રોજ આવો છો ને ચડે ઘોડે પાછા જાઓ છો. આજ તમને જોઇ ધાર્યું કે બે ઘડી ફુરસદ છે તો સુખ દુઃખની વાતો કરીએ.

કાશી—બ્હેન ત્યારે હુકમ હોય તો મ્હારે બેસવાની ના નથી.

વનિતા—(ધીમેથી) કાશી બ્હેન, મ્હારૂં એક કામ કરશો.

કાશી—તમારૂં કામ ! તે તો જીવ સાટે પણ કરી આપું. બોલો શું છે.

વનિતા—ગીની કાઢીને તેના હાથમાં આપતાં બોલી "જો કાશી. વાત બીજે કાને જાય નહિ હોં."

કાશીએ ઠણુકો કરી કહ્યું "મ્હારી શું એટલી ખાત્રી નથી."

વનિતા—મ્હારા લાયક એક યાર શોધી કાઢ અને જો તેનાથી હું સંતોષ પામીશ તો તને ન્યાહાલ કરીશ.

ન્યાહાલ એ શબ્દથી કાશી રાજી થઇ ગઈ અને બોલી "શેઠાણી તમારા લાયક એક પુરૂષ તૈયાર છે તે રોજ માહરી પાસે કોઇ લાયક સુંદરી સારૂ ફેરા ખાય છે. પણ જો જો મોહપાસમાં પડયા બાદ મ્હને ગરીબને ભુલતા નહીં."

વનિતા—ઘેલી રે ઘેલી, તને ભુલી જાઉં- તે પુરૂષ કોણ છે તે મને મહેરબાની કરી જણાવશે !

કાશી—વનિતાબ્હેન તે પુરૂષ જાતે મુસલમાન છે અને તેનું નામ જમાલખાન છે તે બહુજ અમીર માણસ છે.

વનિતા—કાશી, મુસલમાન લોકોમાં તો કેટલાક દુરાચારી ને લંપટ હોય છે, કદાચ તે ફજેતી કરે તો ?

કાશી—ના ના ખરૂં જોતાં તો મુસલમાન લોકો આપણા હીંદુઓ કરતાં વધારે શોખીન તેમ જ ઇમાનદાર હોય છે. વળી મોહો-

ખતની તેઓ કદર કરે છે. જરૂર પડે માથું આપવા તૈયાર થાય છે. મ્હારે ત્યાં હજારો લોકો આવે છે તેથી તેઓના ગુણોની મને સારી પરીક્ષા છે. તમારા જેવી ઘણી બાળકીઓનો મેં આર્શીવાદ લીધો છે માટે તમે બેફીકર રહો. તેની મુલાકાત લ્યો એટલે તમારી ખાત્રી થશે.

વનિતા—કાશી તેને મળવું ક્યારે દુરસ્ત પડશે ?

" શેઠાણી જો તમારે મળવું હોય તો હમણાજ ચાલો મ્હારી સાથે. માહરૂં કામ ખોટી થશે તો હરકત નહીં હું મોડેથી કરીશ." કાશી જાણે મોટો આભાર કરતી હોય તેમ બોલી.

વનિતા—ત્યારે હમણાં મને પણ ફુરસદ છે. ચાલો ત્યારે તમારે ત્યાં જઇએ.

એમ કહી કપડાં પહેરી બૈયાને દરશન કરવા જવાનું તથા કોઇ આવે તો બેસાડવાનું કહી કાશી સાથે ચાલી. કાશીને ઘેર બેસવા લાયક સારી જગો તો ક્યાંથી હોય. ફાટેલ તુટેલ ગોદડી કાઢી તે પર બેસાડી કહ્યું બેસો શેઠાણી હું જમાલખાનને બોલાવી લાવું છું.

વનિતા—કાશી જલદી આવજે-ખોટી નહિ કરતી નહિતર મ્હારી આબરૂ જશે.

કાશી—શેઠાણી સેહેજ પણ ગભરાશો નહીં. હું હમણા આવું છું. મનમાં રાજી થતી અનેક તરેહના હવાઈ કીલ્લા બાંધતી કાશી જમાલખાનને શોધવા બહાર નીકળી પડી. વનિતા એખલી પડતાં વિચાર કરવા લાગી કે માણુસ કેવો હશે, સારો હશે અથવા ડામીજ હશે. મ્હારે પ્રથમ તેની સાથ શું વાતચીત કરવી. જો શરમાઇશ તો તે માણુસ ચાલ્યો જશે. ફીકર નહી આવનાર પણ તેવોજ હોવો જો-

ઇએ તેને શરમ ન હશે તેને ખઈ આ ચરિત્ર બતાવવું પડશે. ઘુમટો કાઢીશ એટલે મ્હને બોલાવવાની ફરજ પડશે.

વાંચક અહીં થોડી જમાલખાનની પણ ઓળખ આપું. જમાલખાન એક મુફલીસ રખડતો જુવાન હતો. ભલભલા ઉઠાઉગીરોને તે ખાઇ ગયો હતો. સોનેરી ટોળીને પણ પહોંચી વળ્યો હતો. કેટલીક નાયકાઓને તેણે નીચોવી નાંખી હતી. મનહરપુરીમાં તેને કોઇ ન ઓળખે એમ ભાગ્યેજ હશે. જમાલખાન જબાન વાપરવામાં એક્કા હતા. મીયાંભાઇ દેખાવડા હતા–કાશીને રસ્તામાં જમાલખાન મળી ગયા. કાશીએ કહ્યું "જમાલખાન તાહરા લાયક એક સુંદરી મહા મુશીબતે હાથ લાગી છે માટે મ્હારી સાથ જલદી ચાલો."

તેણી ઘણી સુંદર છે અને પ્રખ્યાત શેઠ જશરાજ કારભારીના દીકરાની વહુ છે. આ સાંભળતાં જ જમાલભાઇ તો મનમાં ખુશ ખુશ થઇ ગયા. તરતજ આખો જરીનો ઝભો, તેવીજ ઇજાર તથા કસબની ભરેલી ટોપી માથે પટકાવી, માથાના વાળ ઠીક ઠાક કરી અત્તર તેલ નાંખી મુછે આંકડા વાળી ભાઇ બડા અમીર હોય તેમ ઠાઠમાઠ સાથે આવ્યા. કાશીએ એક ફાટેલ ખુરશી આપી તે પર બેસાડયા. કાશી–શેઠાણી હવે તમારે જે કાંઇ બોલવું હોય તે બોલો. આ જમાલ શેઠ રંગીલા તેમ મોજીલા છે. તમારી દરેક વાસના તૃપ્ત કરશે માટે બેલાશક કહો. અહીં વનિતા બોલેજ શાની. શરમ તો ઘેર મુકી આવી હતી. પણ ફક્ત ચરીત્ર દેખાડવા માટેજ અબોલ રહી. કાશી બોલી કેમ શેઠાણી, શરમાઓ છો શા માટે, તમને જો મારી શરમ લાગતી હોય તો હું જાઉં. જમાલખાન—કાશી, ફીકર નહીં, હમણા શરમાય છે તો આસ્તે આસ્તે બોલશે. આપ આ પાન

લ્યો અને શેઠાણીને પણ ખવડાવો. કાશી વનિતાને પાન આપી બોલી શેઠાણી આપના માનીતાનું પાન ખાઓ એમ કહી પાન વનિતાના હાથમાં આપ્યું. વાનતાએ તે લઇ મ્હોંમાં મુકયું. જમાલખાને ફરી વાત શરૂ કરી અને બોલ્યો સુંદરી આપનો ઘુમટો ખોલો અને સેહેજ વાત કરી મને સંતોષ પમાડો. હું તમારો ગુલામ થઇ રહીશ. પણ હઠીલી વનિતા ઘુમટો કયાંથી જ ખોલે. કાશી જોરથી ઘુમટો ખોલી નાંખી પોતે બીજા ખંડમાં જતી રહી. વનિતાનો સફેદ પુરી જેવો ચહેરો તથા નાજુક શરીરને જોઇ જમાલ તો એટલો ખુશી થયો કે જાણે સ્વર્ગની સીડી પર બેઠો. વાહ કયા ખુશ ચેહેરે પરી હય. તેનો હાથ હાથમાં લઇ પુછયું અય નાજનીન તુમારા નામ કયા હય ઓ સેવકકુ ખબર કરીયે.

વનિતા—જી, મને વનિતાના નામથી લોકો ઓળખે છે પણ આપનું નામ તથા ધંધો જણાવવા કૃપા કરશો.

જમાલખાન—ઘણી ખુશીથી. મ્હને લોકો મીરઝાં જમાલખાન કહી બોલાવે છે અને ધંધો હું ઝવેરીનો કરૂં છું. મ્હારો અહીં ગામ બહાર બંગલો છે પણ હું નવી વાડી બંધાઉં છું તે જોવા આજે નીકળ્યો એટલામાં કાશી મળી અને તમે આવ્યા છો એવું કહી તેડી લાવી.

જમાલે ઠંડા પહોરની તોપ મારી.

વનિતા—જુઓ જમાલખાન મ્હારી સાથે તમે સંબંધ રાખો તો હંમેશ સુધી જાળવી રાખવો પડશે તેમાં તમારી તથા મ્હારી બન્નેની આબરૂ સચવાઇ રહેશે.

જમાલ કાંઇ જુદાજ વિચારો કરતો હતો. આ સુંદરી કેવળ કામાંધ છે. વળી હું ખીસ્સે ખાલી છું તો એને ફોસલાવી અત્રેથી

ઉપાડી જવી એના અંગપર ૧૫ હજારનો માલ છે તે પડાવી લઇશ.

જમાલ—સુંદરી તમે વાત કહી તે સત્ય છે. હું પણ તેવું જ ઇચ્છું છું કારણ મ્હે મ્હારી જુવાનીમાં હજારો રૂપીઆ ઉડાવી નાંખ્યા છે અને તે ફક્ત પ્રેમને જ ખાતર. પણ પ્રેમ ક્યાં છે. આપણે જેને ચાહીએ છીએ તે આપણને ચ્હાતાં નથી. મેં એવી એવી ખુબસુરતીઓ જોઇ છે કે જેના તેજ તેમ ચળકાટ હજુ સુધી આંખોમાં ચળકયા કરે છે પણ તે સુંદરીઓ ફક્ત પૈસાનેજ ઇચ્છે છે અને છેવટ બેવફા નીવડે છે.

વનિતા વચ્ચે બોલી "જમાલખાન ભુલો છો તમે કહી તેવી હું નથી. સોગનથી કહું છું કે મ્હારા જીવથી પણ વિશેષ તમને ચાહીશ. અરે તમે કહેશો તેમ કરીશ અને તમારી દાસી થઇ રહીશ." દાવ ઠીક આવ્યો છે એમ સમજી જમાલે આગળ ચલાવ્યું. "ત્યારથી મે સોગન ખાધા છે કે કોઇની સાથ પ્રેમ બાંધવો નહિ. પ્રેમ બાંધ્યા પછી જો ભવિષ્યમાં છુટવાનો વખત આવે તો જીગરને સખત ફટકો લાગે છે. માટે બેતર છે કે પ્રેમમાં પડવાનું માંડી વાળવું." આતુરતાથી વનિતા બોલી "પ્યારા, તમે કેવી રીતે પ્રેમ બાંધવા ચાહો છો તે કહો તે પ્રમાણે વર્તવાને હું તૈયાર છું. તમે કહેશો તો ન્યાત જાત સગાં સંબંધીને છોડીને પણ તમારી સાથે આવી રહીશ. હું ધર્મભ્રષ્ટ થઇશ પણ ખરા પ્રેમની ખાતરી કરી આપીશ." ખરેખર વનિતા તું ભોળવાઇ. અરે! તું એક દુષ્ટ મનુષ્યના હાથમાં ફસાઇ છે તે છેવટે તને દગો દેશે. કેવા મનુષ્ય સાથે તું સબંધ રાખે છે તે તું ભુલ કરે છે. દરેક વિષયાંધ મનુષ્યના સંબંધમાં એમજ બને છે તેમ હાલ તાહરાપર પણ વીતે છે.

જમાલ—ત્યારે સુંદરી હું કહીશ તેમ તું જરૂર કરીશ?

વનિતા—જરૂર, જરૂર.

જમાલ—સુંદરી, ત્યારે મ્હારો વીચાર એમ થાય છે કે હું મ્હારી મીલકત તથા તું તાહરા પહેરવાના દાગીના લઇ કાંઇક બીજી જગાએ જતા રહીએ.

વનિતા—કબુલ છે. પણ તમે મ્હારા સસરા તથા બીજા સંબંધીઓને ઓળખતા હશો જે પછવાડે શોધ કરવામાં બાકી નહિ રાખે. કદાચ પકડાઇએ તો તમે પાછી પાની નહીં કરતા કે હઠી જતા નહીં.

જમાલ—દીલજાન, તને હજી મ્હારી પુરી ઓળખ નથી તેમ મને વધારી જાણી શકતી નથી મ્હારી નજરમાં એવાં એવાં ગુપ્ત સ્થળો છે કે આખી દુનિયા શોધમાં નીકળે તો પણ આપણો પત્તો નહિ લાગે. કદાચ કર્મે પકડાઇ જઇએ તોપણ મ્હારૂં વચન છે કે જાન માટે જાન છે.

વનિતા—જમાલ પ્યારા, જોજો ફરી નહિ જતા.

જમાલ—નહિ હરગીજ નહિ મ્હારો જાન ત્હારે માટે છે, નિશ્ચીંત રહે.

વનિતા—ત્યારે મ્હારા ધારવા પ્રમાણે આજેજ રાત્રે દશ વાગે અહીંથી હું મ્હારા દાગીના લઇ તમે કહો ત્યાં આવું છું અને તમે તૈયારી કરી રાખજો.

જમાલ—બેલાશક, હું પણ રોકડ મુડી તથા ઝવેરાતની પેટી ભરી ગાડી લઇ ગામ બહાર આવીશ અને તમે પણ ગામના નાકા આગળ ખપ જોગી ચીજો લઇ આવી રહેજો. સાથે એટલું પણ ધ્યાન રાખજો કે સોના ચાંદી કરતાં હીરા મોતી વધારે લઇ રાખજો અને હું પણ ઝવેરાત લઇ આવીશ.

જમાલખાનને ક્યાં ખાપીકો હલ્લો મળેલો હતો જે લાવવો પડે તેમ હતું. લાવ મ્હારી પોટલીને જાઉ મ્હારે ગામ ફક્ત ભોળી ભુલકીઓને બનાવવા એ શીખ્યો હતો.

વનિતા—ત્યારે હવે હું જઇશ. મ્હારે વખત થયો છે. રાત્રે તમારે બતાવેલ ઠેકાણે આવીશ.

જમાલ—ખુશીથી જાઓ પણ ફરી સેવકને ભુલી નહીં જતા અને મને ખાલી ફેરો ન પાડતા.

વનિતા—વ્હાલા, તમને મ્હારો વિશ્વાસ નથી હું જરૂર આવીશ. મ્હારા ધર્મના સોગન ખાઇને કહું છું કે તમને આપેલા કોલ પ્રમાણે વર્તિશ.

આટલું કહ્યા બાદ સેકહેન્ડ કરી છુટા પડયા.

વનિતા ઘેર પહોંચતાં જ પોતાની તૈયારી છુપી રીતે કરવા લાગી ઘરમાં ન્હાનું મ્હોટું કોઇ ન હોવાથી દર દાગીનાના સંબંધમાં સર્વે ચાવીઓ પોતા પાસે હતી તેમાંથી સુમારે વીસ હજારનો માલ હાથ કરી રાત્રીના જ્યારે સર્વે ઉંઘમાં પડયાં ત્યારે દશેકના અમલે લક્ષાધીપતીના ઘરની વહુ કેવળ ઇસ્ક અંધ બનેલી એકલી ચાલી. ગામના નાકા આગળ આવી. જમાલભાઇ તો અગાઉથી જ ગાડી હાજર રાખી વાટ જોતા હતા. તેને તો પારકો દલ્લો હાથ કરવો હતો. કાંઇ વનિતાના રૂપને મોહ્યો ન હતો પણ ફક્ત તેના ઝવેરાત પરજ બધી નજર હતી. ગાડીનો દરવાજો ઉઘડયો વનિતા દાખલ થઇ બીજી જ પળે અંધકારની શાન્તિને તોડી ખડખડાટ કરતી ગાડી ચાલી વનિતા આ સુંદર ગામ તથા શ્વસુર તથા પિયર પક્ષને છોડી પલાયન કરી ગઇ.

પ્રકરણ ૬ ઠું.

બહાદુર મુસાફર.



ત્રિના બેનો અમલ થયો હશે. કંસારી તથા પવનથી ખરતાં પાંદડા સિવાય બીજો કશો અવાજ આ સુન્ય પ્રદેશમાંથી નીકળતો નહતો. રાત્રિએ પોતાનું ધાઢ સ્વરૂપ એટલું તો પ્રસાર્યું હતું કે થોડે છેટે ઉભેલા મનુષ્યનો ચેહેરો પણ દેખાય એમ ન હતું. ગગનમાં વસ્તા તારાગૃહોપર ઓચીંતા ધસી આવતા મેઘદુત વાદળાંઓએ સખત કાબુ રાખ્યો હતો. “ પ્રભુ પ્રભુ રસ્તો આગળ હોય તેમ નથી. તેમ અત્યારે ખરો માર્ગ શોધવો પણ મુસ્કેલ પડશે ” આ શબ્દો ઉચ્ચારતો એક શશક્ત બાંધાનો યુવક મજબુત અશ્વપર સ્વાર થયલો આ જંગલની ચુપકીદી તોડતો આગળ વધતો હતો. “ દીવાના ! શીકારને મજબુત પકડી જલદી પગ ઉપાડ. પકડાઇશ તો કયો બાપ છોડાવવા આવશે ! ” અચાનક આ વાક્ય કર્ણગોચર થતાં રખેને ઘોડાની ખરીનો અવાજ સાંભળી એઓ બીજે રસ્તે ફરી સંતાઇ જાય તેજ વખતે ઘોડા ઉપરથી ઉતરી બંદુકનો ઘોડો ચઢાવી ઉભો. તરતજ વીજળીના ચમકાર સમેત ત્રણકાળી આકૃતિઓ ચાલીશેક કદમના આશરે ધીમાં પગલાં ભરતી ચાલતી જણાઇ. બીજીજ પળે ધડાક સરખો અવાજ થયો. આ બહાદુર મુસાફરની બંદુક ફુટી. ધારેલે ઠેકાણે આબાદ વાગી. ધબ દઇ એક આકાર નીચે પડયો, જ્યારે બીજો આકાર આ ઓચીંતા હુમલાથી નાસી છુટયો. જંગલમાં ખપ પડે તેવો સ માન આ મુસાફર પાસે હોવાથી તરતજ કાકડો કાઢી

તેને ચેતાવી જોવા લાગ્યો તો સ્હામે જમીનપર બે પ્રાણી પડેલ દીઠાં. "શું એકજ નીશાનથી બંન્નેનો નાશ થયો એ બનેજ કેમ? હશે". પાસે આવી જોતાં એક પુરૂષ મુસાફર હાથમાં થયેલ જખમથી જમીનપર લોટતો હતો, જ્યારે બીજો આકાર પુરૂષને બદલે ચૌદ વર્ષની એક કુમારીકા હતી. તરતજ તેની પાસે આ મુસાફર બેસી જોવા લાગ્યો ને બોલ્યો "શું તેણી મરણ પામી છે. હરામખોરોએ તેનું ખુન તો નથી કર્યું? ના ના. નાકના નસ્કોરાં ધીમા પણ ચાલે છે" દુષ્ટોએ તેને જે કાળી કામળી પહેરાવી હતી તે કાઢી નાંખી ખુલ્લી હવામાં તેણીને ચતી સુવાડી. માથું પોતાના ખોળામાં લઇ કહ્યું "ખરેખર સુંદર છે. તેના તનની સુંદરતા કરતાં મનની સુંદરતા વધારે છે." બહાદુર મુસાફરના મનમાં પ્રેમનો આઘાત થયો. આટલા દીવસ તેને પ્રેમ જીતી શક્યો નહોતો. તે આજે વિજય પામ્યો. મોહીનીએ તેના હૃદયમાં વાસ કર્યો. આ સુંદરી કુમારીકા છે એ જાતે કોણ હશે એવા અનેક ખ્યાલો કરવા લાગ્યો. થોડીવારે તે બાળા શુદ્ધિમાં આવી તેને કહ્યું "સુંદરી હવે ભય નથી. નિરાંતે બેસો." "શું હરામખોરોના હાથમાંથી આપે મને મુક્ત કરી છે?" કુમારીકાએ સવાલ પુછ્યો. "ખરેખર એમજ છે" મુસાફરે કહ્યું. "અચાનક આ સુન્ય પ્રદેશમાં ભયંકર ધ્વની સાંભળી શબ્દપર મેં નીશાન તાક્યું ને ધારેલે ઠેકાણે આબાદ લાગ્યું. તમને તેઓ શું કારણથી પકડી જતા હતા અથવા તેઓ કોણ છે, તે તમે જાણો છો!" પાસે પડેલ આકૃત્તીને જોયા બાદ કુમારીકાએ ખુલાસો કર્યો કે બીલકુલ હું કાંઈ જાણતી નથી. આજ રાતના ઘરમાં ગરમી પડવાથી હું સ્હેજ આંગણામાં ઢોલીઓ ઢાળી સુતી. રાત્રીના એકના સુમારે કોઇએ મને ઓચીંતો મ્હોઢામાં ડુચો માર્યો. ઘણુંએ તરફડીઆ માર્યા પણ વ્યર્થ. બીજાએ મને કમરમાંથી પકડી

ઉંચકી લીધી જે બાદ આપની બહાદુરીથી બચવા પામી છું હવે વખત ન ખોહોતાં તમે મને મ્હારે ઠેકાણે લઇ જાઓ. મ્હારૂં મકાન અહીંથી નજીક છે. કદાચ મ્હારા પિતા જાગ્યા હશે તો ચીંતા કરશે. એક હાથમાં ઘોડાની લગામ લઇ બીજા હાથે અમુલ્ય બોજાને ટેકો આપી મુસાફ્ર કુમારીકાના બતાવેલા ઠેકાણે ચાલવા લાગ્યો. દશ પંદર મીનીટની અંદર તો તેઓ સાધારણ પણ સ્વચ્છ દેખાવના ઝુંપડામાં દાખલ થયા. ઝુંપડાના દરવાજાપર એક બે વખત ટકોરા કરતાં હાથમાં બતી સહીત વૃદ્ધ પણ કસાયલા દેખાવના મનુષ્યે દરવાજો ઉઘાડયો. "આપ કદાચ રસ્તો ભુલ્યા હશો. પધારો, થાક ખાઓ, પછી આપને રસ્તો બતાવવામાં 'આવશે." આ પ્રકારનું આશ્વાસન આ વૃદ્ધ પુરૂષે આપણા બહાદુર મુસાફરને આપ્યું. કુમારીકા વચ્ચે બોલી ઉઠી "પીતાજી આ બહાદુર મુસાફરથીજ હું તમને પાછી મળવા પામી છુ, નહીં તો ઇશ્વર જાણે હમણાં હું ક્યાં હત. વૃદ્ધ બોલ્યો "શું મહારી કાન્તા તને કોઇ હરી ગયું હતું. બન્નો અંદર આવો ને વીગતવાર વાત જણાવો." મુસાફરને યોગ્ય આસન પર બેસાડયા બાદ કાન્તાને એક બીછાનું પાથરી સુવાડવામાં આવી. બનેલા બનાવથી કોમળ હૃદયની બાળા હેબત પામી ગઇ હતી. વૃદ્ધે મુસાફર તરફ ફરી પુછ્યું "તમે પણ સેહેજ સુઇ જાઓ. સહવારે નીરાંતે વાત કરજો." એક બીજું બીછાનું મુસાફર સારૂ પાથરવામાં આવ્યું. થાકને લીધે યુવક જલદી નિદ્રાવશ થયો ને છેક સહવારે ૭ વાગે ઉઠયો. વૃદ્ધે કહ્યું "આપને નાહવું હોય તો બાજુમાં શીતળ પાણીનો વહેતો ઝરો છે તેમાં આંગ સ્વચ્છ કરી હમારા ગરીબના મકાનમાં જે સુકો ખોરાક મળે તેને માન આપો. ચાલો હું તમને ઝરો બતાવું." આ યુવક કપડાં કહાડી બીજાં પહેરી

ન્હાવા સારૂ તૈયાર થયો. બન્ને જણા ઝરા પાસે ગયા. નાહવાની મઝા પડતી હોવાથી ઘણો સમય નીકળી ગયો. આઠેકને સુમારે બન્ને પાછા ફર્યા. "કાંતા દીકરા આપણા મેહેમાન ભુખ્યા હશે માટે જલદી રસોઇ તૈયાર કર" વૃદ્ધે કહ્યું.

"પિતાજી રસોઇ હમણાં તૈયાર થશે તેટલી વારમાં આ માનવંતા પરોણાને મ્હારો બનાવેલો નાનો સરખો બગીચો બતાવો. રસોઇ તૈયાર થયે હું આપને બોલાવીશ." કાંતાએ અથાગ મહેનતથી પોતે આ જંગલમાં કેટલીક જાતના રોપા તેમજ ફુલના ઝાડો વાવેલાં હતાં જે પર આ મુસાફરની નજર દોડે તો કદાચ પોતાના સદ્દગુણ પર મોહીત થાય એવા વીચારથી બોલી. જેમ આ યુવક પ્રેમ તે શું ને જાણનો નહતો તેમ કાંતા પણ હજી સુધી નીર્દોશ તેમ પવીત્ર જ હતી. પ્રેમે તેણીના અતઃકરણમાં વાસ કર્યો ન હતો. તેનામાં સુધારાવાળામાં દેખાતા ચાળા ન હતા. ફક્ત સાદાઇથી જ નીર્દોષ તેન પવીત્ર જીંદગી ગુજારતી હતી. આજેજ આ યુવક ઉપર ભાવ થવાનું શુ કારણ? હા આ મુસાફરનો હસતો ચહેરો, સભ્યતા ભરેલી વર્તણુક તથા ગઇ રાત્રે બતાવેલી બહાદુરીથી જ કાંતા તેના પર મોહીત થઈ હતી. બેવડા હર્ષથી રસોઇ તૈયાર કરી બહાર આવી જ્યાં બન્ને જણ ફુલવાડીમાં ફરતા હતા ત્યાં ગઇ. મુસાફર બગીચાની ગોઠવણ તથા સફાઇથી ખુશ થયો. ઘણા ઘણા સારા બગીચાઓ તેણે જોયા હતા. તેઓના જેવો મોટો તો આ નહીંજ હતો પણ વખતે બે ઘડી ત્યાં બેસતાં મનને આરામ આપે એટલી શક્તી તો આ નાનો બાગ પણ ધરાવતો હતો. કાન્તાએ થોડાં ગુલાબનાં ફુલ તોડી યુવકને આપતાં બોલી "શહેરના ચાલાક માળીઓના હાથથી રોપાયળ ફુલ જેવાં તો આ ફુલ નહિ હશે પરંતુ તેના કરતાં

પવિત્રતા તો આજ કુલમાં વિશેષ હશે.” કાંતાએ સમસ્યા કરી. અલબત મને આ ફુલો ઘણાજ સુંદર અને મધુર લાગે છે યુવકે સમસ્યા પુરી કરી. કાંતાએ કહ્યું હવે ચાલો જમવા બેસીએ, નહીંતર રસોઇ ઠંડી પડી જશે.

સઘળાં રસોઇખાનામાં ગયાં. આ ગરીબ ઝુપડી તથા તેમાં વસતાં પ્રાણીઓની વર્તણુકથી યુવક મન સાથે વિચાર કરવા લાગ્યો કે ખરેખર આ લોકો જંગલમાં વસતા જંગલી નથી પણ કોઇક વખત સારો દરજ્જો ભોગવેલાં મનુષ્ય હશે. વખત તેને આ સ્થીતી પર લાવ્યો હશે. તેણે વાતની શરૂઆત કરી વૃદ્ધને પુછ્યુ આટલી વાર આપણો પ્રસંગ થયો છતાં આપણે એક એકના નામથી અજાણ છીએ તો આપનું નામ તથા જંગલમાં રહેવાનુ કારણ કૃપારાહે જણાવશો ?

વૃદ્ધ—ઘણી ખુશીથી. પ્રથમ તમે ગત રાત્રીએ બનેલ વાત જણાવો પછી મ્હારી હકીકત હું તમને જણાવીશ.

યુવક—રાત્રે બનેલ બનાવથી હું તદન અજાણ છુ. મે કાન્તાને બચાવી તે શિવાય કોઇ પણ જાતની માહીતી મ્હારી પાસે નથી. કાન્તાના બોલવાથી માલમ પડે છે કે તે પણ અજાણ છે જેથી આપના મનને સતોપ થાય એવો વધુ ખુલાસો મ્હારી પાસે નથી. આપનું નામ હવે જણાવશો !

વૃદ્ધ—મ્હારૂં નામ ધૈર્યસીંહ છે. હું જ્ઞાતે ક્ષત્રીય છું તેમ આ ગરીબ કાન્તા મ્હારી એકની એક પુત્રી છે. મ્હને અહીં રહેવાનું કારણ હું તમને કાનમાં કહી શકીશ કારણ તમે જાણો છો કે ભીંતનેપણ કાન હોય છે.

વાંચનાર, કવિ યા ગ્રંથકર્ત્તા એટલી તો અલૌકીક શક્તિ ધરાવે છે કે ગમે તે ગુપ્ત સ્થળે થતી વાતચીત તે સાંભળી તથા જાણી શકે છે એટલી તેમને કુદરતી બક્ષીસ મળેલી હોય છે એમ તેઓ ધારે છે. પરંતુ આ યુવક તથા વૃદ્ધ વચ્ચે થયેલી ખાનગી વાતચીત અર્ધો કલાક ચાલી પણ એક પણ શબ્દ આ ગ્રંથકર્ત્તાના જાણવામાં આવ્યો નહિ, ઇશ્વર ઇચ્છા. એટલું દેખાયું કે આ વાર્તાલાપ વખતે વૃદ્ધ તથા યુવક એ બંન્નેની આંખમાંથી અશ્રુ પ્રવાહ ચાલતો હતો. મુસાફરે પોતાની જાતી ઓળખ આપી તે સાંભળી વૃદ્ધ ઘણો ખુશી થયો. ભોજન થઇ રહ્યા બાદ બહાર ખંડમાં બેઠા. યુવકે વાતની ફરી શરૂઆત કરી પુછ્યું " સાહેબ, હવે મને કહો કે અહીંથી કયું ગામ નજીક પડશે કારણ મ્હારે ઉતાવળથી જવું છે. "

ધૈર્યસીંહ—અહીંથી નજીકનું ગામ વસંતપુર છે તે પણ અહીંથી વીસ કોસ દુર છે. આપણી ઝુપડીની ઉત્તરનો માર્ગ વસંતપુર જવાનો છે. દશ કોસનાં છેટે મ્હોટું શિવાલય જંગલમાં બંધાવેલ છે અને તેની બાજુમાં ધર્મશાળા છે જ્યાં થાકેલો મુસાફર આરામ લઇ પોતાને પંથે પડે છે.

યુવક—ત્યારે હું રજા લઇશ. માહરે વીસ કોસ કાપવા છે.

ધૈર્યસીંહ—ભલે પણ તમને શિવાલય પાસ પોંહોંચતા રાત્રી થઇ જશે. માર્ગ ઘણો વીકટ છે માટે રાત્રીએ મુસાફરી કરતા નહિ. રાત્રી શિવાલયમાંજ ગાળજો. ધર્મશાળામાં રહેશો નહીં કારણ ત્યાં કાંઇક ભેદી બનાવો બનેલા એવી લોકવાયકા છે.

યુવક—આપની શીખામણ માથે ચડાવું છું. હવે હું રજા લઇશ. આ બાજુ કદાચ આવવું હશે તો જરૂર આવીશ.

કાન્તા અધીરાઇથી વચ્ચે બોલી "ના તે નહીં બને, ગમે તેમ 'ફરી એક વખત અત્રે જરૂરાજરૂર આવી જજો અને તમારા દર્શનનો લાભ આ ગરીબ બાળાને આપજો."

યુવક—જરૂર આવીશ. પરમેશ્વરનો હુકમ હશે તો થોડા દિવસમાં આવી મળીશ.

યુવક દીલગીરીભર્યા ચેહેરે ત્યાંથી જવા નીકળ્યો. કાન્તા તેહને દરવાજા સુધી વળાવવા આવી અને જ્યાં સુધી તે દેખાતો બંધ થયો ત્યાં સુધી ઉભી રહી. છેવટે આંખમાં અશ્રુ સહીત પાછી ફરી.

વૃદ્ધે કાન્તાનુ દીલ તપાસવા પુછ્યું "કાન્તા બેટા જોયું, આ મુસાફર મોટા દરજ્જાનો દેખાય છે છતાં એનામાં નમ્રતાના કેટલાક ગુણો નજરે પડે છે."

ધૈર્યસીંહ આ મુસાફરની વર્તણુકથી ઘણો રાજી થયો હતો અને પોતાની પુત્રી ઉમ્મર લાયક થયલી હોવાથી કોઈ સારા પુરૂષ જોડે તેનો વિવાહ કરવાની તજવીજમાં હતો તો આ ભયાનક અરણ્યમાં ઇશ્વરે તેને લાયક પુરૂષ પણ મેળવી આપ્યો. કાન્તા તથા મુસાફરના મનપર એક એકની સારી છાપ પડેલી તેણે દીઠી. પોતે હવે લાંબો કાળ જીવે એમ નહતું તો પોતાના મરણ બાદ આ પુત્રી રખડી મરે તે પહેલાં એનું લગ્ન કરી દેવાની રાત દિવસ ફીકરમાં હતો. હવે તેને વિચાર સુઝયો કે આ મુસાફર જલદી પાછો ફરે કે તુરત તેની સાથે કાન્તાના લગ્ન કરી દઈ પોતે દેહ કલ્યાણઅર્થે ગમે ત્યાં ચાલ્યો જાઉં. જ્યારે કાન્તા પણ એજ વીચારો કરતી હતી કે કયારે પતિ સુખમાં સુખી થાઉં, ગૃહરાજ્ય ચલાવું અને 'આ માનીતા યુવકને મોહ-

પાસમાં બાંધી લઇ તેના હૃદયપર રાજ્ય ચલાવું વગેરે વિચારોએ તેના મનમાં વાસો કર્યો હતો. તેને આ પરોણાના જવાથી જરાએ ચેન પડ્યું નહીં તેથી વાત વિસારે મુકવા પોતાના માનીતા છોડવા તથા રોપાઓને પાણી સીંચવા ઉઠી.

પ્રકરણ ૭ મું.

કાલીકાનો ભોગ.

રાત્રિના આઠનો સમય થયો હતો. ગત પ્રકરણમાં વર્ણવેલ મુસાફર તેજ શિવાલય પાસે આવી પહોંચ્યો. કોઇ સારો મુસાફર ઉતારો શોધે છે તે જોઇ ધર્મશાળામાંથી અઢાર વર્ષની વયનો એક છોકરો લાલચ લાલસાએ ત્યાં દોડી આવ્યો તરતજ મુસાફરના ઘોડાની લગામ પકડી સલામ કરી બોલ્યો "સાહેબ આપના લાયક ઉતારાની જગા ધર્મશાળાના આ નીચેના ખંડમાં છે માટે ત્યાં પધારી થાક ખાઓ. હું આપને માટે ભોજન કરી લાવીશ." મુસાફરે ઘોડા ઉપરથી ઉતરી ઘોડાની લગામ તે છોકરાના હાથમાં આપી પોતે બતાવેલા ખંડમાં થાક લેવા ગયો. આ ધર્મશાળાનો ભવ્ય દેખાવ તથા સુંદર કોતરકામ જોઇ મુસાફર વીસ્મૃત થયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે આવા જંગલમાં આવડી મ્હોટી ધર્મશાળા બાંધવાનું શું પ્રયોજન હશે? ધર્મશાળાની બાજુમાં ફરતાં એક મ્હોટો કુવો તથા એક મ્હોટો વાડો ફળ ફુલોના ઝાડથી ભરેલો દેખાયો. વાડા પાછળ એવાં મ્હોટાં વૃક્ષો આવ્યાં

હતાં કે ખરે બપોરે પણ સૂર્યનાં કીરણો અંદર આવવા પામતા નહીં. એકંદર આ સર્વ દેખાવો ગમે તેવા મજબુત દીલના મનુષ્યને ડરાવે તેવા હતા. ધર્મશાળામાંનો છોકરો ઘોડાને બાંધી તેને ઘાસચારો નાંખી હાથમાં એક રકાબી સાથે મુસાફર પાસે આવી બોલ્યો "આપને માટે ભોજન લાવ્યો છું તે આપ નિશ્ચિંતે બેસી ખાઓ. આપને આખી ધર્મશાળા હું પછી બતાવીશ." આ સાંભળતાં તેને વૃદ્ધ ધૈર્યસીંહનાં વચનો યાદ આવ્યાં. ઉડતી વાતો ખરી પણ હોય. આ છોકરો એના આચરણ ઉપરથી ભોળો દેખાતો હતો તેને પુછી કાંઇક ખુલાસો મેળવવા તજવીજ કરવા માંડી. મુસાફરે સવાલ પુછ્યો "છોકરા તાહરૂં નામ શું?" છોકરો—સાહેબ મ્હારૂં ખરૂં નામ બહાદુરસીંહ છે પણ બધા મ્હને બાદર બાદર કહી બોલાવે છે. મ્હારા ખરા માબાપ કોણ છે તે હું જાણતો નથી. પણ અહીંના રખેવાળે મને પાળી પોષી મોટો કીધો છે." મુસાફર—બહાદુરસીંહ, તે રખેવાળ ક્યાં ગયો છે?

બહાદુર—સાહેબ, હું તે જાણતો નથી. અહીંનો રખેવાળ કાંઇ જુદાજ સ્વરૂપનો છે. કોઇ વખતે દીવસના દીવસો સુધી અત્રે પડ્યો રહે છે અને કોઇ વખત તે કેટલો વખત બહાર ગાળે છે. વળી હું ધારૂં છું કે તે કાંઇ ખાનગી કૃત્યો કરે છે. શું કરે છે તે હું જાણતો નથી પણ પછવાડે ઘીચ ઝાડીમાં બેસી તે જાણે હવામાં વાતો કરતો હોય તેમ બક્યાં કરે છે. કેટલાક મુસાફર તરફ તે બેદરકાર રહે છે અને કેટલાક તરફ તે ઘણી માયા દરશાવે છે.

મુસાફર—તે રખવાળનું નામ શું છે તથા તે અહીં ફરી પાછો ક્યારે આવશે?

બહાદુર—એનું નામ કોઇ દેવો તો કોઇ કાહનો કરી બોલાવે છે ને કોઇ તો બળતેજ નામે બોલાવે છે. ચોકસ નામ કયું તે હું જાણુતો નથી. અહીંથી તેને ગયે બે દિવસ થયા છે, તે ક્યારે પાછો ફરશે તે હું કહી શકતો નથી. એ જેમ મોડો આવે તેમ હું ખુશી છું કારણ જો કે તે મ્હારો પાળક પીતા છે, પણ મ્હને તેને જોતાં કંટાળો ઉપજે છે.

મુસાફર—ત્યારે છોકરા, તાહરા આ બોલવા ઉપરથી જણાય છે કે તું અહીં રહેવા ખુશી નથી.

બહાદુર—જરાએ નહિ. હું ઘણી વખત નાશી જવાનો વિચાર કરૂં છુ પણ કાંઇક અલૌકીક શક્તી મને તેમ કરતાં અટકાવે છે. હવે તમે મને અહીંથી છોડાવશો તો તમારો ઉપકાર માનીશ. રસ્તામાં હું તમને નીરૂપયોગિ નહીં થાઉં. જરૂર પડવે ચાર હાથ હું પણ દુશ્મનપર અજમાવી જાણું છું.

મુસાફર—બહાદુર, મને તાહરૂં આચરણ જોઇ ઘણું વહાલ આવે છે. હું તને જરૂર છોડાવી જઇશ. તાહરા પાળક પાસે રજા માંગીશ. જો તે રજા નહીં આપશે તો લડાઇ કરી તને તેડી જઇશ.

બહાદુર—તમારો મોટો ઉપકાર થયો સાહેબ, હુ ધારૂં છું કે આપણે બળથી તેને પોંચી શકીશું નહીં કારણ રખેવાળ જો કે વૃદ્ધ છે પણ ઘણોજ બળવાન છે તેમ કાંઇક જાદુ પણ જાણે છે એમ માહરા ઘણા વર્ષના અનુભવથી મેં જાણ્યું છે. આપણે ગુપચુપ નાશી જવું એ બેહેતર છે.

મુસાફર—વારૂ. વખત આવે થઇ રહેશે. પણ અહીં આવડી મ્હોટી ધર્મશાળા કોણે બંધાવી છે?

બહાદુર—વસંતપુરના મરનાર મહારાજા સુરસીંગે આ ધર્મશાળા બંધાવી હતી. આ ધર્મશાળા બાંધવાનું ઉત્તેજન આપનાર આ ધર્મશાળાનો હાલનો રખેવાળ હતો એમ પોતે ઘણીવાર બકી જાય છે. હું તમને એક વધુ વાત કહેતા ભુલી ગયો છું. થોડા માસ પર અહીં ત્રણ મુસાફરો ઉતર્યા હતા. રાત્રે અગીયારના સુમારે કોઇ ભેદભરી રીતે તેઓ ગુમ થયા હતા. મેં તેની છુપી શોધ ઘણી કરી પણ પત્તો લાગ્યો નહીં.

આ વાતો દરમ્યાન મુસાફરે પોતાનું ખાણું પુરૂં કર્યું. રકાબી લઈ છોકરે જમીન સાફ કરી. મુસાફરને આખી ધર્મશાળા ફેરવી બતાવી. એકજ ઉપરનો ઓરડો બંધ હતો તે માટે બોલ્યો આ ઓરડાની ચાવી રખેવાળ પોતાની પાસે રાખે છે. ઓરડો અંદર તદ્દન ખાલી છે. શામાટે ચાવી પોતાની પાસે ને પાસે રાખે છે તે અજબ જેવું છે. ચાલો દશ વાગ્યા, આપને કદાચ નીંદ્રા આવતી હશે માટે તમારે સારૂ બીછાનું પાથરી આપું કહી બન્ને નીચે ઉતર્યા તથા જે ખંડમાં મુસાફરને ખાણું ખવાડયું હતું તેજ ખંડમાં બીછાનું પાથરવા લાગ્યો. એટલામાં ધર્મશાળાનો રખેવાળ અંદર દાખલ થયો. "બહાદુર શું કોઇ નવો મુસાફર આવ્યો છે? તેના સારૂ બીછાનું તૈયાર કર્યું?" રખેવાળે પુછ્યું.

બાદર—"જી, હા, સાહેબ આ સ્હામા ઉભેલ માનવંત પરોણા અત્રે પધાર્યા છે તેનો ઘોડો બાંધી અત્રે બીછાનુ કરી આપું છું."

રખેવાળ—તને અહીં બીછાનું પાથરવાનું કયાંથી યાદ આવ્યું? આ માનવંત પરોણા સારૂ તો આપણો ઉપરનો બંધ ઓરડોજ લાયક છે કારણ ભોંયતળીએ શરદી ઘણી હોય છે. આ કુંચી લે ને ઉપર જા અને ઓરડો ઉઘાડી સાફ કરી બીછાનું પાથર. હું તેમને ઉપરમોકલું છું.

બહાદુર કુંચી લઇ ગયો. મુસાફર તરફ નજર કરી રખેવાળે પુછયું "સાહેબ આપ કયાંથી આવો છો ને કયાં જનાર છો? આપે અત્રે પધારી મ્હને આભારી કર્યો છે." રખેવાળ આ બોલતો હતો તે વખતે મુસાફર પોતે ચાલાકીથી રખેવાળની વર્તણુંક તપાસ્યા કરતો હતો. તેના બોલવાની ઢબ જો કે ચાલાક હતી છતાં પણ મુસાફર તેના દેખાવથી બધું સમજ્યો હોય એમ લાગતું હતું. મોંઢા ઉપર વળેલી કરચલી અને ધોળા વાળ જો કે પુખ્ત ઉમર સૂચવતા હતા તોપણ બારીકાઇથી જોતાં તેની આખમાંનું ખુની તેજ ચળકાટ મારતું હતું. વધારે વાત કરતાં કંટાળો આવતો હોય તેમ ટુકમાંજ મુસાફરે જવાબ આપ્યો "મહારે વસંતપુર જવું છે, મ્હને હમણા નીંદ્રા આવે છે માટે સુવાની રજા લઇશ" ફરી સહવારે મળશું ત્યારે ખુલાસાથી વાત કરશું. આપને અપમાન લાગતું હોય તો ક્ષમા ચાહું છું કારણ હું ઘણો થાકી ગયો છું.

"ખુશીથી ઉપર જઇ સુઇ જાઓ સહવારે મળીશુ" રખવાળે કહ્યું.

આપણો ચાલાક મુસાફર સમય વર્તવામાં બાહોશ હતો તેથી પોતાનો સર્વ મુસાફરીનો યોગ્ય સામાન સાથે રાખી ઉપર સુવા સારૂ ગયો. બહાદુર બીછાનું કરી મુસાફરની રાહ જોતો બેઠો હતો તે બોલ્યો "આપ સુઇ જાઓ ત્યારે દરવાજો અંદરથી બંધ કરજો" અને ધીરેથી કહ્યું "આપ જાગતા જ રહેજો. ઉપર સુવાડવામાં કાંઇક ભેદ હશે. હું પણ મ્હારા હથીયારથી સજ્જ છું. કદાચ આપને ભય જેવું લાગે તો મ્હને નીશાન કરજો. આપ સારૂ મ્હારો જાન આપવા હું તૈયાર છું." આટલું બોલી નાનો બહાદુર નીચે નમી સલામ કરી

પોતાને હાથે દરવાજો બંધ કરી નીચે ગયો. દરવાજો અંદરથી પણ આપણા મુસાફરે કડી મારી બંધ કીધો. બીછાનાપર બેસી પોતાના હથીયારનો બોજો દીલપરથી ઓછો કરવા કપડાં ઉતાર્યા. હથીયારમાં આપણા મુસાફર પાસે તરવાર, બંદુક, તથા લોહદડ હતાં. ખપ પડે અને નજીકની લડાઇમાં ઉપયોગી થઇ પડે તેવા છરા તેમ જ કટારો પણ હતી. આ હથીયારો તેમ જ કપડાં બાજુમાં મુકી ફક્ત અંદર પહેરેલું છુપુ બખતર શરીરપર રહેવા દઇ બીછાનાપર સુતો. જીવ ઉચાટ તેમ ધૈર્યસીંહ અને બહાદુરની કરેલી શીખામણોથી ઉંઘ ક્યાંથી આવે! ઉઠી પાછાં કપડાં દીલપર પહેરવા લાગ્યો. કાકડો કાઢી સળગાવી આખો ઓરડો તેથી પ્રકાશીત કરી બોલ્યો ઓરડો પડતર લાગતો નથી, રોજ વપરાતો હોય એમ લાગે છે. બંધ રાખવાનું શું કારણ હશે? ચાલ આ બારી ખોલી બહારનો ભાગ તો જોઉં. બારી જો કે ઘણી વજનદાર હતી તે ખોલી તો સ્હામે અંધકારમાં રાક્ષસી કદના વૃક્ષો શીવાય કશુ જોવામાં આવ્યું નહિ. ભયની એક કંપારી આ મુસાફરના બદનમાં લાગી 'મ્હારે બ્હીવું શા માટે, ભય જેવું કશું નથી.' પોતાની નબળાઇપર આ બહાદુર જુવાન હસ્યો. બારીની ભીંતની પહોળાઇ જોઇ અજબ પામી બોલ્યો "આટલી જાડી ભીંત શા માટે હશે? ભીંત કીલ્લાની ગરજ સારે તેવી છે—સાધારણ ધર્મશાળાના મકાનને આટલી મજબુતાઇ ન હોય. કાંઇ ચોક્કસ કારણથીજ આટલી જાડાઇ રાખવામાં આવી હશે." બારી બંધ કરી પોતાના બીછાના તરફ પાછો વળ્યો. ઓચીંતો "અરે દયા કરો દયા" આટલા શબ્દો એકાએક તેને કાને પડ્યા. કોઇએ મ્હોંપર ડુચો માર્યો હોય અને જેવો અવાજ નીકળે તેવો અવાજ ફરી તેને કાને પડ્યો. અવાજ આવતો બંધ થયો. બહાદુર મુસાફર અવાજ કઇ દીશાથી

આવતો હશે તે વીચાર કરવા લાગ્યો. બારી ખોલી જોયું તો તે બાજુ કાંઇ દીઠામાં આવ્યું નહીં. "અરે નિર્દોશને શા માટે" ફરી. જોરથી ડુચો માર્યો હોય તેવો સાદ નીકળ્યો ને બંધ પડયો. નક્કી આ અવાજ મ્હેં સાંભળેલો છે. પણ કોનો છે તે યાદ નથી. અવાજ આ ઓરડાની બાજુમાંથી આવનો હોય એમ લાગે છે.

બારી બધ કરી. અવાજ આ ઓરડામાં આવે છે એ તો નકીજ છે. ઓરડામાં પોલાણ હોવું જોઇએ. આખા ઓરડામાં કાકડાની મદદથી જગેજગ ફરી વળ્યો પણ નકર બાંધણી શિવાય કાંઇ દેખાયું નહીં. ફકત બારીની આજુબાજુ જોવાનુ રહ્યું. બારી આગળ આવી તપાસ કરી પણ વ્યર્થ. કાંઇ પત્તો લાગ્યો નહિ. એકાએક તેનો હાથ એક પોકળ જગાપર પડયો. ઠોકી જોતાં અંદર પોલાણ હોય એમ લાગ્યુ. દંડ હાથમાં લઇ પોકળ ભાગપર ઘા કરવા લાગ્યો બે ચાર ઇંટ ધસી પડી. લોખંડની કડી જોવામાં આવી જે ખેચતાં લાકડાનો મોટો કટકો ઉથલી નીચે પડયો, એક્કી વખતે બે માણસો સાથે દાખલ થાય એવો માર્ગ દેખાયો. માર્ગમાં નજર કરતાં લોખંડની નાની પણ મજબુત શીડી ઉતારેલી જણાઇ. "ઇશ્વર મને મદદ કરશે" આ વાકય બોલી કાકડા સાથે હથીઆરોથી સજ થઇ નીચે ઉતરી પડયો. અહીં સઘળું બંધ હતું. સામી બાજુએ દીવાળને મજબુત લાત મારી ખરર કરતો પથ્થર નીચે પાડયો અને જુએ છે તો મુસાફરે પોતે સાંઝે જ્યાં પહેલો દાખલ હતો તે ખંડમાં પોતાને ઉભેલો દીઠો. "નક્કી અહીંઆં પણ ગુપ્ત ભાગ હોવો જોઇએ." જ્યાં પત્થર ખર્યો હતો ત્યાં બારીકાઇથી જોતાં એક હાથ લાંબી પહોળ લાદી અંદર ખીલી જડેલી દીઠી–ખીલી સાથે લાદી ખેંચી કહાડી. નીચે જવાય એવું ભોંયરૂં જોવામાં આવ્યું, વખત નહિ ખોહોતાં ની ચેઉતર્યો તો મોહોટો ઓ-

રડો સુમારે સોળ કદમ પહોળો અને તેટલોજ લાંબો દીઠો. ભીંત તરેહવાર જાતનાં હથીયાર બખ્તરોથી ભરેલી હતી. "નક્કી આ ધર્મશાળા કાળાં કર્તુકોથી ભરેલી છે. ભીંત વગર ચિત્ર ન નીકળે. આટલું બબડયો—ઓરડામાં ફરી બાજુમાં એક બારી હતી તે તરફ ગયો. ધક્કો મારી બારી ઉઘાડી અંદર ખંડમાં દાખલ થયો. અંદરની જગા વીસ પચીશ માણસ ઉભા રહી શકે એવી હતી. આપણો મુસાફર ઘણા શ્રમથી થાકેલો હોવાથી થોડીવાર વિશ્રાંતી લેવા બેઠો. કપડાંથી પરસેવો લુછતો હતો એટલામાં બાજુમાં કાંઇક ઘોંઘાટ તેને કાને પડયો. અવાજ ખચીત આ બાજુથીજ આવવો જોઇએ. જે બાજુથી અવાજ આવતો હતો તે બાજુ સાંભળવા ઉભો. અણચીંતો કલીક એવો અવાજ તેને કાને પડયો અને ચારે બાજુથી જાડા લોખંડી સળીઆના પીંજરામાં તે ઘેરાઇ ઉભો પોતે કેદી થયલો સમજી બોલ્યો "હરામખોરોએ મ્હને જોયો છે. ફીકર નહિ. ઇશ્વરે મ્હને આટલી મદદ કીધી તો જરૂર તે વધારે મદદ કરશેજ" આટલું બોલી મહામેહેનતે ત્રણ લોખંડના સળીઆને પોતાના સબળા બળથી વાળ્યા ને બહાર નીકળી પડયો તો તેને કાને "પાપી મને શામાટે રીબાવે છે મેં ત્હારૂં કાંઇ બગાડયું નથી" આટલા શબ્દો પડયા. નક્કી આજ બાજુએથી શબ્દો સંભળાય છે. સામે ઓરડાનુ બારણું હતું તેની ફાટમાંથી જોતાં અલૌકીક દેખાવ નજરે પડયો. અંદર આરસની સફેદ મુર્તી હતી જેના સામે માથું નમાવી એક જુવાન બાળા ઉભી હતી તેને બે બાજુએથી કાળાં વસ્ત્રોથી છુપાએલા ચેહેરાવાળા મનુષ્યોએ પકડી રાખી હતી. એક મનુષ્ય હાથમાં નાગી તરવાર સાથે સામેના ચોથા મનુષ્યના હુકમની રાહ જોતો ઉભો હતો. જ્યારે ચોથો મનુષ્ય બીજો કોઇ નહીં પણ આ

ધર્મશાળાનો રખેવાળજ હતો. "મુળુ, કર ધા, હવે ખોટી ન કર. આ હઠીલી સુંદરી માનવાની નથી." જે પળે તરવાર ઉપાડી ઘા૦ કરવા જાય છે તેજ પળે મુસાફરની એક મજબુત લાતે બારણાં ઉઘડી ગયાં ને તુટી નીચે પડયાં. ખુનીઓની ભારે અજાયબી વચ્ચે ખુની પોતે મુસાફરની બંદુકનો ભોગ થઇ પડયો. રખેવાળ ગુસ્સાથી બોલ્યો "અરે દુષ્ટ તું કયો દેવ થઇ અહીં આવ્યો અને લોખંડી પીંજરામાંથી પણ કેવી રીતે તું છટકયો. "બહાદુરો એને પકડો અને હમણાંજ એનો ભોગ લ્યો." "હરામખોરો સાવધ થાઓ. આ પવિત્ર મૂર્તી તમારા જેવા પાપીઓનોજ ભોગ લેશે." આટલું કહેતાં એક બીજા મનુષ્ય પર તરવારનો ઘા કરી તેનુ ધડ ને શીર જુદાં કરી નાંખ્યાં. બીજા આકારે તેને પાછળથી પકડયો પણ આપણા બહાદુર મુસાફરે સમય સૂચકતા વાપરી પગની હડફટમાં તેને લઇ લાગ જોઇ જોરથી ગુલાંટ આપી ચત્તોપાટ સુવાડી દીધો. "નીચે તાહરો અંત પણ અત્રેજ આવવો જોઇએ" કહેતાં તેની છાતીમાં જોરથી કટાર ભોંકી દીધી. રખેવાળ આ બનાવ જોઇ જીવ લઇને ત્યાંથી નાઠો. બાળાને પોતા તરફ ખેંચી લઈ મુસાફરે કહ્યું "બાળા નાસો ભય વધારે છે શું. આ સામેનો રસ્તો ઠીક પડશે." આટલુ બોલતાં બન્ને જણુ દોડયા. ઘણા નાના વાંકા ચુંકાં રસ્તા વટાવી ઝાડોની ધીચ ઝાડીમાં આવી પહોંચ્યા. રખેવાળ નાશી છુટેલો હોવાથી આ જગાપર બીજા છ માણસ સાથે હથીયાર સહીત સામેથી આવી પોંહોંચ્યો. જ્યારે આપણો મુસાફર તદ્દન થાકી ગયલો હતો. વળી પોતા સાથ એક અબળાનું પણ રક્ષણ કરવાનું હતું. તુરત તેણે અવાજ સાંભળ્યો "માનવંત સાહેબ ગભંરાશો નહીં તમારો તાબેદાર બહાદુર હાજર છે." આટલું બોલતાં નાહનો બહાદુર એવડા જોરથી ધસ્યો

આવતો હતો તેણે પછવાડેથી એકજ ઝટકે બે જણને ઘાયલ કર્યા જ્યારે આપણા મુસાફરના છુટાં ફેંકેલ દંડે ત્રીજાને જમીનદોસ્ત કર્યો. બાકીના નાસી ગયા. બહાદુરસીંહ મુસાફરનો હાથ પકડી બોલ્યો "નાસો ત્વરા કરો, ભય હજી વધારે છે. દુષ્ટો ઘણા હોય એમ લાગે છે. બાજુના માર્ગે ચાલશો તો પાછા ધર્મશાળામાં જવાશે માટે આ માર્ગે ચાલો એટલે બહાર નીકળાશે. હું હમણાંજ તમારો તથા ધર્મશાળાનો અશ્વ લઈ આવું છું." એટલુ કહેતાં બહાદુરસીંહ દોડી ગયો. વખત ન ખોહોતાં જલદીથી અશ્વ લઇ જ્યાં મુસાફર તથા બાળા થાક ખાતાં હતાં ત્યાં આવી પહોંચ્યો. ખુલ્લા મેદાનમાં ચાંદનીમાં જ્યારે મુસાફરે આ બાળાનું મુખ જોયું ત્યારે તે ચમકી બોલી ઉઠયો "કોણ વનિતા!" આટલાજ શબ્દો તે બોલી શકયો. ત્યારે આ બાળાને ભોગમાંથી બચાવનાર કોણ રણજીત રણજીત!

પ્રકરણ ૮ મું.

પડતર કીલ્લો.

પ્રીય વાચનાર! કદાચ તને સંશય થશે જે ઉપર જણાવેલી ધર્મશાળામાં વનિતા ક્યાંથી ને શી રીતે આવી અને રજીણુત પણ ત્યાં કેવી રીતે શોધ કરતો જઇ ચઢયો. તેના ખુલાસામાં જણાવવું અત્રે ઠીક થઇ પડશે કે વનિતા તથા જમાલ રાતના દશ વાગ્યાને અમલે મનહરપુરીના દરવાજા બહાર ભાડુતી ગાડી ઉભી રખાવી પલાયન કરી ગયાં છે તે તો તું જાણેછે જ. જશરાજને ઘેર

રાતના તો વનિતા ચાલ્યા ગયાની ખબર કોઇને પડી નહિ. સઘળાં ઉઠયા બાદ વનિતાની ગેરહાજરી માલમ પડી. તેના ઓરડામાં ખબર કાઢતાં તે જણાઇ નહિ. ઘરમાં સર્વેને ફાળ પડી. પણ રણજીત તો આગળથી સમજી ગયો હતો કે કદાચ વનિતા નાશી ગઈ હશે. જશરાજના ઘરનો બોજો પોતાને શીર હોવાથી તુરત તપાસ કરવા લાગ્યો. નોકર વર્ગને ઘણી યુક્તીથી સવાલો પુછ્યા પણ જાણવા જેવી બાતમી મળી નહિ. આગલે દીવસે ઘરમાં કોઇ આવ્યા ગયાની હકીકત પુછતાં માલમ પડયું કે કાશી માલણ આવી હતી અને બાઇ તેની સાથે કાંઇક બહાર ગયાં હતાં. રણજીત લાગલો કાશીને ઘેર પહોંચ્યો. પહેલાં તો પુછતાં કાશીએ ગલ્લાંતલ્લાં કરવા માંડયાં પણ દરૂ બીડાવવાથી ખુલાસો કર્યો કે બાઇ તો જમાલખાન સાથે ચાલ્યાં ગયાં છે. જમાલખાન રણજીતની જાણ બહાર નહતો. રણજીત તેના મીત્રોમાં ફરી વળ્યો. અનાયાસે હુસેનબક્ષ ભાડુતી ગાડીવાળો જે જમાલ તથા વનિતાને મનહરપુરીથી ચાર કોસ દૂર મુકી આવ્યો હતો તે રણજીતની તપાસમાં મળી આવ્યો તે પણ રણજીતના ઓળખમાં હતો તેની પાસેથી જમાલ વનિતાના સબંધે જોઇતી માહીતી મેળવી. જમાલભાઇ એક સુંદર સ્ત્રી સાથે કેટલોક કીમતી માલ પણ લઇ જવા પામ્યા છે અને મનહરપુરીથી ચાર કોસ દૂરની ધર્મશાળામાં તેઓએ મુકામ કર્યો છે તે રણજીતના જાણવામાં આવ્યું. તુરત ઘેર પાછા ફરી પોતે હથીયાર વાપરવામાં કુશળ હોવાથી ખપ જોગાં હથીયાર તેમ મુસાફરીમાં જોઇતો જરૂરી સામાન તૈયાર કરી ઘોડાપર સજ્જ થઇ બહાર નીકળી પડયો. બનતી ઉતાવળે આ મુસાફર ગાડીવાળાએ કહેલી ધર્મશાળામાં આવી લાગ્યો પણ ત્યાં તપાસ કરતાં જણાયું કે જે બે મુસાફરો અત્રે ગઈ રાતના આવ્યા હતા તે બન્ને

સહવારમાં ત્યાંથી નીકળી પડયાં છે અને તેમાંનો એક અત્રેથી આઠ કોશ દુર માર્યું નામે નાનું ગામડું છે ત્યાં જવાનું કહેતો હતો. વગર ઢીલે આપણો બહાદુર ભલો રણજીત ત્યાં જવા તૈયાર થયો. રાત્રીએ પોતાનું ગાઢ સ્વરૂપ પકડયું હતું. થોડો રસ્તો કાપતાં જરા દુર અતિશય અંધારામાં બે ત્રણ મનુષ્યના અવાજ સંભળાયા. ઘોડા ને ધીમો પાડી અવાજ કયાંથી આવે છે તે બારીકાઇથી સાંભળવા લાગ્યો. તેને માલુમ પડયું કે કોઇ ઉઠાઇગીરો કોઇ પાસેથી માલ પડાવી લેવા તકરાર કરતા સાંભળ્યા. આપણો બહાદુર મુસાફર તુરત તે જગાપર પોતાનો ઘોડો દોડાવી ગયો. મુસાફરનો દેખાવ તથા મજબુત બાંધો જોઇ લુટારાઓ ગભરાયા અને નાસી ગયા. ફકત એક મુસાફર ત્યાં રહી ગયો તે બીજો કોઇ નહીં પણ મીગાં જમાલ હતો. રણજીતે જમાલને ઓળખી કાઢયો. જમાલના હાઝાં રણજીતને જોઇને ગગડી ગયાં. રણજીતે ગુસ્સાથી તેને સાચે સાચુ કહી દેવા જણાવ્યું જેમ ન કરતાં ઠાર માર્યા જવાની તાકીદ આપી. જમાલે કહ્યું "ભાઇ સાહેબ, કોઇ સારા ઘરની બૈરી માહરી સાથે નાહસી આવેલી જેને હું ગઇ રાત્રે મનહરપુરીથી લઇ ત્યાંથી ચાર કોસ દુર આવેલી ધર્મશાળામાં ઉતરેલો ત્યાં હમે રાત્રી ગાળી, દીવસ ઉગતાં તે સ્ત્રીને પુરૂષનો વેશ બદલાવી હમે બન્નો સાથે વસંતપુર ભણી જવા નીકળ્યાં. વસંતપુર ઘણું છેટે હોવાથી અડધે રસ્તે આવેલી મ્હોટી ધર્મશાળામાં હમે મુકામ કર્યો. ત્યાં તે સ્ત્રીએ પોતાની સાથે લાવેલો ઝવેરાતનો દાબડો મ્હને સાચવવા આપ્યો. આ દાબડા અંદરના ઝવેરાત જોવાથી મ્હારૂં મન બગડયુ અને તે સ્ત્રીને ઉંઘતી મુકી હું આ બાજુ ન્હાઠો. રસ્તામાં મ્હને ચાર જણ મ્હારી પાસેનો દાબડો ઝુંટવી લેવા મળ્યા એટલામાં તમો આવી પહોંચ્યા., હવે આ દાબડો આપ

રાખો અને મ્હનો છુટો કરો. " પાપીને શિક્ષા થવીજ જોઇએ " એમ બોલી જમાલને બંદીવાન કરી આ બનેલા બનાવની નજદીકમાં માર્યું નામે નાનું ગામડું આવેલું હતું ત્યાં લઇ જઇ પોલીસપટેલ જે રણુજીતનો ઓળખીતો હતો તેને સોંપી રણજીત આગળ નીકળી પડયો. પછી શું થયું અને વનિતાનો મળી આવવાનો પ્રસંગ કેવી રીતે પ્રાપ્ત થયો તે તો આગલા પ્રકરણમાં જણાવી ગયા છીએ.

હવે આપણે વનિતા તથા રણજીતને આવા ભયના વખતમાં મદદ કરનાર નાહના બહાદુરસિંહની ઓળખ પાડીએ. ઝાડોની ધીચ ઝાડી છોડી વનિતા તથા રણજીતસિંહ જ્યાં બેઠા હતા ત્યાં બહાદુર એ ઘોડા લઈ આવ્યો અને બોલ્યો " રણજીતસીંહ તમે શુરવીર છો પણ આ જગા નીરભય નથી. જ્યાં સુધી રખેવાળ જીવતો છે ત્યાં સુધી તે વધુ સંખ્યામા મદદગારો લઇ આવી આપણને હેરાન કરી શકે. અહીંથી થોડે છેટે એક ઝરો છે ત્યાં મ્હોટું વડનું ઝાડ છે માટે આપણે ત્યાં બેશી થાક ઉતારશું." રણજીતસીંહને આ શીખામણ વ્યાજબી લાગી. તુરતજ તે સઘળાં ઘોડેશ્વાર થયાં અને બહાદુરે કહેલા ઠેકાણે આશરે દોઢેક કલાકની મુસાફરીમાં આવી પહોંચ્યા. આ ઠેકાણું ધારતી વગરનું હતું. વટેમાર્ગુઓની આવજાવ સારી હતી. ત્રણે જણા ઘોડા ઉપરથી ઉતરી જીન પાથરી નીચે બેઠા. રણજીતે વાત શરૂ કરી વનિતા પ્રત્યે પુછ્યું " તમે ધર્મશાળામાં કેવી રીતે આવ્યાં તે હું જાણી ચુકયો છુ પણ તમે ગુપ્ત ઓરડામાં કોણ કેની રીતે લાવ્યું અને તમારો ભોગ આપવાનું કારણ એ સઘળું વીગતવાર જણાવો." વનિતા અતિશય શરમાઇ ગઇ હતી. બોલવાના પણ રામ નહતા. પોતાના કરેલ પાપનો મનમાં પ્રશ્ચાતાપ ચાલુ હતો. જવાબ આપ્યા વગર છુટકો નહતો. મ્હોં નીચું રાખી બોલી " રણજીતસીંહ જ્યારે મ્હને

આપના તરફથી જોઇતો જવાબ ન મળ્યો ત્યારે હું મ્હારી મનોવૃત્તી કાબુમાં રાખી શકી નહિ. હું એક નીચ મુસલમાનને બ્રાહ્મણ કાશીની ભલામણથી ફંદે ફસાઈ. તેની સાથ ઘરમાંથી ઝવેરાત મ્હારી સાથ લેવાય તેટલાં લઇ હું ન્હાસી આવી. તે મુસલમાને મ્હને ખુશ કરવાને ઘણાં ઘણાં વચનો આપવાથી હું લોભાઇ ગઇ. હમે બન્ને આ ધર્મશાળામાં રાત્રી ગાળવા ઉતર્યા. ચોર લુટારાના ભયથી મ્હારી પાસેના ઝવેરાતનો દાબડો મેં તેને સાચવવા આપ્યો. હુ ઉંઘતી હતી તેનો લાભ લઇ તે મ્હારો આપેલો દાબડો લઇ પલાયન કરી ગયો કારણ ત્હેને મહારા કરતાં મ્હારા દાબડાની વધુ જરૂર હોય એવું મ્હને હવે લાગે છે. હું કહો તેવા સોગંદ ખાઇ કહું છું કે હજું હું ભ્રષ્ટ થઇ નથી. ઉંઘમાંથી ઉઠી તપાસ કરતાં તે મુસલમાન જણાયો નહીં. મ્હને એમ થયું કે કદાચ બ્હાર ગયો હશે, ઘણીવાર રાહ જોઇ પણ તે પાછો ફર્યો નહીં. આ હકીકત તે ધર્મશાળાના ભલા દેખાતા વૃદ્ધરાખે વાળને જણાવી. તેણે કહ્યું કે બાઇ તે મુસલમાન સામેના વાડામાં ગયો છે તમારે જવું હોય તો હું તમને ત્યાં તેડી જાઉ. હું ત્હેની સાથે જવા નીકળી. બે ખંડ વટાવ્યા બાદ હમે વાડામાં દાખલ થતાંજ તે વૃદ્ધે શીશોટી વગાડી. તુરત એક કાળો આકાર નજર આગળ આવ્યો. તેણે મહારા મ્હોડાંને ડુચો મારી મ્હને ઉચકી ભોયરાંમાં ચાલતો થયો. વૃદ્ધ ભોંયરાંમાં મ્હારી પાછળ આવી મને બારીકાઇથી નીહાળી બોલ્યો સુંદરી તું મ્હારી થઇ રહેવા કબુલ થા નહીંતર તાહરો અત્રે વધ કરીશ. જંગલમાં વસતા આવા જંગલીઓ પ્રત્યે પ્રેમ બતાવવા કરતાં મરવું મેં પસંદ કર્યુ અને મ્હારી તે પ્રમાણેની મરજી બતાવી તે વૃદ્ધ આથી છેડાઇ ગયો અને મને હજી પણ કબુલ થવા ચેતવણી આપી. મેં તેનો ફરીથી ગુસ્સાથી નકારમાં જવાબ વાળ્યો. આથી

તેણે મારાને મ્હારો વધ કરવા આજ્ઞા આપી પછી જે કાંઇ થયું તે તમને સારી પેઠે વિદીતછેજ. વનિતાનું વૃતાંત પુરૂં થયું.

રણજીતસીંહ બહાદુર તરફ નજર કરી બોલ્યો “ભાઇ બહાદુરસીંહ મ્હારા ધારવા પ્રમાણે તમે કોઇ સાધારણ મનુષ્યના ફરજંદ નથી પણ કોઇ ઉમરાવ યા રાજપુત્રના ફરજંદ હો એવી તમારી વર્તણુંક તથા બહાદુરીથી માલમ પડે છે માટે તમે કોણ છો. આ દુષ્ટ રખેવાળના પ્રસગમાં કેવી રીતે આવ્યા તે સઘળુ અથથી ઇતી સુધી સંભળાવો.” બહાદુરસીંહે કહ્યું “મ્હારા વ્હાલા પ્રાણદાતા! મેં તમને આગળ મ્હારા સંબધી જે વિગત જણાવી તે શિવાય મ્હારા સંબંધે હું કાંઇ પણ વધુ જાણતો નથી. પણ હું નાહનો હતો તે વખતની એક વાત યાદ આવે છે તે એકે હું બાળક હતો ત્યારે મ્હારી સંભાળ રાખવા સારૂ કેટલાક ચાકરો હતા અને હું બાગ બગીચામાં ફરતો ત્યારે તે મ્હારી સાથે રહેતા. હું ઘણાં સારાં વસ્ત્રો તથા દાગીના પહેરતો હતો. મને એક બ્હેન હતી એવું પણ મને યાદ છે. તે બધું ક્યાં ગયું ને હું શીરીતે આ દશાએ પહોંચ્યો તે મ્હને યાદ નથી.” ઉપલું સાંભળી રણજીત બોલી ઉઠ્યો “હાં હાં બરાબર મળતું આવે છે.” બહાદુર—સાહેબ મ્હારી વાત સાંભળી આપને આટલું આશ્ચર્ય કેમ લાગે છે. રણજીતે વાત ઉડાવી. તેને પોતાની હકીકત આગળ ચલાવવા કહ્યું. બહાદુર—રણજીતસીંહ મેં મ્હારૂં વૃતાંત પુરૂં કર્યુ છે. હવે આપ કોણ છો અને આપ શી રીતે અત્રે આવી ચઢ્યા તે આપ કૃપા કરી જણાવો. રણજીતે પોતાનો ઇતિહાસ શરૂ કર્યો. બહાદુરસીંહ—મ્હને આપણે દીલોજાન મીત્ર હોઇએ એમ લાગે છે માટે તમારી આગળ ખરી હકીકત કહેતાં મ્હારા મનને જરા આંચકો લાગતો નથી. હું ચંદ્રગઢના મરહુમ મહારાજા ચંદ્રસીંહના વંશનો છઉં.

આપણા દેશી રાજ્ય રજવાડામાં રાજાના મોટા પુત્રને ગાદી મળતી હોવાથી નાહના પુત્ર યા પુત્રોને જાગીરો આપવામાં આવે છે એ વાત તો તમારી જાણમાં હશેજ. મ્હારા પીતાને નાહના પુત્ર હોવાથી જાગીર મળેલી, જેનો ભોગવટો હું કરૂ છઉ. મ્હારૂં ચંદ્રગઢમાં ન રહેવાનુ કારણ એટલુ જ છે કે હાલના રાજા સાથે હમારે સારો એખલાસ નથી. મ્હારી જાગીરની વારસીક આવક જો કે થોડી છે પણ હુ પાંચ પૈસે સુખી હોવાથી મ્હને કોઇ જાતની પૈસા સબંધી અડચણ નથી. મ્હારા પિતાએ મને બી. એ. સુધીનો વિદ્યાભ્યાસ કરાવ્યો છે. હાલનો ચંદ્રગઢનો વૃદ્ધ રાજા પુત્રથી રહિત છે અને તેના મૃત્યુ બાદ હું તે રાજ્યનો હકદાર વારસ છું.” રણજીતે પોતાની હકીકત પુરી કરી કહ્યું કે અત્રે આપણને લાંબો વખત થયો છે માટે આપણી મુસાફરી ચાલુ કરીએ. બહાદુરસીંહે તે વિચારથી મળતા થઈ કુચ કરવાની તૈયારી કરી દીધી. ત્રણે સાથે નીકળી પડયાં વાટમાં રણજીતે બહાદુર પ્રત્યે પુછ્યું કે ભાઇ બહાદુર અહીંથી વસંતપુર આપણને નજદીક પડશે માટે ત્યાં જઇશું? ત્યાં બે દીવસ રહી આપણે મનહરપુરી તરફ પ્રયાણ કરશુ. આ વાત બહાદુરને યોગ્ય લાગી નહીં. કારણ ધર્મશાળાનો રખેવાળ વસંતપુરમાં સારો ઓળખ ધરાવતો હતો તે કદાચ આપણી પુઠે પડી હેરાન કરે. આ કારણ બતાવી પોતે સૂચના કરી કે વસંતપુરથી ચાર કોશ છેટે કરણાટ નામે નાહનું ગામડું છે ત્યાં જવું ઠીક થઇ પડશે. પહેલા તેમાં સારી વસ્તી હતી અને આબાદ શહેર હતું. હાલ તે ખંડીયેર સમુ થઇ ગયું છે જો કે જુના ઇતિહાસીક દેખાવો ત્યાં ઘણા જોવા લાયક છે. વળી ત્યાં આપણો વખત ઘણો આનંદમાં જશે. આ વાત રણજીતને રૂચી. માર્ગ બદલી કરણાટનો માર્ગ લીધો. કરણાટ ગામ બહાર એક અસલી મજબુત

કીલ્લો ખંડીયેર હાલતમાં હતો પણ કેટલાક બુરજો તેના સારી હાલતમાં હતા.

બહાદુર—રણજીતસીંહ ગામમાં રહેવા કરતાં આ એકાંત જગા આપણને બંધબેસ્તી થઈ પડશે વળી આપણે લોકોની જાણમાં પણ આવશું નહીં કે જેથી આપણી મુસાફરીમાં વધુ વિઘ્નો નડે નહિ.

રણજીત—ઠીક, મ્હારો કોઇ રીતે વાંધો નથી.

આ ત્રણે મુસાફરના ઘોડા આ ખંડીયેરના વચલા ભાગમાં આવી લાગ્યા. કીલ્લામાં રહેતો કોળી ચોકીદાર જાણી ગયો કે આ કોઇ તવંગર મુસાફરો આવ્યા છે એટલે તુરત તેમના તરફ દોડી જઇ સલામ કરી બોલ્યો, " સાહેબ, આ કીલ્લાનો હું ચોકીદાર છું, આપ સુખે અત્રે મુકામ કરો. મ્હારૂં રાંધેલું તો આપને કામ ન લાગશે પણ આપને કાચુ સીધું જોઇતું આપીશ ને જે ન હશે તે તુરત ગામમાંથી લાવી આપીશ " ચોકીદારને બે પૈસા મળે એટલો જ સ્વાર્થ હતો રણજીતે તેની લાયકી માટે ઉપકાર માન્યો અને પોતાની અત્રે બે દિવસ રહેવાની ઇચ્છા જણાવી, તથા તેનું નામ શું છે તે પુછ્યું. ચોકીદારે કહ્યું કે મ્હારૂં નામ રામલો કોળી છે. રણજીતે તેને ગજવામાંથી કાઢી બે રૂપીઆ આપ્યા. રામલો આથી ખુશખુશ થઇ ગયો. મુસાફરો માટે શીધું કહાડી શાક લેવા માટે ગામ તરફ દોડ્યો. વનિતાએ શીધુ લઇ છ ઇંટનો કાચો ચુલો બનાવી રસોઇ બનાવવી શરૂ કીધી, જ્યારે બહાદુર તથા રણજીત કીલ્લાનો બહારનો દેખાવ જોવામાં રોકાયા. કીલ્લો ઘણે ઠેકાણેથી પડી ગયલો બસ્માર હાલતમાં હતો કીલ્લો જોવાથી ખાત્રી થતી હતી કે મોટી મોટી લડાઇમાં તે ઘણો ઉપયોગી થઈ પડ્યો હશે. રણજીતે બહાદુર પ્રત્યે આ કીલ્લા સબંધી કાંઇ વિગત, તેની જણમાં હોય તે કહેવા જણાવ્યું.

બહાદુરે તે સંબંધે પોતે અજાણ્યુ હોવાનું જણાવ્યું. રામલો કોળી શાક લઈ પાછો આવી લાગ્યો. વનિતાએ રસોઇ પુરી કરી. રણ-જીત બહાદૂરને જમવા બેસાડ્યા. સાથે રામલા કોળીને પણ જમાડ્યો. પરવારી સઘળા બહારના ખંડમાં વાતે બેઠા. રણજીતે રામલાને આ કીલ્લો આવી હાલતમાં આવી જવાનું કારણ અને તે કોનો પગારદાર નોકર છે તે પુછ્યું. રામલો કહેવા લાગ્યો કે આ કીલ્લાનો નાશ આશરે ચાલીસેક વર્ષ પર થયો હતો કે જે વખતે હું ફક્ત પાંચ વર્ષનો હતો. રાજા કર્ણસીંહ આ કીલ્લાના માલિક હતા અને તેઓ મ્હારા પિતા ઉપર સારો ભાવ રાખતા હતા. વધુમાં તેણે મ્હારા પિતાને કેટલીક જમીન બક્ષિસ પણ આપી હતી. એક વખત વસંત-પુરના રાજા સાથે ગામની હદ બાબતમાં તકરાર ઉઠી અને રાત્રે ઓચીંતો તેણે કર્ણસીંહ ઉપર હુમલો કર્યો. આ હુમલાથી કર્ણસીંહ ગાફેલ હતો. તરત પોતાના લશ્કરને તૈયાર કરી બહાદુરીથી પોતાનો બચાવ શરૂ કીધો. બંન્નો પક્ષનાં ઘણાં માણસો માર્યા ગયાં. લડાઇનો અંત જલદી નહીં આવશે એમ ધારી વસંતપુરના રાજાએ કીલ્લા ઉપર તોપોનો સખત મારો તેમ દિવસ સુધી રાતદિવસ ચાલુ રાખ્યો જેમાં કીલ્લાનો ઉત્તરનો ભાગ તૂટ્યો અને તે વાટે દુશ્મન રાજા કી-લ્લામાં દાખલ થવા લાગ્યો. કર્ણસીંહે હજારો માણસોના ભોગે તેને અંદર દાખલ થવા દીધો નહિ. પરંતુ કમનશીબે કર્ણસીંહનો પ્રધાન નીમકહરામ નીવડ્યો. તેણે દુશ્મન રાજા સાથે મળી જઈ કર્ણસીંહને રસોઇમાં ઝેર અપાવ્યું. રાજા કર્ણસીંહ મરી ગયાથી વસંતપુરના રાજાએ કીલ્લાનો કબજો મેળવી ગામ જેમ લુંટાય તેમ લુંટ્યું અને આ ગામને વસંતપુરના તાબાના ગામ તરીકે રાખ્યું. મ્હારો પિતા કર્ણસીંહની અ-ગાઉ લડાઇમાં માર્યો ગયો હતો. અને તેને કર્ણસીંહે આપેલી જમીન

નવા રાજાએ ખુંચવી લીધી. મ્હારાપર દયા આવવાથી મ્હને થોડી જમીન આપી અને આ કિલ્લાના ચોકીદાર તરીકે રાખ્યો. આ કિલ્લામાં છૂપા ભાગો. તથા ભોંયરાં ઘણાં છે. પણ વપરાશમાં ન હોવાથી તેમાંનાં થોડાં પુરાઇ ગયાં છે, અને કેટલાક કાયમ છે. જો તમારે તે જોવાની મરજી હોય તો ચાલો હું બતાવું. રણજીતસીંહે તે જોવાની ખુશી બતાવી અને ભોંયરાં વગેરે જોવા સઘળા ચાલ્યા. જોતાં જોતાં સાંઝ પડવા આવી એટલે પાછા પોતાની જગ્યાએ ગયા. કીલ્લાના ચોકીદારે તેની પાસે બીછાનાં હતાં તે આપ્યાં. થાકેલ મુસાફરોએ પોતાનો થાક ઉતારવા નીંદ્રાને આધીન થયા.

પ્રકરણ ૯ મું.

નદીમાં.

બીજે દિવસે પ્રાતઃકાળમાં સર્વ ઉઠી પોતાના નીત્યકામથી પરવારી જમી લઇ વનિતા શીવાય બધા કિલ્લા ઉપરથી નીચે ઉતરી ગામ જોવાને ગયા. વનિતા એકલી પડવાથી ઓરડાનો દરવાજો અંદરથી બંધ કરી વીચારમાં પડી. ગામમાં કેવી રીતે મ્હોં બતાવાશે, લોકો શું કહેશે, સસરાને શું જવાબ આપીશ વગેરે અનેક તર્કવિતર્ક થવા લાગ્યા. રણજીત વગેરે જે ગામ જોવા ગયલા તે મધ્યાન્હને સુમારે પાછા ફર્યા તો કીલ્લાના દરવાજા આગળ એક કાસદ ચંદ્રગઢથી જરૂરના કામનો કાગળ લઇ આવેલ બેઠેલો

દીઠો. ત્રણેને આવતાં જોઇ ઉભા થઇ સલામ કરી રણજીતસીંહ તરફ જોઇ પૂછયુ "આપનું નામ રણજીતસીંહ છે?" હાનો જવાબ મળતાં કાગળ રણજીતસીંહના હાથમાં મુકયો. કાગળ રણજીતસીંહે વાંચ્યો તે નીચે પ્રમાણે હતો.

"આ કાગળ લાવનાર માણસ સાથે આપ સત્વર ચંદ્રગઢ તરફ પધારશો. કોઇ જરૂરના કામસર આપની તાકીદે અત્રે જરૂર છે. ઢીલ કરશો નહીં."

આ પત્રપર ચંદ્રગઢના પ્રધાનની મોહોર હતી અને તે રણજીતસીંહપર લખાયલો હતો. કાસદને આ તાકીદના પત્ર સબંધે કાંઇ જાણતો હોય તો તે કહેવા જણાવ્યું. ફક્ત તેણે ચંદ્રગઢના વૃદ્ધ રાજા ઓચિંતા મર્ણ પામવાના સમાચાર કહ્યા. વનિતાને કાસદને કાંઈ ખાવાનું બચેલું હોય તો તે થાકેલો તથા ભુખ્યો હોવાથી આપવા કહ્યું. રણજીત બહાદુરને બાજુએ બોલાવી લાવ્યો અને કહેવા લાગ્યો કે ભાઇ બહાદુરસીંહ આ પત્રથી મને તાકીદે ચંદ્રગઢમાં બોલાવવામાં આવ્યો છે. ખરૂં કારણ તમારી આગળ છુપાવવાની જરૂર નથી. ચંદ્રગઢનો રાજા મર્ણ પામ્યો છે. હું તેનો નજદીકનો સગો છું માટે જ મ્હને પ્રધાને બોલાવ્યો છે તો આપણે કાલે પ્રભાતે અત્રેથી નીકળી પ્રથમ વનિતાને ઘેર સોંપી ચંદ્રગઢ તરફ જઇશું. આ વાત ચાલતી હતી તેટલામાં કાસદ જમીને બહાર આવ્યો. રણજીતે તે પાછળ આવે છે એવું કહી રજા આપી જેથી તે તેને રસ્તે પડયો. આડી અવળી વાતમાં રાત્રી પડવા આવી. સર્વે ઉંઘી ગયા. સહવારમાં ઉઠી તુરત જવાની તૈયારી શરૂ કીધી પણ બહાદુરસીંહથી આંગ ગરમ હોવાથી અને ઠંડી બહુ લાગવાથી ઉઠાયું નહીં. આ સમાચાર રણજીતને તેણે કહ્યા. વધુમાં કહ્યું કે મ્હારામાં શકતી બીલકુલ નથી માટે હું બે દિવસ

અત્રે રહીશ. તમે સત્વર જાઓ હું શક્તી આવે તુરત તમારી પછવાડે આવી પહોંચીશ.

રણજીત—ભાઈ મ્હારો જીવ તને એકલો છોડીજતાં માનતો નથી માટે આપણે સાંઝે જઇશું. ગરમ કાંજી પીને થોડીવાર આરામ લેશો તો જીવને કરાર થશે.

આંગ ઘણું ગરમ હતું. વનિતા પાસ કાંજી કરાવી બહાદુરને પાઇ પણ બપોર થઇ સાંઝ પડવા આવી પણ તાવ ઉતર્યો નહિ. સાંઝે વધુ જોરમાં તાવ ચઢયો. બહાદુરે કહ્યું રણજીતસીંહ મારૂં કહ્યું માની તમે અહીંથી જલદી જાઓ. મ્હારો તાવ જલદી ઉતરે તેમ નથી. વિલંબ કરવામાં તમને નુકશાન છે માટે હું આજીજી કરી કહું છું કે તમે તમારે ચંદ્રગઢ તરફ જાઓ અને મને ફેરપડે આપની પાછળ આવીશ. રણજીતને આવી સ્થીતિમાં બહાદુરને એકલો મુકી જવાનું વ્યાજબી લાગ્યું નહિ. લાભ હાનીની દરકાર કરે તેવો તે નહતો.

બહાદુર—ભાઇ આપની માયાનો બદલો મ્હારાથી વાળી શકાવાનો નથી. આપની ગેરહાજરીમાં મારી બરદાસ આ ચોકીદાર લેશે. મને તમે એકાંત જગ્યામાં એકલો મૂકી જવાનુ કહો છો પણ ભાઇ પરમેશ્વરે જ મ્હને એકલો રહેવાનું નક્કી કર્યું હશે. તેમ ન હોય તો મ્હારા કુટુંબીઓથી મ્હને વીખૂટો કેમ પાડે! મ્હને બચપણથી જ એકલા રહેવાની ટેવ પડી ચુકી છે.

આટલું બોલતાં બીમાર બહાદુરની આંખોમાં આંસુ આવ્યાં. રણજીતે પોતાના વસ્ત્રથી તેનાં આંસુ લુછ્યાં અને તેને ઘટતી શીખામણ આપી. રખેવાલ વચમાં બોલ્યો સાહેબ આપ બહાદુરસીંહ વિષે જરા પણ ફીકર રાખશો નહીં. મ્હારા જીવથી પણ વિશેષ એને ગણી એની બરદાસ રાખીશ માટે આપ સુખે સીધાવો. લાચારીથી રણજીતને

જવું પડયું તેથી ઘણું લાગી આવ્યું. વનિતાને પણ તૈયાર થવા સૂચના આપી. જતી વખતે પાછો બહાદુરને મળવા જ્યાં તે સુનો હતો ત્યાં આવ્યો તથા બોલ્યો ભાઈ બહાદુર હું જાઉં છું. શરીરની સંભાળ રાખજે. રખેવાળ તરફ ફરી તેને કહ્યું તાહરી મેહેનતનો બદલો લે. મ્હારી ગેરહાજરીમાં બહાદુરની સેવા બરાબર કર્યા બદલ હું તાહરો ઉપકાર ભૂલીશ નહિ. રખેવાળ પોતાની સેવાની કદર થયલી જાણી ખુશી ખુશી થઈ ગયો. રણજીતને બહાદુરની ફીકર ન રાખવા પોતાથી બની શકે તેવા શબ્દોમાં ફરી જણાવ્યું. બહાદુરને આરામ થયે જલદી તેડી લાવવાનું રખવાળને પણ સાથે આવવાનું કહી સર્વે છુટા પડયા. છુટા પડતી વખતનો દેખાવ ઘાતકી મનુષ્યનુ પણ હૃદય પીગળાવે એવો હતો.

વનિનાને પણ બહાદુરથી છુટાં પડતાં આંસુ આવ્યાં. મુલક અજાણ્યો હોવાથી અને રાત્રિનો વખત હોવાથી રખેવાળ થોડેક સુધી રસ્તો બતાવવા સાથે આવ્યો. વાટમાં રખેવાળે કહ્યું કે સીધે માર્ગે મનહરપુરી જતાં વખત ઘણો જશે. ઉત્તરને રસ્તે માર્ગ ટુંકો છે પણ કઢંગો છે. વચમાં એક વહેતી નદી આવશે તે નદી જ્યારે પુર જોરમાં હોય છે ત્યારે ઓળાગી શકાતી નથી. માટે તપાસીને જશો. રણજીતે ટુંકો રસ્તો પસંદ કર્યો અને રખેવાળને પાછા જવા રજા આપતાં કહ્યું કે બહાદુરની સભાળ ઘણી સારી રીતે રાખજે. રખેવાળ પોતાના છોકરા તરીકે ગણી સભાળ રાખવા વચન આપી છુટો પડયો. રસ્તો રખેવાળે કહ્યું તેમ ઘણોજ ખરાબ ટેકરા ટેકરીવાળો અને ખરબચડો હતો. રણજીતે ઘોડાઓ દોડાવી મુક્યા હતા. આખરે રખેવાળે કહેલી નદી આવી. પોતે ઘોડા ઉપરથી ઉતરી વનિતાને ઉતારી અને તેને થોભવા કહ્યું. નદીને સામે પાર અશ્વો પહેલાં મુકી આવ્યો.

વનિતાને હાથ પકડી નદી ઓળગવી શરૂ કરી પગ સંભાળી મુકવા વનિતાને કહ્યું કારણ નદીમાં જોર વધતું જતું હતું. કેટલોક પંથ તો• કાપ્યો પણ પાણી અતિશય વધવા માંડ્યું. રણજીત ચેતી ગયો. માર્ગ અડધા ઉપરાંત કાપવો હતો હવે કાંઇ ઇલાજ હાથ રહ્યો નહિ. જેમ બને તેમ જલદી પગ ઉપાડવા માંડ્યા. પાણીના સખત વહેળાએ વનિતાને ગભરાવી. તે બુમ પાડી ઉઠી. રણજીત મને સભાળો મ્હારા પગ રહેતા નથી. બીજે વહેળે વનિતાનો હાથ રણજીતના હાથમાંથી સટકી ગયો અને તે તણાતી ચાલી. રણજીત તુરત તેની પાછળ પડ્યો. સાધારણ તરનારનો આશરો ન લાગે એટલુ જોર હતું પણ આપણા બહાદુર મુસાફર અથગ તરનાર હોવાથી હીંમત હાર્યો નહી. ઘણો આગળ નીકળી ગયો. ક્યાંય પણ પત્તો લાગ્યો નહીં. વધુ તરવાની શક્તી નહોતી અને ડુબવાની હવે અણીપર હતો પરંતુ પરમકૃપાળુ પરમેશ્વરે આપણા બહાદુરની આત્મભોગની કસોટી જોઇ મદદ મોકલી. સામે કાંઠા ઉપર એક આકૃતી દેખાઇ. તેણે નદીમાં આપણા બહાદુર મુસાફરની જીંદગી જોખમમાં જોઇ તેના તરફ પોતાના વસ્ત્રનો છેડો ફેંક્યો જેને પકડી રણજીત કાંઠા તરફ આવી લાગ્યો. શું મારા ઉપકારનો બદલો આપે વાળી આપ્યો. આટલા શબ્દો તેના મુખમાંથી અચાનક નીકળી પડ્યા. વનિતા માટે અત્યત શોકમાં પડ્યો. હવે તે તેને ફરી ન મળશે ને સઘળી મહેનત ફોકટ ગઇ તે માટે પશ્ચાતાપ કરવા લાગ્યો. વનિતા શું તું સદાને માટે દુનીયાને છેલ્લા અવશેસ કરી ગઇ ! ! ના ના, વાંચનાર વનિતા માટે અશ્રુ પાડતા નહિં. હજી તેને વિષે ત્હારે ઘણું જાણવાનું છે.

પ્રકરણ ૧૦ મું.

યોગીની.

શુન્ય અરણ્યમાં આવેલ એક નાની પર્ણકુટીમાં ઘણા નમ્ર સ્વરે કાંઇક વાર્ત્તાલાપ થતો સંભળાતો હતો. ચાલો તે વાર્ત્તાલાપ કોણ કરે છે તે જોવા જઇએ. અંદર બે વ્યક્તીઓ મંદ સ્વરે કાંઇ બાબત ઉપર વાત ચલાવતી હતી. એક વ્યક્તી આશરે ચાલીશ વર્ષની વયની ઉમરની સ્ત્રી જણાતી હતી. જો કે તેના કેશ ઉમરના વહેવા સાથે ધોળા માલમ પડતા હતા પણ તેની કાંતી તથા ગૌરવર્ણ હાથમાં રૂદ્રાક્ષની માળાઓ એ સર્વે કોઇ દેવાંશીની ઉપમા આપતી હતી. બીજી વ્યક્તી ૧૭ વર્ષની ઉમરની યુવાન સ્ત્રી હતી. મોટી સ્ત્રીને આપણે યોગીનીના નામે ઓળખીશું. તેણે તે યુવાન સ્ત્રીને પુછ્યું બ્હેન હવે તાહરી તબીએત સુધરતી જાય છે પાણીથી લાગેલ શરદી દુર થઇ છે માટે બ્હીક રાખીશ નહિ. આજ ત્હારી તબીએત ઘણી સારી છે. ત્હારૂં નામ શું છે ને તું કોની પુત્રી છે અને આ પ્રમાણે શી રીતે થયું તે મને વીગતવાર જણાવ. પહેલાં તો યુવતી લજ્જાથી નીચું જોઇ રહી. કેટલીક વાર હાથ જોડી નમસ્કાર કરતી બોલી મહામાયા તમે સાક્ષાત ઇશ્વર સ્વરૂપ છો એટલે મને આ અસાર સસારમાંથી તારશોજ. હું સંસારથી કુટુંબથી અને મ્હારા પતીપ્રેમથી વીરક્ત છું. હું મ્હારા વૃત્તાંત બીન છુપાવે કહું છું તે કૃપા કરી સાંભળો " હું મનોહરપુરીના પ્રખ્યાત કારભારીની પુત્રવધુ થાઉં છું. મ્હારૂં નામ વનિતા સુંદરી છે. મ્હારૂં લગ્ન માહરા કરતાં વયે નાહના

પતિ સાથે થવાથી હું હમ્મેશ વિરહતાપથી બળ્યાં કરતી હતી. ગામમાં વસતા એક રજપુત નામે રણજીત ઉપર મોહી અને નીચ માંગણી તેની પાસે કીધી ઉલટો તેણે મને બોધ આપી સારે માર્ગે દોરવવા તજવીજ કરી. હું અભાગણી તે ન સમજી અને એક મુસલમાન સાથ નાસી ગઇ. મ્હારા સસરા સંબંધીઓએ મ્હારે માટે ઘણી શોધખોળ કરવા માંડેલી જેમાં રણજીત પણ હતો. હું જે મુસલમાન સાથે નાસી ગઇ તે મ્હને લુટી લઇ માર્ગમાંથી નાશી ગયલો આ શિવાય ત્યારબાદ બનેલી સઘળી હતીકત અતથીઇતી સુધી કહી સંભળાવી. પોતાની માફક રણજીત પણ પાણીના વેહેળામાં તણાયો હતો તે ડુબી ગયો હશે કે કેમ તે રાત દિવસ ચિંતા વનિતા કર્યા કરતી હતી. પોતાનાં અને રણજીતનાં સાથે તણાવવાની વાત આવતાં વનિતાતી આંખમાંથી દડદડ આંસુનો પ્રવાહ નીકળતો રહ્યો હતો. યોગીની વનિતાને આશ્વાસન આપતાં બોલી બેટા શાંત થા. તે પુરૂષ જ્યાં હશે ત્યાં નીર્ભયજ હશે. ઇશ્વર હમેશાં આવા પરોપકારી મનુષ્યને સહાયક થાય છે જ અને અણીને વખતે તે ગમે તે પ્રકારની મુશીબતમાં હોય ત્યાંથી બચાવી લેછે. બેવકુફ મનુષ્યો એમ સમજે છે કે હમે જે કાંઇ કરીએ છીએ તે કોઇ દેખતું નથી પણ તેમ નથી. નીર્જન સ્થાન, ભયાનક અરણ્ય, પર્વતની ખીણ ભોંયરામાં કે અસંભવીત એકાંન્તમાં ગમે તે પ્રકારનું બીજો માણસ ન દેખે એવું જાણી જે કૃત્યો થાય છે તે જગતકર્ત્તા ઇશ્વર તો સઘળું દેખે છેજ. કહેવત છે કે ઇશ્વરની લાકડીને અવાજ નથી એટલે જેને જે પ્રમાણે કર્તવ્ય તે પ્રમાણે બદલો મળે છેજ. ઇશ્વરની ચાર આજ્ઞા મનુષ્યે પાળવાનો મુળ ધર્મ છે. તે આજ્ઞાઓ દરેક મનુષ્યે મનન કરી તે પ્રમાણે વર્તવું જોઇએ. તે આજ્ઞાઓ તું નહીં જાણતી હોયતો સાંભળ. દાન—શીયળ, તપ અને ભાવના તે સર્વમાં બ્રહ્મચર્ય એ મુખ્ય છે. એક ઠેકાણે કહ્યું છે કેઃ—

सूची भूमि गतः तोयं सूची नारी पतीवृता
सूची धर्म परो राजा ब्रह्मचारी सदा सूची.

ભાવાર્થઃ—

પાણીથી જમીન પવીત્ર થાય છે. પતીવ્રતાપણાથી સ્ત્રી પવીત્ર થાય છે. ધર્મપરાયણ રાજા પવીત્ર હોય છે પણ બ્રહ્મચારી તો સદા પવીત્રજ હોય છે માટે હે સ્ત્રી મ્હારો ઉપદેશ શ્રવણ કરી તેનું નિશ્ચીંતપણે મનન કરજે. બ્રહ્મચર્યના સંબંધે મહામોટા રૂષીઓએ ઘણો ઘણો સદ્ઉપદેશ કરેલો છે. સ્ત્રીનો ખરો ધર્મ શીયળ છે. તે વિષે એક મુનીએ કહ્યું છે કેઃ—

कोफीकानां सूर रुपं स्रीणां रुप पतीवृता
विद्यारुपं कुरुपाणां क्षमा रुपं तपस्वीनाम.

ભાવાર્થઃ—કોયલનું મધુર સ્વર એ ભૂષણ છે. સ્ત્રીનું ભૂષણ પતીવ્રતાપણુ છે. કદરૂપાનું રૂપ વીદ્યા છે અને તપસ્વીનું રૂપ ક્ષમા છે.

યોગીનીએ વનિતાને આ અસારસંસારની માયા તેથી થતા ગેરલાભો વગેરે લંબાણથી સમજાવ્યા અને વારંવાર તેને શંશય પડતી બાબતો પુછી ખુલાસો મેળવવા કહ્યું. બ્રહ્મચર્ય વ્રત પાળવાના અને તેથી થતા લાભો પણ કહ્યા. વધુમાં તેને પતીવ્રતા વ્રત પાળવાનો અને સ્ત્રીનું તેજ આભુષણ છે, એજ ઇશ્વર પ્રત્યે જવાનો શ્રેષ્ટ માર્ગ છે એ સમજાવ્યું અને પતિગ્રહે જઇ તેની સેવા ચાકરી કરી દીવસ ગાળવાનો ઉપદેશ આપ્યો અને તેની વાતમાં એક દૃષ્ટાંત યાદ આવવાથી તે નીચે મુજબ વનિતાને સંભળાવ્યું.

પુર્વે ચંદ્રાવતી નામે એક નગરી હતી જેનો રાજા નામે વીરધ્વળ ઘણો ન્યાયી અને શૂરવીર હતો. રાજ્યમાં સઘળે સલાહસંપ

હતો અને પ્રજા પૈસે ટકે સુખી હતી. ઉદ્યમ પણ સારો ચાલતો હોવાથી રાજા પાસે અઢળક ધન હતું. રાજા એક દીવસ રાણી સંગાથે બેસી વાર્તાલાપ કરતો હતો તેમાં રાણીના મનમાં દુખ થઇ આવ્યું. કારણ પુછતાં પોતાને સંતતી નહોવા કારણ આ દુઃખ છે એમ જણાયું. રાજા રાણી ઘણાં ચીંતાતુર રહેવા લાગ્યાં. તેઓએ ઘણા દેવ દેવતાઓની આરાધના કરી અને અનેક બાધાઓ રાખી. આખરે કોઇ દેવી સાધનાથી રાણીને ગર્ભ રહ્યો અને પુરે માસે જોડ બાળકો જન્મ્યાં. તેમાં એક છોકરો ને એક છોકરી હતી. નગરમાં આ સમાચારથી આનંદ છવાઇ રહ્યો. રાજાએ દાનમાં બ્રાહ્મણો તથા ગરીબોમાં પુશ્કળ દાન આપ્યું. શેહેરમાં સર્વે સ્થળે આનંદ થઇ રહ્યો હતો. ફક્ત રાજાની બીજી રાણી કનકમાળા નામે હતી તે ઉદાસ દેખાતી હતી. વખતના વહેવા સાથ બાળકો ઉછરી મોટા થવા લાગ્યાં રાજપુત્રનું નામ મલ્યાકુંવર અને પુત્રીનું નામ મલ્યાસુંદરી રાખવામાં આવ્યું હતું. રાજપુત્રી જ્યારે યોગ્ય ઉમ્મરની થઇ ત્યારે વીરધ્વળ રાજાએ પોતાના મીત્ર સુરપાળરાજાના મહાબળ નામના પુત્ર સાથે લગ્ન કર્યા. મલ્યાસુંદરી પરણી સાસરે વિદાય થઇ. કનકમાળા લાંબો વખત ચદ્રાવતીમાં રહી અકળાઇ ગઈ હતી તે બહાનું કહાડી મલ્યાસુંદરીને ગામ ગઇ. સુરપાળ આથેનો તેનો સગો થતો હતો એટલે તેને ત્યાં રહેવા તેને બાધ આવ્યો નહીં. તેના મનમાં આગળનું વેર રમી રહ્યું હતું. પણ મનમાં કપટભાવ રાખી મલ્યાસુંદરી પ્રત્યે બહારથી માયા બતાવી રહેવા લાગી. મલ્યાસુંદરી કાંઇ સમજી શકી નહિ. મહાબળકુંવર સાથ બેસી મલ્યાસુંદરી વાતચીત કરતી હતી તેવામાં મહાબળકુંવરનો પોતાની સ્ત્રીએ ગર્ભ ધારણ કર્યો છે એવી ખાત્રી થઇ અને તે હકીકત પોતાની સ્ત્રીને જણાવી. મલ્યાસુંદરી ઘણી રાજી થઇ અને દીવસો આનંદમાં

કાઢવા લાગી. એક દીવસ રાજ્યમાં ખબર આવી કે ભીલરાજા જે વારંવાર ચઢી આવી રૈયતને હેરાન કરતો હતો તે ફરી ચઢી આવ્યો છે. સુરપાળે લશ્કર તુરત તૈયાર કરાવ્યું અને દુશ્મનને ઠાર કરવા લશ્કર સાથે પોતે પણ તૈયાર થઈ ગયો. તેના પ્રત્યે મહાબળકુંવર બોલ્યો "પીતા મ્હારા જેવા પુત્ર છતાં આપ યુદ્ધમાં જાતે જાઓ એ મને શરમાવવા જેવું છે મ્હને આપ આજ્ઞા આપો ને હું દુસ્મનને કેદી તરીકે લાવી સત્વર આપની રૂબરૂ લાવી ઉભો કરીશ." રાજાએ પ્રસન્ન થઇ મહાબળ કુંવરને જવાની આજ્ઞા આપી. મહાબળ કુંવર જતાં પહેલાં આવી મલ્યાસુંદરીને મળી ભેટી છુટો પડયો અને લશ્કર પાસે આવી ઉભો. ભાટોએ લશ્કરને ઉશ્કેરણીના ભાષણો કર્યા અને તે બાદ મહાસેનાને લઇ બહાદુર મહાબળ કુંવર દુશ્મનનો પરાજય કરવા નગર બહાર નીકળી ગયો બીજી બાજુ મલ્યાકુંવરી ડાકણ હોવા સંબંધે કનકમાળાએ સુરપાળને ભંભેર્યો. રાજાએ કાંઇ પણ ખાત્રી કર્યા વગર મારાઓ બોલાવી મલ્યાસુંદરીને અરણ્યમાં મારી નાંખવા કહ્યું. મારાઓ તેને ભયાનક સ્થાનમાં લઈ આવ્યા. અત્રે મલયા સુંદરીએ હકીકત જાણતાં પુસ્કળ કલ્પાન્ત કર્યો અને પોતે ડાકણ નથી અને પોતાનો વધ ન કરવા ઘણું સમજાવ્યું. મારાઓને તેની દયા આવી અને આ અરણ્યમાં તેને એકલી છોડી મુકી. જેનો શબ્દ ઝીલવા અનેક દાસીઓ હાજર રહેતી, પાણી માંગતાં દુધ મળતું, રાજ્ય મેહેલમાં સુખે દીવસ કાઢેલા તેને આજ અરણ્યમાં એકલાં અને તે પણ વળી ગર્ભ સાથે રવડી રખડી ફળ કંદ ખાઇ ઘાસપર સુઇ રહી દહાડા કાઢવા પડયા. ઇશ્વરની એવીજ ઇચ્છા હશે તેની ઇચ્છા બળવાન છે. એક દીવસ મલ્યા સુંદરીને ઘણું દર્દ થવા લાગ્યું અને પ્રસુતીનો વખત પાસે હોય એમ તેને લાગ્યું. અહો ભગવાન ! મ્હને આ

દુખ માટે શું કરવા જીવતી રાખી. બચપણુમાંજ મ્હારો અંત લાવ્યો હતે તો મ્હારે આ દુખ ભોગવવું પડતે નહીં વગેરે અનેક પ્રાર્થનાઓ ઇશ્વર પ્રત્યે કરતી આંસુંપાટ રોતી ઘાસ પર પડી હતી. દુખ વધવા લાગ્યું. શું કરે. ઇશ્વર શિવાય હવે તેની પાસે કોઇ ન હતું. તે બેહોશ થઇ ગઇ અને તેને પુત્ર અવતર્યો. જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તેને પોતાનો પુત્ર અવતર્યો છે તેની ખબર પડી. તે પુત્રની ખબર નગરમાં પડતાં સર્વે આનંદોત્સવ થઇ રહેવાનો હતો તે રાજપુત્ર અરણ્યમાં ઘાસ પર પડેલો છે અને તેની બરદાસ કરનાર કોઇ નથી. ઇશ્વરની લીલા ! મલયા સુદરી પોતાના પુત્રનું સુખ જોઇ ઘણી રાજી થઇ. મલ્યા સુદરી પોતે તે પુત્રને લઇ એક નાના ઝરા પાસે આવી. એટલામાં ઝરા આગળથી બળસાર નામે વ્યાપારી જતો હતો. આવા અરણ્યમાં એક યુવાન સ્ત્રીને જોઇ તે ઘણા સદેહમાં પડયો. મનમાં વિચાર કરવા લાગ્યો કે આવા અરણ્યમાં આવી સુદર સ્ત્રી એખલી કેમ હોઇ શકે. કદાચ તે વનદેવી તો નહોય. તે તે બાઇ પાસે ગયો અને પુછવા લાગ્યો કે દેવી તમે કોણ છો અને આ જગ્યાએ કેમ બેઠાં છો તે કૃપા કરી જણાવો. મલ્યા સુદરીએ તેને પોતે એક દેવી નહીં પણ સાધારણ મનુષ્યની પુત્રી છુ અને તેની સાથે કજીઓ કરી રીસાઇ આવી છું એવું જણાવ્યુ. બળસારની ધ્યાનમાં આ વાત ઉતરી નહીં. તેને કાંઇ વ્હેમજ પડયો હતો. કાવાદાવા કરી તેનું નામ જાણી લેવાની ઉત્કંઠા તેના મનમાં ઘણી થઇ. બળસાર વિનયથી કહેવા લાગ્યો બાઇ તમે આવા મોટા ભયાનક અરણ્યમાં એકલાં શું કરશો ! તમે મ્હારી સાથે ચાલો. હું સાગર તીલક બંદરનો પ્રખ્યાત વેપારી નામે બળસાર છું. મ્હારે ત્યાં ઇશ્વરે સારી સંપતી આપી છે અને અનેક દાસદાસીઓ તમારી સેવામાં મુકીશ અને ત્યાં તમે આનં-

દથી રહેજો. તમે કોણ છો તે કૃપા કરી જણાવો. મલ્યા સુંદરીએ પહેલાંનોજ જવાબ આપી કહ્યું ભાઇ તમે તમારે રસ્તે પડો. બળસારે વિચાર કીધો કે ભાઇબાપાથી આ સ્ત્રી માને એમ જણાતું નથી તો હવે એને બળથી ઠેકાણે લાવવી જોઇએ. બળસારની વૃત્તી નીચ હતી તે મલ્યા સુંદરીને પોતાની રાખેલી તરીકે લઇ જવાના વિચારમાં હતો એ આ ઠેકાણે જણાવવું જરૂરનું છે. તેણે અનાથ સુંદરીના હાથમાંથી બાળક ઉચકી લઇ ચાલ્યા જવાનો વિચાર કરી તે ઉચકી રસ્તો લીધો. મલ્યા સુંદરી સ્તબ્ધ થઇ ગઇ જો બાળકને જતો મુકે છે તો દુખ થાય છે તે પોતે જાય છે તો શિયળનો ભગ થવાનો વખત આવે છે. ભગથી એબાકળી થઇ બળસાર પાછળ પાછળ અશ્રુપાત કરતી કરતી ચાલી. બળસાર પોતાના તંબુ નાંખ્યા હતા ત્યાં તે બાળકને લઇ આવી પોંચ્યો અને તંબુમાં મલ્યા સુંદરીને આવવાનુ જણાવ્યું. ત્યાં બેસી તેનું નામ ઠામ વગેરે ખુલ્લે ખુલ્લું જણાવવા કહ્યું જેમ ન કરતાં પુત્ર હંમેશ માટે ખોવાની ધમકી મળી. મલ્યા સુંદરીએ પોતાનું નામ તો જણાવ્યું. બળસારે કહ્યું મલ્યાસુંદરી ચાંડાલ કન્યાનું નામ હોઇ શકે નહીં ત્હારૂં નામ કુળ જલદીથી કહે. જો તું મ્હારી ઇચ્છાને આધીન થાએ તો મ્હારૂં અઢળક ધન ત્હારૂંજ છે. મ્હારી સર્વે સ્ત્રીઓને તાહરી દાશી બનાવીશ. તુ હઠ કરશે તો ત્હારૂં બાળક તને મળશે નહિ. મલ્યાસુંદરી ચુપ ઉભી રહી. બલસારે તેને પોતાને તાબે રાખી. થોડાક દીવસ બાદ તેનો મુકામ ઉપાડી પોતાને ગામ આવતાં માર્ગમાં એક ગામમાં કારૂ નામના રંગારીઓને તેણે મલ્યાસુંદરીને વેચી દીધી. કારૂ લોકો ઘણાજ નીર્દય હોય છે. માણુસના શરીરનું લોહી કહાડી તેનો ઉપયોગ કરતા હોવાથી તેઓએ મલ્યાસુંદરીને વેચાતી લીધી હતી પણ તે ઘણી સ્વરૂપવાન હોવાથી તેઓની નીચ વાસનાને તાબે થવાં વીન-

વવા લાગ્યા. દુખપર ડામ. એકમાંથી નીકળી ત્યારે બીજું દુખતો ઉભુંજ રહ્યું. જ્યારે તેઓની ઇચ્છાને સ્વાધીન ન થઇ ત્યારે તેઓએ તીણા શસ્ત્ર વડે તેણીના શરીરમાં કેટલાક છેદો પાડયાં અને તેમાંથી લોહીની ધારા વહેવા લાગી જેથી તેણી બેશુદ્ધ થઇ ગઈ. તેણીને શુદ્ધીમાં લાવવા સારૂ તેઓએ ઉપચારો કર્યા. પાછો તેણીને સારો ખોરાક આપવા માંડયો. ફરી જ્યારે મલ્યાસુંદરી તદુરસ્ત થઇ ત્યારે પણ ઉપર કહ્યા મુજબ છેદ પાડયા. મલ્યાસુદરીએ આ સઘળુ પોતાના શીયળ માટે સહન કર્યું. એક વખત તેણીના શરીરમાંથી લોહી કહાડી રહ્યા બાદ બેશુદ્ધીમાંજ તેણીને એક અગાસીમાં નાંખી મુકવામાં આવી હતી. આકાશમાંથી એક પ્રચંડ પક્ષી ઉડતો આવતો હતો તેની નજર મલ્યાસુંદરીને લોહીથી ખરડાયલી હતી તે માંસનો ગોળો ધારી તેને ઉંચકી આકાશ તરફ ઉડયો. સામેથી આવતાં બીજાં તેવાંજ પક્ષીએ તે શીકાર છુટાવવા મારામારી કરી. મારામારીમાં તે છુટી નીચે પડી તો પોતાને મહાસમુદ્રમાં એક મગરની પીઠપર પડેલી જોઇ. પોતાનો કાળ પાસે આવેલ જાણી ઇશ્વરસ્તુતી તથા પોતાના પ્રીય પતિનુ સ્મરણ કર્યું. મગરમચ્છ પોતાની પીઠપર મલ્યાસુંદરીને લઈ કાંઠાપર જઇ પોતાની લાબી સુંઢથી તેને કાંઠાપર મુકી પાણીમાં ડુબકી મારી જતો રહ્યો. કાંઠે ઉભેલા લોકો આ બનાવ જોઇ વિસ્મય પામી ગયા. તેઓ રાજાના દરબારીઓ હતો અને રાજા સાથે શીકારે આવેલ હતા. તેમાંના કેટલાક મલ્યાસુંદરીને નાંખી હતી ત્યાં દોડી આવ્યા અને મલ્યાસુદરી પ્રત્યે પુછવા લાગ્યા કે તમે કોણ છો અને શી રીતે આ તમારી સ્થીતી થઇ છે. કોઇ જાતનો ભય રાખશો નહીં. તેને રાજા પાસે લઇ જવામાં આવી. રાજાએ તેને નીર્ભય રહેવા જણાવી તેની હકીકત પુછી પોતે સાગ-

રતીલક બંદરનો કંદર્પ નામે રાજા હોવાનું જણાવ્યું મલ્યાસુંદરીથી કાંઇ બોલાયું નહીં કારણ આ રાજા તેના પીતા તથા શ્વસુર પક્ષનો બંન્નેનો દુશ્મન થતો હતો. મુગા રહેવાનો વીચાર કરી, પોતાનો પુત્ર પણ અત્રે છે તેને પણ જોવાશે એવી આશાએ ઉભી રહી. રાજાના પ્રધાને પછી તેણીને પોતાની વિગત જણાવવા કહ્યું. રાજા પ્રત્યે તે બોલ્યો મહારાજધીરાજ એ બાઇ થાકી ગયલી છે અને બે દીવસ વિશ્રાંતી લેવા ઘો પછી એ બોલશે. રાજા તેણીને પોતાને મેહેલે લઇ ગયો. સારા સારા વૈદ્યોને બોલાવી કારૂ લોકોએ તેણીના અંગપર જે જખમો કર્યા હતા તે રૂઝાવ્યા. આથી પહેલાંના જેવીજ સ્વરૂપવાન તે દેખાવા લાગી. મલ્યાસુંદરી રાજાની ખરાબ દાનત સમજી ગઇ હતી. રાજાએ એક દીવસ તેણીને પોતાની માનીતી પટરાણી કરવા બહુ સમજાવી. મલ્યાસુદરી એકની બે થઇ નહીં, ઉલટું રાજાને શરણે આવેલાનું રક્ષણ કરવાનો બોધ આપ્યો. રાજા ગુસ્સે થયો. મલ્યાસુંદરીને હવે શું કરવું તે સુઝ્યુ નહિ; મન ઘણું અકળાવા લાગ્યું તેથી મેહેલની અગાશીમાં બેસવા ગઇ, ત્યાં બેસી ઇશ્વર પ્રત્યે પોતાનો આ ઘાતકી રાજાથી છુટકો થવા પ્રાર્થના કરવા લાગી. એટલામાં એક પોપટ મોઢામાં આંબો (કેરી) લઈ ઉડતો આવતો તેને જણાયો. પાસે આવતાં પોપટના મોઢામાં આંબાનો ભાર ન રહેવાથી તે આંબો છટકી ગયો અને તેથી આંબો મલ્યાસુંદરીના ખોળામાં બરાબર જઇ પડયો. ફાગણ માસના વખતમાં આવો આંબો શી રીતે હોઇ શકે. જરૂર ઇશ્વરે મ્હારી સહાયતા કરી છે.” વનિતા સુંદરી આથી વિચાર કર કે શિયળનો કેવો પ્રભાવ છે.

કુંવર મહાબળે તેણીને (મલ્યાસુંદરીને) એક મણી આપ્યો હતો તેમાં એવો ગુણ હતો કે આંબાના રસ સાથે તે મણી ઘસી

તેનું તીલક જે કોઈ બાઇ કરે તે પુરૂષ થઇ જાય. મલ્યાસુંદરીએ આ મણી અત્યારસુધી પોતાના અંબોડામાં છુપાવી રાખ્યો હતો પણ આંબો ક્યાંથી લાવે પરંતુ પરમાત્માએ તેને તે વખત લાવી આપ્યો. મલ્યાસુંદરી આંબાનો રસ કાઢી મણી ઘસી તીલક કર્યું એટલે તુરત તે એક સ્વરૂપમાન જુવાન યુવક થઇ ગઇ. રાજાના અંતપુરમાં રાણીઓ તેને જોઇ આકુળવ્યાકુળ થઇ ગઇ. રાજાને આ વાતની જાણ થઇ તે પણ વિચારમાં પડ્યો કે આવો પુરૂષ અત્રે ક્યાંથી ને શી રીતે આવ્યો. તેણે આ યુવાનને ઘણાક સવાલો પુછ્યા પણ તેણે કશો ઉત્તર આપ્યો નહીં. રાજાએ ગુસ્સે થઈ તેને ગામ બહારના કુવામાં નાંખી દેવા સીપાઇઓ પ્રત્યે હુકમ કર્યો. સીપાઇઓએ તેને પકડી ગામ બહાર લઇ જઇ કુવામાં નાંખી દીધો પણ રામ રાખે તેને કોણ મારે. કુવામાં છેક નીચે પડતાં અગાઉ તેને કોઇએ ઝીલી લીધો. વનિતા તેને બચાવનાર કોણ હતું તે સાંભળ “મલ્યાસુદરીના ધણીને જ્યારે તે પોતાના પિતાએ મોકલેલા કામથી આવ્યા બાદ પોતાની સ્ત્રીની થયલી દશાની ખબર પડી ત્યારે તે સઘળું રાજસુખ છોડી દઈ પોતાની અર્ધાગનાની ખબર માટે ગામેગામ ને દેશપરદેશ રખડવા માંડ્યું. રખડતાં રખડતાં આ સાગરતીલક બંદરે આવી પહોંચ્યો. કુવામાં કાંઇક ગુપ્ત દ્વારે તે અદર આવ્યો હતો. એ મલ્યાસુંદરીને કુવામાં નાંખવામાં આવી ખરી પરંતુ ઉપર લખ્યા મુજબ તેને બચાવી લેવામાં આવી. ગુપ્ત દ્વારોએ તે બહાર નીકળ્યાં પણ રાજાના સેવકો ત્યાં હાજર હતા તેણે આ જોડાંને પકડી રાજા પાસે લઈ જઇ ઉભુ કર્યું. રાજા પણ આ હકીકતથી ઘણો વિસ્મય થઇ ગયો અને આ યુવાનને પોતાનો વૃત્તાંત જણાવવા કહ્યું અને તે સાથે કરેલા ગુન્હાની માફી પણ આપવા જણાવી. યુવાન બોલ્યો “રાજા, મ્હારૂં નામ સિદ્ધ પુરૂષ છે અને આ સામે ઉભેલી

માહરી પરણુતર બાયડી છે." રાજાએ ફરી એકવાર તેની બહાદુરીની પરીક્ષા કરવા માટે કહ્યું. તમને એકવાર ફરીથી કુવામાં નાંખવામાં આવશે તો તમે સહીસલામત બહાર આવશો તો તમને બંનેને માહરૂં રાજ છોડી જવાની સુખેથી રજા આપવામાં આવશે. યુવાનની સંમતીથી તેમને કુવામાં નાંખવામાં આવ્યાં અને બીજી સહવારે તે ક્ષેમકુશળ રાજા પાસે આવી ઉભાં. રાજાએ પોતાના વચન પ્રમાણે તો તેને છોડી મુકવાં જોઇતાં હતાં પણ તેની ધાનત મલ્યાસુંદરીપર બગડી હતી તેથી તેણે તે યુવકને કહ્યું કે સામેના પહાડપર એક આમ્રતરૂનું ઝાડ છે બારે માસ આંબાઓ આવે છે તેમાંનો એક આંબો મને લાવી આપે તો તમને જતા કરૂં. યુવાને રાજા પ્રત્યે કહ્યું રાજા એક વચન તો તેં ભંગ કર્યું છે પણ હવે વચન ભગ કરતો નહીં. રાજાને ખાત્રી હતી કે પહાડ અને પ્રદેશની વચ્ચે ઘણી ઉંડી ખાઇ હતી અને ત્યાં પહોંચવું અસંભવિત હતું. આ યુવાનથી તે બની શકવાનુ નથી તેથીજ તેણે મલ્યાસુંદરી પોતાને કબજે રહે એથી આવી યુક્તી શોધી કહાડી હતી. યુવાન આંબો લાવવા પહાડ તરફ પ્રયાણ કરી ગયો. રસ્તે નવકાર મંત્ર ભણતાં ભણતાં યુવાને ખાઇ આગળ જઈ અંદર ભૂસ્કો માર્યો પણ કોઇએ તેને ઝીલી લીધો. યુવાને પોતાને બચાવનાર તરફ જોઇ પુછ્યુ આપ કોણ છો? મને શી બાબતમર આપે મદદ કીધી છે તે કૃપા-રાહે જણાવો.

બચાવનાર—મહાબળ, પૂર્વે હું એક યોગી હતો. અરણ્યમાં કાંઇ મંત્રોપચાર કરતી વખતે તમે મ્હને સાધક થઇ મદદ કીધી હતી. મંત્રમાં કાંઇ કારણથી અશુદ્ધ રહેવાથી મ્હારૂં ત્યાંજ મૃત્યુ થયું પણ કરેલ તપસ્યાના બળથી મને દૈવપદ પ્રાપ્ત થયું. મ્હારો વાસ આ પર્વતમાં છે. તમે જ્યારે ખાઇમાં કુદ્યા ત્યારે મ્હારા મંત્રના બળે મેં

તમને ઓળખ્યા અને બચાવ્યા. આ રાજા તમને ફોકટ હેરાન કરવા માંગે છે પરંતુ હું અંતરીક્ષ રહી તમારી મદદે ઉભો છું. ઝાડપરથી, આંબા તોડી લાવી આપી વધુ કહ્યું કે હું તમને મદદ કરતો રહીશ અને લગારપણ ભય રાખશો નહીં. બંન્નો સાથે રાજદરબાર તરફ ગયા. યુવાને આંબા લાવી કટકામાં બાંધી રાજા સમક્ષ ધર્યા અને તે પોટલી ખોલી આંબા લેવા જણાવ્યું. રાજાએ આંબા લેવા જેવો તે પોટલી છોડવા જાય છે તેવો એક ઘોર અવાજ તેને કાને પડયો કે 'રાજાને ખાઉં કે પ્રધાનને' રાજા ચમકયો અને પ્રધાનને તે પોટલી છોડવા કહ્યું. તેણે પણ ઉપર પ્રમાણેજ અવાજ સાંભળ્યો પણ તેને ન ગણકારતાં પોટલી છોડવા જાય છે તેવી અગ્નિને જવાળાઓ નીકળવા લાગી. પ્રધાન ગભરાઇ તે મુકી બાજુએ બેસી ગયો. જવાળા એટલી તો પ્રસરી ગઈ કે આખા રાજમંડળમાંથી બધા નહાસભાગ કરવા લાગ્યા. રાજા આ સીદ્ધ પુરૂષને જવાળા બંધ કરવા વિનંતી કરવા લાગ્યો. સીદ્ધ પુરૂષે જેવો હાથ પોટલીપર મૂકયો કે તુરત જવાળા બંધ થઇ ગઇ અને ફળો કહાડી રાજાને ખાવા આપ્યાં. રાજાને પોતાની સ્ત્રી પાછી આપવા યુવાને વિનતી કરી. રાજાને વિનાશ કાળે વિપરીત બુદ્ધિ સુઝી. તેણે યુવાનને કહ્યું કે હું મુખથી આગળનો ભાગ જોઇ શકું છું પણ પાછળનો જોઇ શકતો નથી માટે તે જોઇ શકું તેવી યુક્તિ બતાવો. રાજાના અધીકારીઓએ યુવાનને તેની સ્ત્રી પાછી સોંપી દેવા ઘણું સમજાવ્યો પણ રાજા એકનો બે થયો નહી. તુરત રાજમંડપમાં અગ્નિએ દેખાવ દીધો અને ચોગમ અગ્નિ અગ્નિ થઇ રહી. રાજાના કાર્યભારીઓ કેટલાક નાશી ગયા અને રાજા સંગાથે કેટલાક મરણ પામ્યા. રાજા ઘણો દુરાચારી હતો એટલે રૈયત તેના મૃત્યુથી ઘણી ખુશ થઇ ગઇ અને આ યુવક-

ને જ રાજ્યગાદી સોંપવા ઠરાવ કર્યો. રાજ્યગાદી સીદ્ધ પુરૂષને સોંપવામાં આવી. તુરત મલ્યાસુંદરીએ બળસાર વેપારીને ત્યાં પોતાનો પુત્ર હોવાનું તેના ધણીને કહ્યું જે સાંભળી તે ઘણો ગુસ્સે થયો અને બળસારને પકડી મંગાવી તેનાં ઘરબાર જપ્ત કરાવ્યાં અને પુત્રને મલ્યાસુંદરીને રસ્તે કર્યો.

યોગીની—વનિતા આ સઘળો શિયળનો પ્રભાવ છે માટે આ દૃષ્ટાંત તું ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તી ત્હારા ધણીની સેવા કરજે.

પ્રકરણ ૧૧ મું.

ભાગ્યોદય.

પ્રિય વાંચક ! હવે રણજીતની શી ગતી થઇ તે તરફ નજર કરીયે. જે આકૃત્તીએ તેને બચાવી તેનો તેણે ખરા અંતકરણથી આભાર માન્યો હતો તે તો આપણે જાણીએ છીએ. કાન્તાને છોડી રણજીત જે દિવસથી વનિતાની શોધમાં નીકળ્યો હતો તે દીવસથી કાન્તા કોણ જાણે શા કારણથી ઉદાસ રહેલી હતી અને કાંઇ કાંઇ નીમીત્તે બહાર ફરવા નીકળતી હતી. એક દિવસ તે વહેળા આગળ ઉભી હતી તો તેને સામેથી વહેળામાં એક પુરૂષ તણાતો આવતો જણાયો. તુરત તેણીએ પાસે પડેલ એક પત્થર ઉચકી વસ્ત્રને બાંધી વહેળામાં પુરૂષ તરફ ફેંક્યો જેની મદદથી રણજીત બહાર આવ્યો અને પોતાના બચાવનાર તરફ દૃષ્ટિ ફેંકી જોય છે તો કાન્તાને દીઠી. કેવું આશ્ચર્ય ! “બાળા જો તેં આ વખત મ્હને મદદ ન કીધી હતે તો હું નક્કી ડુબી

મરત. મ્હારી પાછળ મ્હારા વાસ્તે શોક કરે એવું કોઇ જ નથી એટલે મ્હને મરણની બીક નહતી" શું તમારી પછવાડે શોક કરે એવું કોઇ નથી. કાન્તાએ તેને વધુ બોલતાં રોક્યો. કાન્તાને પોતાને જરૂરના કારણસર ચંદ્રપુરમાં જવાનું જણાવ્યું પણ કાન્તાએ હાલજ તે નદીના પુરમાંથી બહાર આવેલ હતા અને વસ્ત્ર પણ ભીનાં હતાં તેથી ન જવા વિનંતી કરવા માંડી. કપડાં સુકાયા બાદ બીજે દીવસે જવા કાલાવાલા કરવા લાગી. રણજીતને કામ જરૂરતું હતું એટલે કાન્તાના મનનું આશ્વાસન કરી તેને જેમ બને તેમ જલદી પાછા મળવાનું વચન આપી તેનાથી છુટો પડયો. મન સાથ વિચાર કરવા લાગ્યો કે પહેલે મનોહરપુરી જઇ જશરાજ શેઠ જાત્રાથી પાછા ફર્યા હશે તેને મળીને મનોહરપુરી જવું. જશરાજ શેઠને ધીરજ આપી મ્હારા કામપર જઇશ તો નિશ્ચીંતે ત્યાં રહેવાશે એવો નીશ્ચય વિચાર કરી ચંદ્રપુરનો રસ્તો લીધો. હવે આપણે જશરાજ શેઠ તથા ચીમનલાલ તરફ નજર કરીયે. બંગલામાં વનિતાના નાશી જવાથી શોર થઇ રહ્યો. બીચારો ચીમન પણ દીંગમુઢ થઇ ગયો અને પોતાના બંગલામાં જ બેસી રહ્યો. આસપાસના સગાસંબધીઓ તેને ધીરજ આપતા હતા કે રણજીતસીંહ પણ ખોળ માટે ગયા છે તો જરૂર પત્તો લાવી આપશે. થોડા દિવસ વિત્યા બાદ જશરાજ શેઠ આવી પહોંચ્યા જે પણ હકીકત સાંભળી દીલગીર થઇ ગયા અને બોલ્યા હું પ્રથમથીજ જાણતો હતો કે આ વહુ મ્હારા ઘરતું નામ બોળશે અને થયું પણ તેમજ. બીચારા રણજીતસીંહ પણ મહામેહેનતમાં પડયા હશે. રાત દિવસ આના આજ વિચાર મનમાં રમ્યા કરતા હતા. એક દીવસ જમવા બેસવાની તૈયારીમાં હતા એટલામાં રણજીતસીંહ આવી પહોંચ્યા. તેમને જોઇ જશરાજ શેઠ ઘણા ખુશખુશ થઇ ગયા. એકાન્તમાં જશરાજને અતથી ઇતી સુધી

સઘળી હકીકત રણજીતે જણાવી તથા વધુ કહ્યું કે જેમ હું બચવા પામ્યો તેમ કદાચ વનિતા પણ બચી હશે માટે હાલ કાંઇ હો હા કરશો નહિ. જશરાજ શેઠ ગળગળા થઇ રણજીતને ભેટી પડયા અને પોતા સાથે જમવા આવવા વિનંતી કરી. ભોજન કરી રણજીતે કહ્યું "મ્હારે જરૂરના કામસર ચંદ્રપુર જવું છે." આ સંબંધેની પણ વિગત જશરાજ શેઠને જણાવી ત્યાં જવાની રજા માંગી. જશરાજે ગાડી જોડાવી ત્યાં જવા કહ્યું. રણજીતે સ્વારી કરી જવા માંગણી કીધી. ઘોડાવાળાને બે ઘોડા તૈયાર કરી લાવવા આજ્ઞા આપી. રાતના વખતે રણજીત તથા એક જશરાજ શેઠનો માણસ બન્ને સાથે નીકળ્યા. ચંદ્રપુર દુર નહતું એટલે સુર્યોદય પહેલાં તો ગામથી અડધો કોસ દુર તેઓ આવી પહોંચ્યા—તળાવ આગળ ઘોડા થોભાવી પોતે ઉતરી રણજીતે સાથેના માણસને કહ્યું "હમીર તું પ્રથમ ગામમાં જઇને પ્રધાનને જાણ કરકે રણજીતસીંહ આવ્યા છે અને અત્રે ઉભા છે." હમીરે પ્રધાનને રણજીત આવ્યાની ખબર કરી. ચદ્રપુરનો પ્રધાન નામે કસ્તુરભાઇ હતો તે જાતે વાણીયો હતો. જો કે વયે વૃદ્ધ હતો પણ તે જમને જવાબ દેવા સમર્થ હતો. રણજીતને બાળપણથી તે ઘણો ચ્હાતો હતો. રણજીતની આવ્યાની ખબર પડતાં સામૈયો તૈયાર કરાવ્યો અને ઘણા થોડા વખતમાં રાજ્ય દરબારી તથા રૈયતને તૈયાર કરી વાજતે ગાજતે રણજીતને તેડવા સામો ગયો. રણજીતને મળી ભેટી શણગારેલા હાથીપર બેસવા વિનંતી કરી અને તે પર તેને બેસાડી ફુલ વૃષ્ટી કરી. સ્વારી ગામમાં આવી. દરબાર આગળ રણજીતને ઉતારી સુવર્ણસિંહાસનપર રણજીતને બેસાડયો અને તેને રાજયપદ આપ્યું અને ગામમાં ઢંઢેરો પીટાવ્યો. હવે આપણો બહાદુર રણજીત મહારાણા રણજીતસીંહ થયો. શેઠ સાહુકાર અધીકારીઓએ પોતાની

પ્રકૃતી મુજબ નજરાણાં કર્યાં. બ્રાહ્મણોએ આર્શીવાદ આપ્યા, ભાટોએ રાજ્યગીત ગાયાં અને નાયકાઓ રાજા તથા દરબારીઓનું મન રંજન કરવા લાગી. કચેરી ખલાસ કરવા હુકમ થયો અને રાજા પોતાના મેહેલમાં પ્રધાનને લઈ પધાર્યા અને તેમની પાસેથી રાજ્ય સંબંધેની જોઇતી માહીતી મેળવવા લાગ્યા. થોડીવાર રણજીતે ગત્મહારાજાની પટરાણી મહારાણી કીશોરીબાને દીલાસો આપવા જવા મરજી બતાવી. પ્રધાનને આ વાત ગમી અને બંન્ને ત્યાં જવા નીકળ્યા. મહારાણી કીશોરીબા કાળાં વસ્ત્ર સજીને ચીંતાતુર ચેહેરે બેઠાં હતાં. નમન કરી રણજીતસીંહે કહ્યું "માતાજી આપના શીરછત્ર તો પરલોક સીધાર્યા. થવા કાળ મીથ્યા થતું નથી. ઇશ્વરનું ધ્યાન ધરો હવે એજ માર્ગ ઉત્તમ છે. મ્હને પણ રાજ્યમાતા તરીકે રાજ્યકામ માટે યોગ્ય સલાહ આપશો જ. હું આપને મ્હારી મા તરીકેજ ગણીશ." રણજીતનાં આ વચનોથી રાજ્યમાતા કીશોરીબાને ધીરજ આવી. પહેલાં રણજીતનાં કુટુંબ સાથે અણબનાવ હતો અને કદાચ રણજીત તે અણબનાવ લઇને પોતા તરફ સભ્યતાથી વર્તે નહીં એ બ્હીક દુર થઇ ગઇ. કીશોરીબાએ રણજીત પ્રત્યે કહ્યું "મ્હારા વ્હાલા પુત્ર ત્હારૂં વેણ સાંભળી મને ઘણો આનંદ થયો છે. જો કે ઇશ્વરે મ્હને મ્હારા પેટનો પુત્ર આપ્યો નથી તથાપી આજથી હું તને મ્હારા પોતીકા પુત્ર તરીકે લેખીશ. હાલની લાયકી છે તેવી ચાલુ રાખી આખી રૈયતને સુખ આપનો રહેજે. તું સુખેથી રાજ્યગાદી ભોગવ એ મ્હારો આર્શીવાદ છે." અત્રેથી રણજીત તથા રાજ્યમાતા છુટા પડયાં. રણજીતે રાજ્યની લગામ પોતાના હાથમાં લઇ અનેક સુધારાઓ કરવા માંડયા ને રૈયતનો ચાહ મેળવવા લાગ્યો. રાજ્ય કરતે બે વર્ષ વીતી ગયાં. દરબારમાંથી દારૂડીયા, લાંચીયા તથા બીનભરોસાદાર અમલદારોને દુર કરી અનુભવી તથા સ-

દાચારી પુરૂષો રાખ્યા. લશ્કરમાં પણ જોઇતો સુધારો કર્યો તેને કવા-યદ લડવાની રીતો વગેરે શીખવી તેમાં પણ પોતે આનંદ માનતો. ખેડુતોની ખૂંચવી લીધેલ જમીન તેમને પાછી આપી અને નહીં ખેડાયલી જમીનો નવેસરથી ખેડવા પટે આપી. ખેડુતોને પડતી નાણાં સંબંધી મૂશ્કેલીઓ પોતે જાતે તપાસી તેને ખરા અંતઃકરણથી મદદ કરતો કારણ એ સારી પેઠે સમજતો હતો કે દેશની આબાદાની એ લોકોની મહેનત ઉપરજ હતી. આવી વર્તણુકથી કયો રાજા રૈયતનો વાહલો યાને માનીતો ન થઇ પડે ?

એક વખત રણજીતની રાજધાનીમાં જશરાજ શેઠ તેને મળવા આવ્યા. પોતે રાજ્યપદ ધારણ કંર્યું હોય એવું કાંઇ પણ અભીમાનનું ચિન્હ ધારણ કર્યા વગર પહેલાંની માફકજ જશરાજ શેઠ પ્રત્યે રણજીત વર્ત્યો. જશરાજ શેઠને કહ્યું " મુરબી હવે આપને પુર વૃદ્ધાવસ્થા થઇ છે માટે સઘળી રાજખટપટ ઘર સંસારની માથાફોડ છોડી દઇ અત્રે રહેવા આવો. વળી ચીમનલાલ પણ પોતાના નઠારા સોબતીથી છૂટો પડવાથી સુધરશે. જશરાજને આ વાત રૂચી. પોતાની જગાનું મનહરપુરીમાંથી રાજીનામું આપી મહારાજા વિજયસીંગથી છૂટા પડી થોડા વખતમાં અત્રે આવવાનું નક્કી કરી બન્ને જણ છૂટા પડયા. જશરાજે મનોહરપૂરીમાં રાજીનામુ આપ્યું. વિજયસીંગ તેનાથી છુટા પડવા ન માંગતો હતો પણ જશરાજે પોતે વૃદ્ધ હોવાનું અને હવે નીભાતુ ન હોવાથી છૂટો કરવા ઘણી આજીજી કરી. વિજયસીંગે તેને રાજ્યની નોકરી એક નિષ્ટાથી બજાવેલી હોવાથી સારી પેઠે નવાજ્યો. રૈયત પણ જશરાજશેઠના જવાથી દીલગીર થઇ. જશરાજ શેઠ પોતાના માણસો તથા છોકરા સાથ ઘર ઉઠાવી રણજીતસીંહે આપેલા બંગલામાં તેની રાજ્યગાદીમાં રહેવા માટે ગયા. અત્રે વખતના વેહેવા

સાથ ચીમનલાલ પણ સુધરતો ગયો અને પોતાની ગત વર્તણુંક માટે પસ્તાવો કરવા લાગ્યો.

વાંચનાર ! હવે આપણે વનિતાસુંદરી શું કરે છે તે તરફ નજર ફેરવીએ. યોગીનીની સલાહથી વનિતા ઉપર ઘણીજ સરસ અસર થઇ. એક વખતે સહવારમાં વનિતા પુજા માટે જળ લેવા નદી કીનારે ઘડો લઇને ગઇ; ઘડો જેવો પાણીમાં મુકે છે તેવો તેણે " પીતાજી વૃદ્ધાવસ્થામાં હું આપને દુખી કરવા ઇચ્છતો નથી પણ શું કરૂં. હવે હું દુનિયાથી કંટાળ્યો છું. વનિતા વનિતા તું પણ જ્યાં હોય ત્યાં સુખમાં રહેજે. ત્હારા અપરાધોની હું ક્ષમા આપું છું. બસ દુનિયાને આ છેલ્લા પ્રણામ " આ શબ્દો સાંભળતાં જ પાણીમાં ધબાકો સાંભળ્યો. તુરત પડેલ આકૃત્તીને પાણીમાંથી જેવી તે બહાર આવી તે પકડી લઇ બહાર કાઢી " પ્રાણુનાથ ! મ્હારા અપરાધ ક્ષમા કરો." આટલું બોલી તેને કીનારાપર લઇ ગઇ. ચીમનલાલે શું જોયું ! પોતાને પાણીમાંથી બહાર કાઢનાર પોતાની ઘણીયાણી વનિતાને દીઠી.

પ્રકરણ ૧૨ મું.

લગ્ન.

મધ્યાન્હનો સમય થયો હતો. સૂર્યનારાયણ પૂર્ણ પ્રકાશી રહ્યા હતા. મનમાં થતા ઉકળાટને શાંત કરવા અરણ્ય મધ્યે આવેલી એક ઝુંપડીમાં રહેતી એક યુવાન બાળા ઝુંપડી બહાર આવેલા મોટા વૃક્ષના છાયા નીચે શીતળ પવન ખાતી બેઠી હતી. તે પોતે ધીમેથી બબડતી હતી કે "શું ત્યારે આ દાસીને ભુલી ગયા

હશો. પુરૂષના હૃદયો કઠોર હોય છે એવું મેં જે સાંભળ્યું છે તે ખરૂં પડે છે. હું વ્હાલા તમારા નામની અહોનિશ માળાજ જપ્યા કરૂં છું. તમને તેનો લેશ પણ ખ્યાલ ન હશે. તમે શહેરમાં સુખે મોજ ભોગવતા હશો તો ત્યાં આ એક ઝુંપડીમાં રહેતી બાળા કયાં યાદ આવે. કદાચ તમે મને ભુલી ગયા હશો પણ હું ભુલી ગઇ નથી." મારા ધ્યાનમાંથી એક ઘડી પણ તમને દુર કરી શકતી નથી." "કાન્તા કોને દુર કરી શકતા નથી" આ શબ્દ સાથે એક હાથ તેના ખભા પર અફળાયો. કાન્તા પાછું ફરી જોય છે તો પોતાના ધારી લીધેલા વ્હાલા પ્રાણેશ રણજીતને જોયો. કાન્તા શરમની મારી નીચુ જોઇ રહી. બાજુએથી જોય છે તો કેટલાક માણસો કીંમતી વસ્ત્રો આભુષણો લઇ આવતા જોયા. "ચંદ્રપુરની મહારાણી ઘણું જીવો" આ પોકારો સંભળાયા. પોતાના મનમાં સમજી ગઇ કે આવેલા પુરૂષો ચંદ્રપુરના દરબારીયો હશે અને રણજીત એ એક સાધારણ પુરૂષ નહીં પણ ચંદ્રપુરના મહારાજાજ હશે. અવાજ સાભળી ધીરસીંહ ઉર્ફે વૃદ્ધ ધૈર્યસીંહ ઝુંપડી બ્હાર આવ્યો અને જોય છે તો રણજીત તથા તેના કાર્યભારીઓને દીઠા. તે હર્ષભેર રણજીતને ભેટી પડયો અને પહેલો જ સવાલ પોતાથી છૂટા પડચા બાદ પોતે આ સ્થીતીએ કેવી રીતે પહોંચ્યો તે પુછયો. રણજીતે સઘળી વીગત તેને અતથી ઇતી સુધી સભળાવી. વાતમાં બહાદુરે આપેલી કીમતની મદદનો પણ ઇસારો કરવામાં રણજીત ચુકયો નહતો. બ્હાદુર પણ રાજ્યના કાર્યભારીઓ સાથે ત્યાં આવેલ હતો. તેને બોલાવી ઓળખાવ્યો. બ્હાદુરને નાહનપણથી અત્યાર સુધીની જે વાત યાદ હોય તે ફરીથી ધૈર્યસીંહને સંભળાવવા કહ્યું. વાત સાંભળતાં ધૈર્યસીંહને આશ્ચર્ય ઉપ્તન્ન થયું. બાદ ધૈર્યસીંહે બ્હાદુરને તેનો જમણો પગ બતાવ્વા કહ્યું જે નીશાની જોઇ

ધૈર્યસીંહ એકદમ તેને વળગી પડયો. અત્યારે જણાવવું જરૂરનું પડશે કે ધૈર્યસીંહને એક પુત્ર હતો અને તે આજ ઓગણીશ વર્ષથી ગુમ થઇ ગયો હતો. ધૈર્યસીંહને પોતાના પુત્રની જાંગપરની નીશાની યાદ હતી. ઘણાજ આનંદના આવેશમાં બાપદીકરા બેની આંખમાંથી હર્ષનાં આંસુ આવ્યાં. કાન્તાથી પણ ન રહેવાયું. તુરત પોતાના વ્હાલા ભાઇને ભેટી રોઇ પડી. દરબારીઓ આ અચાનક બાપદીકરાના મેળાપથી ઘણા ખુશી થઇ ગયા.

ધૈર્યસીંહે રણજીત પ્રત્યે કહ્યું "મહારાજ આપે પધારી મને ઘણો આભારી કર્યો. વળી મ્હારો ગુમ થયેલો પુત્ર પણ તમેજ મેળવી આપ્યો. આ બધા ઉપકારોની અંદર એક વધારો કરો; તે એકે આ મ્હારી જંગલવાસીની પુત્રી ત્હમે સ્વીકારી તેને સેહેરવાસી કરી હમ્મેશને માટે મને ચીન્તામાંથી મુકત કરો. મ્હારી વ્હાલી દીકરી કાન્તાને મેં ઘણાં લાડથી ઉછેરેલી છે તે જો કે નમ્ર છે પણ ઘણી ઉછાંછળી છે માટે તેને સુધારવાનું હું તમને સોપું છું." બાદ કાન્તાનો હાથ લઇ રણજીતના હાથમાં મુકી તેને શુભ આર્શીવાદ આપ્યા. દરબારીઓએ આનંદ પ્રદર્શીત કર્યો. ધૈર્યસીંહે આંખમાં આંસુ સાથ રણજીત પ્રત્યે કહ્યું "મહારાજ હવે હુ મ્હારી વ્હાલી પુત્રીથી છુટો પડું છુ તેને તથા મ્હારા વ્હાલા દીકરા બ્હાદુરને તમને સોંપી જાઉ છું. હું હવે દેહ કલ્યાણાર્થે ચાલ્યો જઇશ. ઇશ્વર તમારા સર્વેનું કલ્યાણ કરો."

રણજીત—સુરબ્બી, પ્રથમ આપ મ્હારી સાથે ચંદ્રપુર પધારો. પછી આપને જ્યાં જવું વ્યાજબી લાગે તેમ કરશો.

ધૈર્યસીંહ—રણજીત, રાજ્ય ખટપટ સારૂ તો આ વનવાસ ભોગવ્યો, પુત્ર ખોયો તેથી ફરીથા રાજ્ય ખટપટમાં મ્હારે પડવું નથી.

દરબારીઓ ધૈર્યસીંહની વાતથી વિસ્મય પામ્યા.

રણુજીત—મુરબ્બી, આપની હકીકત સાંભળી મ્હારા દરબારીઓના મનમાં અજાયબી ઉપજે છે તો કૃપા કરી આપનો ઇતીહાસ સર્વેને સંભળાવો.

ધૈર્યસીંહ—મને તેમ કરવા કાંઇ હરકત નથી. મ્હારો ઇતીહાસ ઘણો ટુંકો છે પણ ભેદી બનાવોથી ભરપુર છે. જો તમને સર્વેને સાંભળવાની ખુશી છે તો હું તે પહેલેથી સંભળાવું છું.

આટલું બોલી ધૈર્યસીંહે પોતાની હકીકત કહેવા માંડી.

પ્રકરણ ૧૩ મું.

ધૈર્યસીંહની કહાણી.

અંધકારથી છવાયલી એક રાત્રીએ ગામ બ્હાર આવેલ એક વાડીની અંદર ચંબેલીના વેલાઓના માંડવાની વચ્ચે પોતાના ઠીંગણા શરીરને કાળા ઝભાથી ઢાંકેલ એક પુરૂષ ઘડીકમાં ફરતો ઘડીકમાં ઉભો રહેતો અને કાંઇક અવાજ સંભળાતાં તે દીશા તરફ નજર ફેંકતો ધીમેથી બબડતો ઉભો હતો. "રભા તું હવે મ્હારા હાથમાંથી ક્યાં છટકી જઇશ. ઘણા દીવસો સુધી હું ત્હારી પુઠે ભટક્યો. આજ તું મ્હારા દાવમાં આવી. દીવસ ઉગે રાજા તને કાઢી મુકશે કે તુરત તને હું મ્હારા છુપા સ્થાનમાં લઇ જઇશ જ્યાં ત્હારે મ્હારી માંગણી કબુલ કરવી પડશેજ. ન કરશે તો એવી રીબાવીશ કે ત્હારે મ્હારી ઇચ્છાને આધીન થવું પડશેજ. ખરેખર કર્ણસીંહે (ઉર્ફે કરણસીંહ) પણ જબરી અક્કલ વાપરી આ માળા

ચોરી લીધી. વાહ ! વાહ ! દરેક મોતી કેટલું પાણીદાર છે ! શું એનો ગુલાબી રંગ ! પણ રંભા તું આ મોતીઓ કરતાં પણ અધીક ખુબસુરત છે. ઇશ્વરે તને મ્હારે માટે જ સરજેલી છે. કદાચ હસ્તમેળાપ કરાવવામાં ઇશ્વરે ભૂલ કીધી હશે કે ત્હારો હસ્તમેળાપ પેલા મૂર્ખ બાયલા સાથ કરાવ્યો. મ્હારૂં નસીબ બળવાન લાગે છે. હું જે કામ કરૂં છું તે પાર ઉતરે છે. હવે ફક્ત એટલું જ કરવાનું કે પ્રતાપને પેલી જહાનમાં મોકલી દઉં. પછી મને પુછનાર કોણ છે. બોહરા અરે ભૂલ્યો શાંતી તો મ્હારી ગુલામડી બનેલી છે એટલે રાજ્ય, શાંતી અને રંભા દરેક મ્હારાંજ છે પછી મ્હારા સુખમાં શું ખામી !"

"દુષ્ટરાય તમારા સુખમાં તો કાંઈ ખામી નહિ રહે પણ મ્હારો કાંઇ વિચાર કર્યો." એક લાંબા કદનો પુરૂષ જે આ બડબડાટ સાંભળતો હતો તેણે પાસે આવતાં પુછ્યુ. "કર્ણસીંહ તમારો વિચાર તો પહેલેથી જ કર્યો છે. તમારા વગર હું આટલે સુધી આવી શકતે જ નહિ. હું તમને ન્યાલ કરીશ." કાળી આકૃતીએ જવાબ વાળ્યો. "મહનેતો ન્યાલ કરશો પણ બીચારી ચંપાને ભુલી ન જશો. તે નહત તો આ બાળા કદી પણ આપણા હાથમાં આવત નહિ." દુષ્ટરાયે તુરત અકડાઇથી જવાબ વાળ્યો કે "શું હું એવો મૂર્ખ છું કે ઉપકારનો બદલો ભુલી જાઉં. કદાપી તેમ થશે નહિ." કર્ણસીંહ—વારૂ પણ દુષ્ટરાય કદાચ આ કામમાં આપણે ન ફાવ્યા અને ફસાયા તો.

દુષ્ટરાય—તો શું. હું રાજ્યનો પ્રધાન છુ. મ્હારી સામે આંખ ઉચકે એવો કોણ છે. અર્ધભાગ ઉપર તો આ રાજ્યનો આપણી ગુપ્ત સભામાં સભાસદો છે. આપણા ડરથી કદાચ વાત બ્હાર પડી તો કોઇથી બોલાય નહિ.

કર્ણસીંહ શંકા બતાવતા—કદાચ તમારી ધારણામાં તમે ફાવ્યા અને મને ભૂલી જાઓ તો.

દુષ્ટરાય—હું ભૂલી જાઉં !

કર્ણસીંહ—ધારો કે નહિ ભૂલો પણ તમારે કાંઇક મ્હને અત્યારે મ્હારી મ્હેનતના બદલામાં આપવું તો પડશે.

દુષ્ટસીંહ—તો ચાલો મ્હારા બંગલામાં અત્યારેજ તમને ખુશી કરૂં.

આટલું કહી દુષ્ટરાયે પોતાના બંગલમાં લઇ જઇ તેને બે હજાર સોનામોહોરોની એક થેલી તથા એક હીરાની વીંટી આપી. આપતાં દુષ્ટરાયે કહ્યું કે આ વીંટી અમુલ્ય છે તે પણ તમને આપું છું. હવે તમારી ખાત્રી થઇ કે હું મેહેનતના બદલો આપું છું અને માણસની કદર જાણું છું.

કર્ણસીંહ—ખરે તમે કદરદાન છો તેની હું ના કહી શકતો નથી પણ સમય બારીક છે તે આપ સારી પેઠે સમજો છો એથીજ આટલી રકઝક કરવી પડી તે માટે દીલગીર છું.

દુષ્ટરાય—હવે રાત્રી ઘણી ગઇ છે માટે તમે સીધારો. મ્હને ઉંઘ આવે છે ને તમે પણ સુખે જઇ સુઇ જાઓ.

કર્ણસીંહ પોતા સાથ સોનામોહોરની થેલી તથા વીંટી લઇ બહાર આવી પોતાને માર્ગે ચાલ્યો. રસ્તામાં ચંબેલીના માંડવા વચ્ચે કોઇ મ્હોં છુપાવેલ પુરૂષે તેને પાછળથી આવી મજબુતીથી પકડી જમીનપર નાંખી દીધો. તે પુરૂષે કહ્યું "બળ કરવાથી કાંઇ વળવાનુ નથી. દુષ્ટરાયને મદદ માટે બોલાવવાથી પણ કાંઇ ચાલશે નહીં કારણ હું એક નથી પણ મ્હારી સાથે અનેક છે ત્હારી પાસે શું છે તે બતાવ." તપાસતાં દુષ્ટરાયે આપેલી સોનામોહોરની કોથળી તથા વીંટી મળ્યાં તે ખૂંચવી લીધાં. તે પોતા પાસ રાખી કહ્યું "કર્ણસીંહ આ તો બક્ષીસમાં મળ્યાં હશે તે હું લઉં છું ને હું એક બક્ષીસ તમને આપું છું" કહી જોરથી એક ઠોંસો લગાવી કહ્યું કે તમારા

પ્રધાનજીને કહેજો કે ગુલાબી મોતી માળાનું બરાબર જતન કરે. વ-ધુમાં કહેજો કે ભોજપત્રપર લખેલી કબુલાત પણ છુપી રાખે. કર્ણ-સીંહે પુજતાં ભોજપત્રપર આપેલી કબુલાત તે શું એવો સવાલ પુ-છયો. જવાબ મળ્યો કે તું દુષ્ટરાયનો મળતીયો છે એટલે તેને પુછ. કર્ણસીંહે આ પુરૂષ પાસે નામ માંગ્યું તેનો જવાબ એવો મળ્યો કે મને લોકો પલીત કહી બોલાવે છે. નામ સાંભળતાંજ કર્ણસીંહ હેબકી ગયો. સામેથી બીજો અવાજ આવ્યો " પલીતની સાથે હું રાક્ષસ પણ તમારી શોધમાં છું " કર્ણસીંહ આ બનાવ જોઇ નાસી ગયો અને પાછળ કોઈ આવતું હશે કે કેમ તે જોવાની પણ હીમત રહી નહી.

કર્ણસીંહના નાહસી છુટવા બાદ પલીત જ્યાં રાક્ષસ ઉભો હતો ત્યાં ગયો. રાક્ષસે પલીતની પીઠ ઠોકતાં કહ્યુ " તમે ખરા હીંમતવાળા પુરૂષ છો એમાં જરા શંકા નથી. આપણે રંભા વિષે શું ઉપાયો લેવા તે નકી કરવું જોઇએ કારણ કાલે તેણીને પોતાને પીયર ભોળો પ્રતાપ જરૂર કાઢી મૂકશે અને આ નીચો સકેત કર્યા મુજબ તે બી-ચારીને ઘણું દુખ આપશે.

પલીત—જો મ્હને ફરમાવો તો જ્યારે રભાને લઈને દુષ્ટો જંગલમાં જાય કે તોફાન કરી ત્યાંથી તેણીને છોડાવી લાવું

રાક્ષસ—પણ તેજ કરવામાં ઘણી મુશીબત પડશે કારણ દુષ્ટરાયના મળતીયા ઘણા છે. પુરતા બંદોબસ્તથી જ એ લોકો તેને લઇ જશે.

પલીત—તો કાલ શું થાય છે તે જોયા કરીયે અને આપણે મદદગારોમાં વધારો કરીયે. સમય આવે બ્હાર પડશું અને ત્યાંસુધી છુપી બાતમી રાખ્યા કરશું.

રાક્ષસ—હા એ બરાબર ઉપાય છે. પણ ભોજપત્રવાળી કબુલાત

ગમે તેમ કરી આપણા હાથમાં આવવી જોઇએ. તે આપણા સ્વાધીનમાં હોય તો આપણે મજબુતીથી કામ કરી શકીશું.

પલીત હીંમતથી—આપ તે વિષે બેફીકર રહો. હું કોઇ પણ ઉપાયથી તે મેળવીશ. જુઓ સામેથી કોઇ આવે છે. આપણે બન્ને ઝાડ ઓથે ભરાઇ તેની હીલચાલ તપાસીએ.

બંન્ને ઝાડ ઓથે ભરાઇ ગયા. વાંચનાર ! આ પલીત તથા રાક્ષસ કોણ છે તે જાણવાની ત્હારી ઉત્કંઠા તો થતી હશે જ પણ ત્હારી ઇચ્છા હમે પુર્ણ કરી શકતા નથી. બંન્નેના મોંઢાપર બુરખો છે રાત્રીનો વખત છે માટે હમારા જોવામાં કશું આવતું નથી. હાલ તો આપણે બંન્નેને રાક્ષસ, પલીતના નામે જ ઓળખીશું.

પ્રકરણ ૧૪ મું.

પ્રેમીજોડું (ધૈર્યસીંહની કહાણી ચાલુ.)

નાથ આપ રાજ્યપૂર સત્તા સલાવો છો તો હું આપના હૃદયસ્થાન પર રાજસત્તા ચલાવવા સમર્થ છુ.

ઓહો ! ઘણી ખુશીથી. તમને દરેક વાતની છુટ છે. મ્હને તો તમે ખરે બંધીવાન જ કરી દીધો છે.

રત્નપુરની અંદર આવેલ એક સુંદર મેહેલની અંદરના દીવાનખાનામાં બીછાનેલા પલગપર આ પ્રેમી જોડું આનંદમય પ્રેમ લ્હાવો લેતું હતું.

રંભાએ અત્યારે કાળા રંગનું અંબર તથા લાલ રંગની બનારસી ચોળી. હાથમાં હીરાજડીત બંગડીઓ તથા ગળામાં કીંમતી

ગુલાબી મોતીની એકજ શેરની માળા પહેરી હતી. કપાળે જીણો કંકુનો ચાંલ્લો કર્યો હતો. આ રંભા અત્યારે ભલા ભલા મુનીઓને પણ લલચાવે એવી દીવ્ય સ્વરૂપમાન દેખાતી હતી.

પોતાનો હાથ પોતાના સ્વામીના ગળામાં નાંખતાં તે બોલી "પ્રાણનાથ હું બંદીવાન કરી સંતોષ નહીં પામીશ પણ કાંઇ સજા કરીશ. તમારા હાથ બેડીથી જકડવા પડશે. બોલો કબુલ છે!

કબુલ છે; રંભા તું કહે તે કરવા હું તૈયાર છું.

જો જો ફરી નહિ જતા.

ના. લે મ્હારા હાથ અને નાંખ બેડી. પ્રતાપ સ્મીત કરતાં બોલ્યો.

રંભા—લ્યો ત્યારે તમારે કબુલ છે તો મ્હારે નાંખવી જ પડશે. આટલું કહી રભા સાડી તળે છુપાવેલ ફુલોના હારના ગોટાથી પ્રતાપના હાથ બાંધવા લાગી.

પ્રતાપ—વાહ રંભા, આ બેડી તો ઘણી સખત કહેવાય હવે મ્હારે તને કાંઇ સખત સજા કરવી પડશે.

રંભા—ભલે માહરે તે કબુલ છે.

પ્રતાપ—તૈયાર થા ત્યારે. મ્હારી સજા તને ઘણી આકરી પડશે હોં. એટલુ બોલી તેને પકડી એક ચુંબન જોરથી લીધું.

રભા—જાવ જાવ નાથ તમને તો એનું એજ.

પ્રતાપ—પ્રીયા, હું હમણા રાજકીય બાબતસર જાઉ છું. કદાચ મોડું થાય તો ફીકર કરતી નહિ.

રંભા—કેમ આજે મોડું થશે. એવા કયા કામમાં ગુંથાઈ જવાના છો? મ્હારાથી એકલું મોડી રાત સુધી ન રહેવાય.

પ્રતાપ—વ્હાલી, આપણા વરીષ્ટ રાજ્ય તરફથી દફતરો જલ-

દીથી તૈયાર થવા લખાણુ આવ્યું છે એવા પ્રધાન તરફથી સમાચાર મળ્યા છે તો બધું દફતર કહાડી તૈયાર કરી નાંખવાનું છે.

રંભા—થોડીવાર રહીને જશો તો શું હરકત છે!

પ્રતાપ—તેવું કાંઇ નથી. ત્હારાથી છૂટા પડવાનું ગમતું નથી પણ રાજ્યના કામ એવાંજ પડચા એટલે શું કરવું. તે શું મને જાદુ કર્યું છે કે તને છોડી જવાનું મન થતું નથી.

રંભા—વ્હાલા, જાદુ કર્યા વગર તે સરદાર પુત્રી સાથે રાજકું-વર લગ્ન કરે ખરો કે!

પ્રતાપ—શશીવદની, ખરૂં લગ્ન કોને કહેવું કે જ્યાં ખરો પ્રેમ હોય તે. ને બાકીના સઘળાં લગ્નો ફોકટ છે. પછી સરદાર પુત્રી હોય રાજ્ય પુત્રી હોય કે ગરીબની પુત્રી હોય.

રંભા—મ્હારા પ્રાણધાર, એતો સત્યજ છે. રાજ્યમેહેલમાં જ્યાં પ્રેમ હોતો નથી તેના કરતાં ગરીબની ઝુંપડી જ્યાં પ્રેમ હોય તો સ્વર્ગ સમાન સુખ ભોગવાય છે. પ્રેમ વગર પકવાનો પણ ભાવતાં નથી પણ પ્રેમ હોવામાં સુકો રોટલો ભાવે છે.

પ્રતાપ—રંભા હવે મ્હને ઘણો સમય થયો માટે રજા લઇશ.

રંભા—વારૂં, પણ કામ પતે સત્વર પાછા પધારજો.

પ્રતાપ ત્યાંથી નીકળી દફતરખાનામાં ગયો. અહીં દુષ્ટરાય તેની રાહ જોતો બેઠો હતો.

પ્રતાપ—પ્રધાનજી, તમે ઘણા ખોટી થયા હશો!

દુષ્ટરાય—ના મહારાજ. કાંઈ નહિ. હમે કાંઇ રાજપુત્રોની મા-ફક સ્ત્રીઓની મોહીનીમાં લપટાયલા હોતા નથી. સાહેબ હજી તો તમે ઉગતા જવાન છો. ખરાખોટા પ્રેમની તમને ખબર હોતી નથી.

પ્રતાપ—પ્રધાનજી, તમારા કહેવાનો ભાવાર્થ હું નહિ સમજ્યો. ખોટો પ્રેમ? ખોટો પ્રેમ કોનો.

દુષ્ટરાય—સાહેબ, વાત જ જવાદોની. એ પ્રેમ ખોટો છે.

પ્રતાપ—કોનો ખોટો પ્રેમ છે!

દુષ્ટરાય—આપની માનીતી રાણીનો.

પ્રતાપ—દુષ્ટરાય, તમે ભાંગ તો નથી પીધી કેની. તમે શુદ્ધીમાંતો છો કેની.

દુષ્ટરાય—મ્હારાજ ભાંગ તો પીધી નથી એટલે હું શુદ્ધીમાં જ છું. પણ આપની માનીતીના ખોટા પ્રેમની તમને શુદ્ધી નથી.

પ્રતાપ—દુષ્ટરાય, જરા ખુલાશાથી વાત કરો.

દુષ્ટરાય—માફ કરો સાહેબ, ફોકટ સ્ત્રીહત્યા વ્હોરી લેવાનું પાપ હું શું કરવા કરૂં.

પ્રતાપ—પ્રધાનજી અત્યારે તમારે આ ખુલાશો આપવો જ પડશે!

દુષ્ટરાય—તેના બદલામાં તમારે વચન પણ આપવું પડશે!

પ્રતાપ—જે વચન માંગો તે આપું.

દુષ્ટરાય—જુઓ હું આજેજ ખાત્રી કરી આપું. જે દેખાવ તમે નજરે જુઓ તે વખતે શાન્તી પકડવી પડશે. હોહા નહીં કરવી પડશે અને તે વખતે હું કહું તે પ્રમાણે ચાલવું પડશે.

પ્રતાપ—કબુલ છે. લ્યો આ વચન.

દુષ્ટરાય—જરા થોભી જાઓ. થોડા વખત બાદ અહીંથી આપણે જઇશું.

પ્રતાપ—હવે મ્હારાથી થોભાય નહિ. જ્યારથી તમારી વાત સાંભળી ત્યારથી મ્હારા મનમાં કાંઇનું કાંઇ થાય છે.

દુષ્ટરાય—અત્યારથી જ આટલા અધીરા અને ગુસ્સે થયા છો

તો જ્યારે દેખાવ નજર આગળ હશે ત્યારે શું કરશો ! આપણાથી 'તમારા કામ વચ્ચે પડાય નહિ.

પ્રતાપ—વારૂ ત્યારે પ્રધાનજી હું કાંઇ નહીં બોલું બસ.

ઉપલી વાત ચાલતી હતી ત્યાં કર્ણસીંહ આવ્યો અને કહેવા લાગ્યો, પ્રધાનજી નોંધબુક તૈયાર થઇ ગઇ છે જોવી હોય તો લઇ આવું.

પ્રતાપ—અત્યારે જોવી નથી. કાલે જોઇશું. તમે સીધારો. કર્ણસીંહના ગયા બાદ બન્ને ઉઠયા અને ગુપચુપ મેહેલ આગળ પહોંચ્યાં. દુષ્ટરાયે ઘણા ધીમા પગલાંથી મ્હેલના દાદર ચઢવા પ્રતાપને કહ્યું. રંભાનો સુવાનો ઓરડો બંધ જોઇ પ્રતાપને શંકા પડી.

દુષ્ટરાય—કેમ સાહેબ આપ તો કહેતા હતા કે હું ન જાઉં ત્યાં સુધી રંભા જાગતી રહે છે તે આજ માફક કે ! શાટમાંથી જરા અંદર જુઓ.

પ્રતાપ શાટમાંથી જોય છે તો રંભા કોઇ પુરૂષ સાથે સુતેલી માલમ પડી અને ગુલાબી મોતીની માળા રંભાને બદલે તે પુરૂષના ગળામાં દેખાઇ.

" બસ કુલટા અત્યારેજ ત્હારો અંત આવશે " આટલું બોલી પ્રતાપે પોતાનો હાથ પોતાની તરવારપર મુક્યો. દુષ્ટરાયે પોતે આપેલું વચન પાળવા પ્રતાપને વીનંતી કીધી. બાદ દુષ્ટરાય પ્રતાપને લઇ નીચે આવ્યો. બાગમાં એક ખુરશીપર બેસી દુષ્ટરાયે વાતની શરૂઆત કરી.

દુષ્ટરાય—કેમ સાહેબ, હવે ખાત્રી થઇ કેની ?

પ્રતાપ—હા ખરેખર, પણ નીર્લજ રંભાએ પ્રેમની નીશાની તરીકે મેં આપેલી મોતીની માળા પણ પેલા પારકા પુરૂષને આપી દીધી. હું તે નીચ છે તે જાણતોજ નહતો અને તેના પ્રેમમાં અંધ બન્યો. પાપણીને શિક્ષા કરવીજ જોઇએ, દુષ્ટરાય તમારી શું સલાહ છે ?

દુષ્ટરાય-મ્હારા ધારવા પ્રમાણે તો તમારે કાંઇ હોહા કરવી નહિ કારણ તેથી તમારી આબરૂને નુકશાન પોંચશે અને લોકો હાંસી કરશે: કાલે તેને પીયરને બહાને મોકલી દો. માર્ગમાં જંગલમાં હું તેનો અંત લાવીશ એવી તો ઠેકાણે પાડી દઇશ કે કોઇ જાણેજ નહિ.

પ્રતાપ—કદાચ જે માણસો હશે તે વાત બ્હાર પાડશે તો.

દુષ્ટરાય—હું એવા માણસોને સાથે લઇશ કે જરાપણ વાત બહાર જાયજ નહીં-આપ નિશ્ચિંત રહો. રાત્રી ઘણી ગયલી છે માટે હું રજા લઇશ.

પ્રતાપ—સહવાર થતાં બંદોબસ્ત અચુક કરી મુકશો. આવી ભ્રષ્ટ થયલી નારીને હું મ્હારા મ્હેલમાં વધુ રાખવા માંગતો નથી. મેં તમોને વચન આપેલું છે એટલે મ્હારા હાથે તો કાંઇ નહિ કરીશ પણ સખત ઠપકો તેને હમણા જઈ આપીશ.

દુષ્ટરાય—તે આપની મરજી. વધુ કાંઈ પગલું ભરતા રખે.

આટલી વાત કરી બન્ને છુટા પડયા. દુષ્ટરાય પોતાનો ધારેલો પાસો પાર પડેલો જાણી મનમાં મલકાતો ચાલ્યો. પ્રતાપ ખીન્ન વદને મેહેલમાં દાખલ થયો. શયનગૃહ પાસે આવી ધીમેથી દરવાજો ઠોકયો પણ રંભા નીદ્રામાં હોવાથી તુરત ઉઘાડી શકી નહિ તેથી બીજી વાર જોરથી દરવાજો ઠોકયો. રંભા આંખ ચોળતી એકદમ ઉઠી દરવાજો ઉઘાડી કહેવા લાગી "વ્હાલા જરા ઝોકો આવી જવાથી ખોટી થવું પડયું હોય તો તે ક્ષમા કરશો."

પ્રતાપ—હા, પોતાના માનીતા સાથે ઉજાગરો કરો પછી ઝોકું પણ આવી જાય. રંભા, રંભા આ પ્રતાપ આંધળો નથી કે ત્હારા મીઠા બોલોપર લોભાય!

રંભા—નાથ આ શું બોલો છો હું તે કાંઇ સમજતી નથી.

પ્રતાપ—તું ક્યાંથી સમજે! બીજાના પ્રેમમાં લોભાયલી માનુની ક્રેમ સમજે! બોલ તાહરી સાથે કોણ સુતો હતો!

રંભા—વ્હાલા પ્રાણનાથ! તમે આ શું બોલો છો. મ્હારી સાથે તમારા સિવાય બીજો કોણ હોય? આપના ગયા બાદ હું અત્રે સુતી છું. તમને કોઇએ વ્હેમમાં નાંખ્યા હશે.

પ્રતાપ—જુઠું તદ્દન જુઠું. શું મ્હારી નજરે જોયલી વાત તું જુઠી કહે છે! ઓ દુષ્ટા! તું એક ઝેરી નાગણ છે તે મેં હમણાજ જાણ્યું.

રંભા—હાય, મ્હારાપર એહું આળ ન મુકો. હું ઝુરી ઝુરીને મરી જઇશ. ભલે તમારી કટારથી મ્હારૂં ખુન કરી નાંખો તે મ્હને આળ મુકવા કરતાં વધારે ઠીક થઈ પડશે.

પ્રતાપ—બસ. ત્હારો બકવાટ બધ કર. ત્હારૂં કાળું મ્હોઢું જોવા માંગતો નથી.

આટલુ કહી પ્રતાપે તેને એક લાત મારી જેના જોરથી રંભા જમીન સાથ અથડાઇ પડી. તેના માંથામાંથી લોહીની ધાર વહેવા લાગી. મન સાથ વિચાર કરવા લાગી નક્કી એમને કાંઇ ભ્રમજ થયો હશે.

પ્રતાપ—જો કદાચ હું આળ મુકતો હઉ તો પ્રેમની નીશાની તરીકે મ્હેં આપેલી ગુલાબી માળા બતાવ.

ગળામાં હાથ નાંખી માળા જોતાં તે ન જડવાથી ગભરાઇ ગઇ. પોતા સાથ કાંઇ પણ તરકટ રચવામાં આવ્યું હોય એવી ખાત્રી થઇ.

પ્રતાપ—રંભા ત્હારે અત્રે રહેવા કરતાં ત્હારે પીયર સહવારના પોહોરમાં વિદાય થવું. ત્હારા અપવીત્ર દેહને હવે હું મ્હારા મ્હેલમાં

રાખીશ નહીં. કાલે સહવારે ત્હારે જવું જ પડશે. આ મ્હારો છેલ્લો શબ્દ છે. કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર ત્હારે આ મ્હેલ છોડી જવું.

રંભા—પ્રાણનાથ એક અરજ.

પ્રતાપ—ચુપ, ત્હારા ભ્રષ્ટ દેહમાંથી નીકળતો એક પણ શબ્દ હુ સાંભળવા માંગતો નથી.

રંભાની આંખમાંથી અખળીત અશ્રુધારા વ્હેતી જોતો પ્રતાપ ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૫ મું

જુલ્મીનો જુલમ (ધીરસીંહની કહાણી ચાલુ.)

ઝાડોની ઘટામાં જંગલ છવાયલું હતું. વખત રાત્રીનો હતો. ચદ્રના કીરણોનો પ્રકાશ ઘટામાંથી કોઇ કોઇ જગે દેખાતો હતો. કેટલાક સીપાઇઓ સાથે એક સીગરામ જંગલમાંથી આ વખતે પસાર થતો હતો. ગાડીના બળદને હાંકનારની ડચકારી શીવાય બીજો કાંઇ અવાજ સંભળાતો નહતો. કેટલેક દુર નીકળેલા મૂકામથી આવ્યા બાદ એક ખંડીયેર આગળ ગાડી ઉભી રાખવામાં આવી. બળદના જોતર છોડતો હાંકનાર બોલ્યો "બા સાહેબ, અહીં ઉતરી આ ખંડીયેરમાં થોડીવાર બેસો. એટલામાં બળદને ઘાસ પાણી આપીએ."

"ભાઇ ત્યારે રત્નપુરથી આપણે કેટલો પથ કાપ્યો છે તેની તને સરત છે!" "હા, બા, સાંઠેક કોસ કાપ્યા હશે. બળદને ખવડાવી પાણી પાઇ પાછા હાંકશું એટલે થોડેક દૂર રાજા સૂરસેનની

હદ છે ત્યાં દાખલ થઇશું. આપ આ જગ્યામાં બીરાજો. બળદ ઘોડાઓને પાણી પાઇ આવીએ છીએ. એક સિપાઇ આપની પાસે ઉભો રાખ્યો છે."

સીગ્રામની અંદરથી એક બાવીસ વર્ષની યૌવના ઉતરી ધીમે ધીમે તે ખંડીયેરમાં દાખલ થઇ અને એક સ્વાર પણ તેની સાથે ખંડીયેરમાં દાખલ થયો. ઘણો વખત થઇ જવાથી બળદોને પાણી પાનાર તથા સ્વારો પાછા ન ફરવાથી અધીરી થઇ તે બાઇ બોલી "ભાઈ હજી કેમ કોઈ આવ્યું નથી. ગાડી કેમ જોડતા નથી. મ્હને કેમ અહીં ખોટી કરો છો?"

સીપાઇ—તમારા પ્રાણ બચાવવા સારૂ.

તે બાઇએ પુનઃ સવાલ પુછ્યો મ્હારા પ્રાણ કોણ લેશે? કોના હુકમથી!

સીપાઇ—તમારા પતિ પ્રતાપના હુકમથી. પણ તેમાંથી મ્હારે તમને બચાવવાં છે.

સુંદરી—"કાંઇ કારણ. શા માટે બચાવે છે. ક્લાડ તરવાર ને લે મ્હારો પ્રાણ. મ્હારા નાથનો હુકમ મ્હારે કબુલ છે.

સીપાઇ—રંભા, તને વધુ તરસાવવા કરતાં હું ખરી હકીકત કહું છું. સીપાઇ તરીકે કહેવાતો રહેલ નોકર તરીકે ગણાતો હું દુષ્ટરાય છું. ત્હારા પર મોહીત થવાથીજ અત્યારે મ્હેં તને અહીં રોકી રાખેલી છે.

રંભા—હું આ શું સાંભળું છું. દુષ્ટરાય! તમે મ્હારાપર દાનત બગાડી અત્રે લાવ્યા છો?

દુષ્ટરાય—રંભા ત્હારી મુખમુદ્રાએ મ્હને ઘેલો કરી દીધો છે.

લાંબા વખતથી હું ત્હારી પાછળ ભટકતો હતો. આજ ઇશ્વરે તે વખત લાવી આપ્યો.

રંભા—દુષ્ટરાય, ત્હારી નીચ ધારણામાં તું કદી ફાવીશ નહિ. આ દેહ મેં પ્રતાપનેજ અર્પણ કરેલો છે. તે આ કાળે તો બીજાને અર્પણ થશેજ નહીં.

દુષ્ટરાય—બસ કર–તું મ્હારી માંગણી કબુલ કરે છે કે નહિ ?

રંભા—કદાપી નહિ. શું તું કાગડો હંસ થવાની આશા રાખે છે ?

દુષ્ટરાય—નાજુક વદની, મ્હારૂં દીલ ચોરી લીધા બાદ મ્હને શું કરવા તરછોડે છે. અકલહીણ પ્રતાપને એક રાજકુંવર સમજી તું તેના પર મોહી પડી છે. મ્હારી રીયાસત જો, મ્હારૂં વદન જો. તેં ખરેખર પ્રતાપને પસંદ કરવામાં એક મોટી ભૂલજ કરી છે. ત્હારી મનની ઇચ્છાઓ એ શું સમજે. એ તો મ્હારા જેવો કાબેલજ સમજી શકે માટે રંભા કાંઈ વિચાર કર.

રંભા—ત્હારો લવારો બસ કર–રંભા એક પતીવ્રતા સ્ત્રી છે તે પોતાનો ધર્મ જીવ જતાં પણ છોડશે નહિ.

દુષ્ટરાય—એ બધી વાત મ્હોંડાની. મુવા પછી શું મળવાનું છે. જીવતાં તને જે જોઇશે તે મ્હારા તરફથી પુરી પાડવામાં હું પાછી પાની ન કરીશ. જે સુખ તું પ્રતાપના મેહેલમાં ભોગવતી હતી તેટલું બને તો તેથી પણ અધીક સુખ હું તને આપીશ.

રંભા—નીમકહરામ ત્હારૂં સુખ મ્હારે જોઇતું નથી. જો તું મને હમણાં છોડી દેશે તો ત્હારો પાડ માનીશ અને આ તેં કરેલી વાત કોઇને પણ કહેવાની પ્રતીજ્ઞાં લઉં છું.

દુષ્ટરાય—ત્હારા પતીને આ વાત તું જણાવે એવો વખતજ

ક્યાં મળવાનો છે. તેજ બીચારો બે ચાર રોજમાં આ ફાની દુનીયા છોડી જનાર છે.

રંભા—હાય–દુષ્ટરાય ત્હારી કટારથી હમણાંજ મ્હારો અંત લાવ.

દુષ્ટરાય—તે ન બને. જો તું મ્હારૂં કહ્યું ન માનીશ તો તને પરાણે જોરજુલમથી મનાવીશ. મ્હારી માંગણી કબુલ ન કરવામાં કેટલું દુઃખ છે તે તું જા.

આટલું કહીં દુષ્ટરામે એક તાળી વગાડી કે ખંડીયેરમાંથી ચાર માણસો તેની રૂબરૂ આવી હુકમની રાહા જોતા ઉભા. દુષ્ટરાયે તેમના પ્રત્યે કહ્યું જાઓ આ સ્ત્રીને લઇ જાઓ. થોડા રોજ બાદ હું પાછો ફરીશ. રંભા પ્રત્યે કહ્યું "જોઉ છું તું કેમ મ્હારી માંગણી કબુલ કરતી નથી તે." આટલું બોલી પોતે ઘોડાપર બેસી ચાલ્યો ગયો. માર્ગમાં શીગરામ તથા શીપાઇઓ એક નાળાં આગળ તેની રાહ જોતા ઉભા હતા તેને જઇ મળ્યો.

રંભાને પેલા ચાર માણુસે ઉંચકી ખંડેયેરની અંદર કેટલાક ખડ ઓળંગી એક ઠેકાણે લઇ જઇ ઉભા. નીચે વળી ધુળ બાજુએ કરી પાટીઉ ઉઘાડયુ તો નીચે ઉતરવા એક સીડી રાખેલી હતી. ઉતરી કેટલીક વાર અંદર ચાલ્યા કીધું. એક દરવાજા પાસે આવી ચાવીવતી તેની અંદર દાખલ થયા. સુરંગ ઉંચાઇમાં ઘણી ન હોવાથી અંદર વાંકા વળી ચાલવું પડતું હતું. દરવાજામાં દાખલ થતાં ત્યાં અનેક તરેહના ઉંચો ઝાડો તથા સુંદર બગીચો નજરે પડયો. આ બગીચાને ફરતી ઘણી ઉચી દીવાલ હતી એટલે કે કોઇ માણુસ તે કુદી બહાર જઈ શકે નહિ. બગીચાની અંદર રંભાને મુકી આ ચારેજણા પાછા પોતાને મુકામે ચાલ્યા ગયા. રંભા અત્રે એકલી પડવાથી બોલવા લાગી "પાપી દુષ્ટરાય, મ્હને અત્રે કેદ કરવા કરતાં મ્હારો ઘાત કીધો હોત તો તે ઠીક થતે.

હે પ્રભૂ! તેં મને આ રૂપ શામાટે આપ્યું? મ્હારૂં રૂપજ આ સઘળાનું મુળ છે. કોણ જાણે આ પાપી હવે મ્હારૂં શું કરશે. ભલે તેની ધારણા ગમે તેમ હોય તોપણ હું મ્હારો ધર્મ પાળીશ. અરે પણ તે પાપીએ મ્હારા પ્રાણનાથનો પણ જીવ લેવાની પહેલી કરેલી કહેતો હતો. એ પ્રભુ મ્હારાથી કેમ ખમાશે" આટલું બોલતાં રંભાને મૂર્છા આવી. મૂર્છામાંથી પાછું ભાન આવતાં ઉઠીને જોય છે તો એક પુ-રૂષ સામે ખાવાનું લઈ આવેલો ઉભેલો જોયો. તે રંભા પ્રત્યે કહેવા લાગ્યો "બાઇ શોક શામાટે કરો છો. તમારૂં કાંઈ વળવાનું નથી. નાહક હેરાન થવાનું છોડી દો. આ ભોજન લાવ્યો છું તે નીરાંતે બેસી જ-મીને શાંત થાઓ."

રંભા—ભાઇ તમારા કહેવા પરથી તમે ઘણા ભલા દેખાઓ છો તો કૃપા કરી કહેશો કે હું કયા સ્થાનપર છું. હું તમારો પાડ નહીં ભુલીશ.

પાસે ઉભેલા માણસે કહ્યું કે બાઇ તે મ્હારાથી તમને જણાવાશે નહિ. હમે કેવા માણસના તાબામાં છીએ તેની તો તમને ખબર છે.

રંભા—ભાઇ તે હું સમજું છું તમને જરાપણ હરકત આવે તેમ હું થવા દઇશ નહિ. વળી તમારી મેહેનતનો બદલો પણ હું તમને આપીશ.

પેલા માણસે જવાબ આપ્યો કે બાઇ મ્હારાથી ખોટી થવાય તેમ નથી માટે જે કાંઇ ખાવાનું હું લાવ્યો છું તે કૃપા કરી ખાઇ-લ્યો કે હું ચાલ્યો જાઉં.

રંભા—અરેરે, ભાઈ ત્યારે તમારા તરફથી પણ કાંઇ જવાબની આશા નજ રાખવી. પેલો માણસ બોલ્યો, ના, બીલકુલ નહિ.

રંભા—ભાઇ ત્યારે તમારૂં લાવેલું ખાવાનું તમે પાછું જ લઇ જાઓ. મ્હારે હરામીઓના હાથનું ભોજન પણ નજ લેવું જોઇએ.

પેલો માણસ કહેવા લાગ્યો કે હમે પણ જોઇશું કે કેટલો વખત તમે જમ્યા વગર રહો છો. આટલું કહી તે ખાવાનું લઇ પાછો ચાલ્યો ગયો. તે ગયા બાદ રંભાએ બાગમાં ફરી કયેથી નાશી છુટવાનો લાગ હોય તે જોવા વિચાર કર્યો અને ઉઠી. બધે ફરતાં કોઇપણ જગાએ બારી કે દરવાજો કાંઇ પણ જોવામાં ન આવ્યો. થાકી ઝાડોની ઘટા નીચે આવી બેઠી. ઓચીંતો કાંઇ ચળકાટ તેના દીઠામાં આવ્યો. ઉઠી તે તરફ ગઇ તો બે ધારવાળી કટાર ત્યાં પડી હતી તે તેના દીઠામાં આવી. તે લઇ તે મનમાં બોલી " વાહ ઇશ્વરે પણ દાદ સાંભળી આ અણીના વખતે તે પરમાત્માએ મ્હને મદદ કરી નહીંતર અહીં કટારો ક્યાંથી હોય. હું પણ એક ક્ષત્રી કન્યા છું તેથી મ્હારે પાણી બતાવવું જ જોઇએ. દુષ્ટરાય હવે તને દેખાડી આપીશ કે પુરૂષો ફક્ત હથીયાર વાપરી શકે છે એમ નથી પણ સ્ત્રીઓ પણ વાપરી જાણે છે. સ્ત્રીઓ અબળા કહેવાય છે પણ 'સમય આવે તે પુરૂષો કરતાં પણ અધીક કામ કરી શકે છે. હું પણ તેજ દરજ્જાની સ્ત્રી છું. આ કટારથી હું પાપી દુષ્ટરાયનું લોહી પીશ ત્યારે જ હું જંપીશ. નહીંતર છેવટે મ્હારૂં લોહી તો છેજ.

પ્રકરણ ૧૬ મુ.

પ્રતાપનું ખૂન (ધીરસીંહની કહાણી ચાલુ.)

દુષ્ટરાય—વ્હાલી શાન્તી રંભાનો તો નીકાલ થયો. હવે ફક્ત પ્રતાપનો ઘાટ ઘડવો બાકી છે.

શાન્તી—વ્હાલા, પ્રતાપને કેવી રીતે ફસાવશો. રૈયતની ચાહના તેહના પર ઘણી છે તેનો ખ્યાલ કરજો. જરા પણ શક આવશે તો રૈયત ખળભળી ઉઠશે ને તેને કાબુમાં રાખી શકાશે નહિ.

ઉપલી વાતો રાનીપુરની બ્હાર આવેલા એક સુંદર બગીચા-વાળા બગલામાં ચાલતી હતી.

દુષ્ટરાય—આપણને જરા પણ ગભરાવવા જેવું નથી. હું જે કરીશ તે પુખ્ત વિચારથીજ કરીશ. આ તો સાધારણ વાત છે. શું તાહરા લગનની બાબત કાંઇ જેવી તેવી હતી ! શું કોઇ તેનો હજી સુધી પત્તો મેળવી શકયો છે.

શાન્તી—બસ કરો. તે વાત કાઢતાં જ મને ગભરામણ થાય છે. કૃપા કરીને તે વાત કાઢો મા. કોઇ સાંભળશે.

દુષ્ટરાય—વ્હાલી ગમે તેમ હોય પણ કોઇ પણ ઉપાયે મ્હારે પ્રતાપને દુર કરવો જોઇએ કે જેથી રાજ્યમાં નીર્ભયતાથી મોજ માર્યા કરીયે.

શાન્તી—પણ વ્હાલા, આપ પછી મને તરછોડી મ્હારાથી અધીક સૌંદર્યવાન સ્ત્રીની મોજમાં પડો તો મ્હારૂં શું થાય. પુરૂષોનો વિ-શ્વાસ શો !

દુષ્ટરાય—શાન્તી આજ સુધી તને કોઈ પણ બાબતમાં અણ-વિશ્વાસ ઉપજ્યો હોય તો તે બતાવ.

શાન્તી—ના મને હજી સુધી તો તેમ થયું નથી પણ જુઓની આપની પરણેતર પત્ની કમળા આપના ઉપર અનહદ પ્રેમ દર્શાવતી હતી અને આપ માટે પોતાનો પ્રાણ અર્પવા તૈયાર થતી તે બીચારીને મ્હારા ઉપર મોહ લાગ્યા બાદ બીન અપરાધે કેદ કરાવી. કહો પુરૂષોનો કેટલો વિશ્વાસ રાખવો ?

દુષ્ટરાય—પણ ત્હારા સંબંધમાં તો તેવું નજ બને એવી પ્રતીજ્ઞા લઉં છું.

શાન્તી—જો તમે મને બરોબર ચાહતા હો તો હું કહું તે કબુલાત આપો.

દુષ્ટરાય—તૈયાર છું, બોલ શી કબુલાત છે ?

શાન્તી—રાધા અહીં આવ. મ્હારી પેટીમાંથી ભોજપત્ર લાવ. રાધા ભોજપત્ર લાવી શાન્તીના હાથમાં આપી ચાલી ગઇ.

દુષ્ટરાય—બોલ હવે તું કહે તે લખી આપું.

શાન્તી—અત્રે બેસવા કરતાં અંદરના ખંડમાં ચાલો આપણે જઇએ. અહીં નોકરવર્ગ આવજા કરે છે માટે ત્યાં ઠીક પડશે.

બન્નો અંદરના ખંડમાં ગયાં અને લગભગ એક કલાક કબુલાત લખાવવામાં ગાળ્યો જે બાદ શાન્તી ખુશી થતી દુષ્ટરાયની સાથે બ્હાર આવી.

શાન્તી—બસ હવે મ્હને તમારો સંપૂર્ણ વિશ્વાસ છે. પણ ધન્યવાનની સ્ત્રીઓ મ્હારા કરતાં ઘણી રૂપાળી હોય છે.

દુષ્ટરાય—પણ તેમનામાં પ્રેમ ને વૈભવ હોતો નથી. તમે એક રાજ માતા કહેવાઓ. મ્હારા જેવા તમારી પાસે ઘણાઓ નોકરો

હશે પણ મને માન આપી તમારો પ્રીય બનાવ્યો છે એ હું મહા-ભાગ્ય સમજું છું.

વખાણથી ભલભલા ચળી જાય છે તો તેમાં સ્ત્રીઓનું પુછવું જ શું. શાન્તી પોતે સુંદર હતી અને પોતાની સૌંદર્યતા માટે ગર્વ રાખતી હતી તેમાં દુષ્ટરાયના વખાણથી તો ગર્વની શીમાએ પહોંચી.

શાન્તી—હું કાંઇ વિશેષ કરતી નથી. મ્હારે પણ તમારો ઉપ-કાર ભુલવો ન જોઇએ.

દુષ્ટરાય—તમે કદરવાળાં છો એટલે ઠીક છે.

શાન્તી—તે તો મનોમન સાક્ષી છે. આપનો મ્હારા પ્રત્યે દઢ પ્રેમ છે તો મ્હારો આપ પ્રત્યે હોય એવાં કાંઇ નવું નથી.

દુષ્ટરાયે શાન્તીને એક ચુંબન કર્યું અને પાછી વાત શરૂ કરી બોલ્યો " પણ હવે પેલાનો તોડ કાઢવો જોઇએ."

શાન્તી—હું ક્યાં તમારા કરતાં વધુ હોંશીયાર છું કે મ્હારી સલાહની જરૂર પડે; આપનો શું વિચાર છે?

દુષ્ટરાય—કર્ણસીંહ મ્હારો વિશ્વાસુ છે તેની સાથે પ્રતાપને શી-કારે મોકલું. ત્યાંજ તેનો ઘાત કરાવી પ્રતાપના દુશ્મનો તેને ઠાર કરી નાસી ગયા એવી બુમ ઉડાવવી. જ્યાં ખુન થયું હોય ત્યાંજ તેના શબને ઠેકાણે પાડી દેવું.

શાન્તી—તે યુક્તી તો ઠીક છે પણ કર્ણસીંહ ફૂટયો તો.

દુષ્ટરાય—ના. કર્ણસીંહ પર મને સંપૂર્ણ ખાત્રી છે. ફક્ત તે લોભી છે તેને સંતોષ્યો કે બસ બેડો પાર.

દુષ્ટરાય દુષ્ટ મસલત શાન્તી સાથ ચલાવી રજા લઇ ત્યાંથી ગયો. પછી કર્ણસીંહને બોલાવી કેટલીક લાલચ આપી અને કામનો મુદ્દો કહેવા લાગ્યો. પ્રતાપને શીકારે લઇ જવો, ત્યાં તેના પ્રત્યે કેવી

રીતે વર્તવું વગેરે સમજણ આપી. તેને ન્હાલ કરવા કબુલાત આપી. કર્ણસીંહ મહા લોભીઓ હતો તે આપેલું અતી નીચ કામ કરવા તૈયાર થયો. ત્યાંથી દુષ્ટરાય પ્રતાપ પાસે ગયો. પ્રતાપ પોતાપર પડેલા રંભાને દુર કરવાના દૂખમાં રંભાએ બતાવેલી બેવફાઇ માટે પ્રશ્ચાતાપ કરતો બેઠો હતો ત્યાં દુષ્ટરાયે જઇ સલાહ આપી કે પ્રતાપસીંહ આમ દીલગીર થયે શુ વળવાનું છે. થનાર વસ્તુ થઇ ગઇ. રાજ્ય માટે રાણીઓનો ક્યાં ટોટો છે. એક ગઇ તેના કરતાં સરસ બીજી લાવશું. સાવધ થઇ રાજ્યકાજમાં ધ્યાન આપતા રહો. ચેન ન પડતું હોય તો કોઈ કોઇવાર શીકારે જાઓ. શીકારમાં મન લાગવાથી દુખ વિસારે પડશે વગેરે વાત કરી. કર્ણસીંહ સાથે બીજે દીવસે શીકારે જવા ગોઠવણ કરી. પ્રતાપ આ નીચ યુક્તી સમજી શક્યો નહીં. ક્યાંથી સમજે ! પોતે ભલો હોવાથી જગતને ભલીજ સમજતો હતો. વળી દુષ્ટરાયનો પોતાનો હીતેચ્છુ સમજતો હતો. પ્રતાપ ઠરાવ્યા પ્રમાણે કર્ણસીંહ સાથ બીજે દીવસે શીકારે નીકળ્યો. કર્ણસીંહ માર્ગમાં અનેક રીતે પ્રતાપને ખુશ કરવા લાગ્યો. રત્નપુરથી ઘણે દુર ડુંગરોવાળા પ્રદેશ તરફ તે પ્રતાપને લઇ ગયો. બે દિવસ ત્યાં રોકાઇ પાછો વળ્યો. રત્નપુરમાં સાથે એક શબ લેતો આવ્યો ને દરવાજામાં પેસતાંજ બુમરાણ કરી શેહેરમાં પ્રતાપના ખુન થવાની ખબર કહાવી. રૈયતમાં હાહાકાર થઇ ગયો. દુષ્ટરાય માથું છાતી કુટતો પ્રતાપના શબ આગળ આવ્યો અને તેની છાતીમાં ભોંકેલો છરો કાઢી બોલ્યો "બસ સમજ્યો દુષ્ટ રાક્ષસનુંજ આ કામ છે." છરા ઉપર રાક્ષસનું નામ લખેલું હતું. પાછો રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હે દુષ્ટ રાક્ષસ હમે તાહરૂં શું બગાડ્યું છે. મને મારી નાંખ્યો હોત તો હરકત નહીં પણ આ બીચારા નીષ્કપટી પ્રતાપનો શું કરવા પ્રાણ લીધો. આ ખુન માફ કરીશ નહીં પણ તેનો

બદલો લઇશ ત્યારેજ હું જંપીશ. માહરી એજ પ્રતીજ્ઞા છે. રૈયત પણ રાક્ષસ ઉપર ફીટકાર વરસાવવા લાગી. રૈયતને સંશય થવા લાગ્યો કે રાક્ષસ કોણ હશે તે કેવો હશે. અભણ લોકો એટલે રાક્ષસ મોટો હોય ને બધાંના જાનમાલની નુકશાની કરે માટે બ્હીકથી ડરી ગયા. પ્રતાપના શબને રૈયતના ભારી કલ્પાંત વચ્ચે અગ્નીદાહ કરવામાં આવ્યો. રૈયતે શોકની નીશાની તરીકે કાળાં વસ્ત્રો ધારણ કર્યાં.

પ્રકરણ ૧૭ મું.

છુપી મંડળી (ચાલુ)

હવે આપણે જૂના ખંડીયેરમાં રંભાને છોડીને આવ્યા હતા ત્યાં પાછા નજર કરીયે. રંભાને કટારી મળતાં જોર આવ્યું તેણે પોતાના મન સાથે નક્કી કર્યું કે આ કટારથી દુષ્ટરાયનો ઘાત કરીશ અને ન વળશે તો પોતાનો કરી તેના પંજામાંથી છુટીશ. હવે પોતા પાસે હથીયાર આવવાથી હીંમત આવી તેથી પહેલાં જે ન ખાવાનો વિચાર કર્યો હતો તે બાજુએ મુકયો. બીજે દિવસે આગલા દિવસ માફક એક માણસ ખાવાનું લઇને આવ્યો. રંભાએ કાંઇ પણ આનાકાની વગર ખાધું અને ખુશ થતી બોલી "અલ્યા ભાઇ દુષ્ટરાય હવે પાછા કયારે આવનાર છે"? તે માણસે જવાબ આપ્યો "થોડા રોજમાં અત્રે આવશે." રંભા હવે કંટાળી છે અને તાબે થવા માંગે છે એમ તેણે મનમાં ધાર્યું. તેનાં ગયા બાદ રંભા પ્રભુ પ્રત્યે વિનંતિ કરવા લાગી કે "હે પ્રભુ આ કારાગૃહમાંથી મ્હારો જલદી

છુટકો કર. એવાં મેં શા પાપ કર્યાં છે કે હું આ બંધીખાનું ભોગવું છું? દુષ્ટરાય જલદીથી આવે તો ઠીક. કાંતો દુષ્ટરાયનો અંત આવે છે કે માહરો." એટલામાં સામેથી કાંઇ અવાજ આવતો સાંભળવામાં આવ્યો. થોડી વાર તે તરફ નજર કરતાં ભીતમાંથી બાકોરૂં પડતું જણાયું. કાળાં વસ્ત્રથી સજ થયલી એક આકૃતિ અંદર આવતી દેખાઇ. રંભા અજાયબ થઇ ગઇ. તે આકૃતિ રંભા પાસે આવી ધીમેથી બોલી "ગડબડ કરશો તો હું તમારા ભેગો કેદમાં પડીશ માટે કાંઇ પણ બોલ્યા ચાલ્યા વિના માહરી સાથે ચાલો." રંભા મન સાથ વિચાર કરવા લાગી કે આ મીત્ર હશે કે દુશ્મન. મીત્રજ હશે. દુશ્મન હોય તો પકડાવવાની બ્હીક શું કરવા બતાવે? રંભા એ શંકાશીલ ચેહેરે પુછ્યું "આપનું નામ જણાવી મને આભારી કરશો?" "પુત્રી મ્હારૂં નામ જાણવાથી હાલ કાંઈ લાભ નથી માટે વગર ઢીલે મ્હારી સાથે ચાલો." પોતાને હાથે રંભાનુ કાંડું પકડી તે પોતા સાથે તેને દોરી ગયો. બાકોરા બહાર કાઢી તો બહાર નદી કાંઠે એક હોડીમાં આઠ હથીયાર સહિત મનુષ્યો હતા. રંભાને તે લોકોએ હોડીમાં લઇ લીધી. તે કાળી આકૃતિ બોલી "ભાઇઓ હવે જલદી કરો કામ નીરવીઘ્ને પાર પડયું છે." હોડી તુરત છોડી મુકવામાં આવી ને પાણીમાં સપાટાબંધ ચાલવા લાગી. કેટલેક દુર કીનારા આગળ હોડી અટકાવવામાં આવી. ત્યાં ઉતરી કેટલાક પુરૂષો ઘોડાઓ સહીત સજ થઇ ઉભા હતા. તેમાંના એક ઘોડાપર રંભાને બેસાડી બીજા ઉપર કાળા વસ્ત્રથી સજ થયલી આકૃત્તી બેઠી અને બાકીના ઘોડા ઉપર માણુસો બેસી ઘોડા પુરજોરથી દોડાવી મુક્યા ને કેટલાક માઇલ નીકળી ગયા. છેક સાંજ સમયે એક ઉજડ ટેકરા આગળ આવી તે ટેકરો ચઢી બાજુની ગુફા આગળ આવી ઘોડા ઉભા રાખી ઉતર્યા. રંભા બંધીખાનામાંથી છુટી ત્યારથી અત્યાર લગી

વિચાર જ કર્યા કરતી હતી કે આ શું હશે, આ લોકો કોણ હશે, આવનાર પુરૂષોનો ભેદ કાંઇ સમજ પડતો નથી. તુરત એક પુરૂષ રંભા પ્રત્યે બોલ્યો "દીકરી રંભા હવે આપણે નીર્ભય છીએ માટે તાહરે જે પુછવું હોય તે હવે સુખેથી પુછ."

રંભા—આપે મ્હારાપર ઉપકાર કર્યો છે. કૃપા કરી આપનું નામ જણાવશો !

પેલા પુરૂષે જવાબ આપ્યો "મને રત્નપુરની રૈયત રાક્ષસના નામથી ઓળખે છે."

રંભા—શું રાક્ષસ ! ત્યારે તે તો અમારા રાજ્યનો દુશ્મન છે. એમ હોય જ નહિ. તમે મને ઉડાવો છો.

રાક્ષસ—નહીં ખરે—હું સોગન ખાઇને કહું છું કે રાક્ષસ હું પોતેજ છું. તમે ઉંધું સમજતાં હશો. રાક્ષસ રત્નપુરની રૈયતનો, રાજાનો દુશ્મન નહીં પણ દુષ્ટરાયનોજ. હવે સમજ્યાં. એવો કોઈ દાખલો આપશો કે જેમાં રાક્ષસના હાથે રત્નપુરની રૈયતનું કાંઇ પણ નુકસાન થયું હોય !

રંભા—ના તે તો મ્હારી પાસ નથી. દુષ્ટરાય હમેશાં આવી હમારી આગળ બોલ્યા કરતો કે રાક્ષસ રાજ્યમાં આવી ઉત્પાત કર્યા કરે છે.

રાક્ષસ—તે ઠીક, પણ સર્વ ખુલાસો કરવા જેવો આ વખત નથી. પ્રથમ આપણે જમી લઇએ. પછી માહરી સાથ હું ૭ જણને લઇ રત્નપુર જઇશ, કારણ રત્નપુરમાં પ્રતાપની જીંદગી જોખમમાં છે તેને બચાવશું.

રંભા—શું મ્હારા નાથ ભયમાં છે ? તો તમે સત્વર જઇને તેને મદદ કરો.

રાક્ષસ—બેટી તું બ્હીશ નહીં. દુષ્ટરાયથી તેને કશું થવાનું નથી.

અમે ચારે બાજુથી તેને ઘેરી વળ્યા છીએ. આટલા દિવસ હમારો પક્ષ નબળો હતો પણ ઇશ્વર કૃપાથી હવે મજબુત થયો છે. એક વાતની ખામી છે તે કામ સફળ થાય તો બધી બાજી હાથમાં આવે. હમારા મંડળમાંનો પલીત નામે એક રત્નપુરમાંજ છે એટલે ત્યાં જે કાંઇ થતું હશે તેની બાતમી તે રાખતો હશે.

રાક્ષસે સર્વેને જલદીથી જમી લેવા હુકમ કર્યો. સાધારણ પણ સ્વાદીષ્ઠ ભોજન તૈયાર હતું તે સર્વેએ પોતે ભુખ્યા હોવાથી સારી પેઠે ખાધું. છ જણને સુઇ જવા હુકમ આપ્યો, કારણ પ્રભાતમાં જ-લદીથી રત્નપુર કુચ કરી જવાની હતી. હદીસીંહને પણ સુઇ જવા વરદી મળી કારણ બીજે દીવસે તેને એક કાર્ય સોંપવાનું હતું. ર-ક્ષણ માટે સાવધ રહેવા કેટલાકને વરદી આપી. સહવારમાં મળસકે ચાર વાગે રાક્ષસે ઉઠી છ જણને ઉઠાડયા ને તેઓ રત્નપુર જવાને રસ્તે પડયા.

પ્રકરણ ૧૮ મું.

શેર માથે સવાશેર.

રત્નપુરમાં પ્રતાપનો શોક પ્રદર્શીત કરવા દરબાર ભરાયો હતો. સર્વ કાળા પોશાકમાં હાજર થયા હતા. રાજ્યગાદીની પાસે એક ઉંચી બેઠક બનાવી હતી તેપર પ્રતાપ પુર્વે થઇ ગયલા રાજાની વિધવા રાણી બીરાજી હતી તેણે પણ શોકનાં કાળાં વસ્ત્રો પહેર્યાં હતાં. રાણી ઘણીજ ખુબસુરત હતી. તેણે બહારથી શોકનો

આડંબર કર્યો હતો પણ તેનુ અંતઃકરણ જરા પણ શોકમય નહતું. તેના સર્વે મનોરથ સફળ થયા હતા કારણ પ્રતાપ રંભાની તેની આડખીલી હતી. પોતે પોતાની માનીતી દાસી રાધા જે માને મળવા ગઇ હતી તે કયારની આવવી જોઇતી હતી તે હજી સુધી કેમ ન આવી પહોંચી તે વિચારમાં બેઠી હતી કારણ રાધા વગર તેને કોઇ જોઇતી સલાહ આપે એમ નહતું. આમ વિચાર કરતી હતી એવામાં એક જુવાન સ્ત્રી દોડતી આવી અને તે રાણી પ્રત્યે બોલી "માતાજી મને આ ચીઠી રાધાએ તમને આપવા જણાવ્યુ છે." રાણી ચમકી, તે સ્ત્રી તરફજ જોઇ રહી અને પુછ્યું "રાધા કેમ ન આવી?"

ચીઠી લાવનાર બાઇએ ખુલાસો કર્યો કે તેની મા વધુ બીમાર છે. કાગળમાં બધી વીગત લખેલી છે. રાણીએ કાગળ ઉખેડી વાચ્યો તો નીચે પ્રમાણે હતો.

"વહાલાં માતાજી, હું આપના વગર રહી શકતી નથી. મને અહીં જરા પણ ગોઠતું નથી પરંતુ લાચાર છું કારણ મ્હારી વૃદ્ધ માતા ઘણી ખરાબ હાલતમાં છે. મ્હારાથી તેને એકલી મુકી આવી શકાયુ નથી. મ્હારાં વતી મેં મ્હારી સખી મોહીનીને આપની સેવામાં મોકલી છે તેની મને સંપૂર્ણ ખાત્રી છે કે તે નીમકહલાલીથી નોકરી કરશે. માટે આપ જરા મુંઝાશો નહીં. હાલ એજ. લી. આપની રાધા."

રાણી—શુ તું રાધાની બેનપણી થાય છે!

મોહીની—હા માતાજી.

રાણી—રાધાને હજી કેટલા દીવસ ત્યાં રોકાવું પડશે.

મોહીની—કદાચ તેને મહીનો એક વધુ રોકાવું પડશે અને

ભોજપત્રપર આપેલ કબુલાતનો હવે સમય આવ્યો છે અને બાઇ સાહેબ એકલાં છે તેથી મદદ માટે મને મોકલી આપી છે.

રાણી—શું ભોજપત્રપરના લખતની વાત પણ રાધાએ તને કહી !

મોહીની—બાઇસાહેબ, આપને ખાત્રી ન થતી હોય તો એક વાત આપના કાનમાં કહું કે જેથી પુરી ખાત્રી થશે.

મોહીનીએ રાણીના કાનમાં કાંઇ કહ્યું તેથી રાણીને ખાત્રી થઈ ગઇ. ધીરે ધીરે મોહીની રાણીની વિશ્વાસુ થઇ ગઇ. જે વાત રાણી રાધાને નહીં કહેતી તે મોહીનીને કહેવા લાગી. આમ કેટલાક દીવસ ચાલ્યું. કેટલાક દીવસ બાદ દુષ્ટરાય રાણીને મળવા આવ્યો. રાણી તથા દુષ્ટરાય મોજમઝાથી બેઠા હતા અને મોહીની તેમની બરદાસ ઉઠાવતી હતી એટલામાં રાધા ત્યાં શ્વાસભેર દોડતી આવી અને બોલી "માતાજી, મ્હારાપાસ દુશ્મનોએ જોરજુલમથી ચીઠી લખાવી આ મોહીનીને મ્હારી બ્હેનપણી તરીકે ગણાવી અત્રે દાખલ કરી છે" એકાએક બધાં ચમકી ગયાં. દુષ્ટરાય બોલી ઉઠ્યો "શું આ ત્હારી બ્હેનપણી નથી ?"

રાધા—ના જી.

દુષ્ટરાયે સીપાઇઓને બોલાવી મોહીનીને બાંધી તેને કાપી નાંખવા હુકમ આપ્યો.

મોહીની—મને કાપ કે ન કાપ પણ તું તો કપાઇ ગયેલો છે એમ જ સમજજે. તાહરી દરેક વાત માહરા કબજામાં છે.

દુષ્ટરાય—કેવી રીતે.

મોહીની—મને જરા પણ નુકશાન કરીશ તો તાહરી ભોજપત્રપર આપેલી કબુલાત મ્હારા મીત્રો બ્હાર પાડશે.

જાણે માથામાં ઘા થયો હોય તેમ રાણી તથા દુષ્ટરાય બન્ને ચક્કર ખાઇ નીચે પડયાં. રાણીએ કલ્પાંત કરવા માંડયો. મોહીનીએ પોતે એક સ્ત્રી નહીં પણ પુરૂષ હોવાનું જણાવી તે બાબે ખાત્રી કરી આપી.

દુષ્ટરાય સાવધ થઇ તેને પુછવા લાગ્યો "છોકરા, તું કોના તરફથી અત્રે આવ્યો છે?" તે છોકરે જવાબમાં પોતાનું નામ યમ હોવાનું જણાવ્યું અને રાક્ષસ અને પલીત તરફથી પોતે અત્રે આ-વ્યાનું જણાવ્યું. આથી દુષ્ટરાયનાં ગાત્ર સીથીલ થઇ ગયાં. તે છોક-રાને કેદમાં રાખવો કે કેમ તે પણ હુકમ આપી શકયો નહીં ને સીપાઇઓ તેના સામુ જોઇ રહ્યા.

વાંચકે આ રાણી બીજી કોઇ નહી પણ શાન્તી કે જેને મેહેલે દુષ્ટરાય વારંવાર આવતો હતો તેને ઓળખી તો હશે જ.

શાન્તી—રાધા, તું રાક્ષસના હાથમાં કેવી રીતે સપડાઇ.

રાધા—બાઇજી, હું મ્હારી માની રજા લઇ બે માણસો સાથે અત્રે આવવા નીકળી. રસ્તામાં લૂટારા મળ્યા. માહારી સાથેના એકને મારી નાંખ્યો, બીજો નાશી ગયો અને મ્હારા દાગીના કાઢી લઇ નાશી ગયા. આગળ ચાલતાં કેટલાક સ્વારો મને મળ્યા. હુ તેઓને જોઇ એક ખાડામાં છુપાઇ ગઇ પણ તેમાંના એકે મને જોયેલી તે બહાર કાઢી બધા સામે લઇ આવ્યો. માંહોમાંહે કાંઈ મસલત કરી મને પકડનારને મને સોંપી બાકીના ચાલ્યા ગયા. મને પકડી કેટલોક રસ્તો વટાવ્યા બાદ મને એક ગુફામાં લઇ ગયો, જ્યાં મને ખુબ માર માર્યો, અને આપની પાસે મોકલેલ ચીઠી લખાવી મને બીજા સીપાઇના હાથમા મુકી ચાલ્યો ગયો. આ સીપાઇને મેં ચાળા હાવ-ભાવને નખરાંથી લટ્ટુ બનાવ્યો. આખરે તેને ફસાવ્યો. તે મ્હારાપર પુર વિશ્વાસ રાખવા લાગ્યો. તેને ભાંગનો ઘણો શોખ હતો. એક

દીવસ મેં પોતે હાથે તેને ભાંગ બનાવી આપવા કહ્યું. આથી તે મ્હારા હાથની ભાંગ પીવા ઘણો ખુશ ખુશ થઇ ગયો. મેં ભાંગ જરા કડક કરી વળી લાડ કરી તેને વિશેષ પાઇ દીધી. જ્યારે તે ઘેનમાં આવ્યો ત્યારે હું ત્યાંથી છટકી ભટકતી છુપાતી ઘણા દીવસે અત્રે આવી પહોંચી. આ મોહીનીને મેં પત્ર લખી આપ્યો હતો ને તે મ્હારી બ્હેનપણી થઇ અહીં આવી રહી છે.

શાન્તી મોહીની પ્રત્યે બોલી "હરામખોર, યમ તું તાહરૂં ખરૂં નામ છુપાવે છે. તમારી ટોળીમાંના દરેક પોતાનું નામ છુપાવી જુદા નામથી ઓળખે છે. તાહરૂં ખરૂં નામ શું છે તે જણાવ. નહીં જણાવીશ તો જોર જુલમથી પણ તે જણાવવાની તને ફરજ પાડવી પડશે. પછી જોઇશું તાહરા મદદગારો તને શું કરે છે. એટલામાં બહાર બગીચામાંથી તીરસ્કારયુક્ત હસવા સરખો અવાજ આવ્યો કે "એની મદદ રાક્ષસ કરશે અને ગમે ત્યાં છુપાવશો તે ખોળી છોડાવી લાવશે તે સાંભળજો–" અમો શેરના માથે સવાશેર છીએ.

પ્રકરણ ૧૯ મું.

પ્રતાપનો છુટકો.

સાંજનો સમય હતો. સૂર્યનારાયણ આથમી ગયા હતા. કોઇ ઠેકાણે દીવા પ્રકટ થયલા જણાતા હતા. છોકરાંઓ રમત પુરી કરી પોતાને ઘેર જતા જણાતા હતા. દુકાનદારો દુકાન બંધ કરવાની તજવીજમાં પડયા હતા. અંધકાર રાત્રી હોવાથી ધીરે ધીરે અંધકાર વધવા માંડયો. આ વખતે કોઇ ન જાણી શકે એવે

સંકેત કરેલ સ્થાને રત્નપુરની બહાર પલીત ફરતો હતો ત્યાં રાક્ષસે જઇ પુછ્યું "કેમ ભાઈ પલીત શા સમાચાર છે! પ્રતાપનું ખુન થયું કે કેમ!

પલીત—હાજી, જાણવા મુજબ પ્રતાપનું ખુન કરવામાં આવ્યું છે. પણ મને ખાત્રી થતી નથી. કારણ પ્રતાપના શબને અગ્નીદાહ કરવામાં કરણસીંહે ઘણી ઉતાવળ કરી હતી. હું ત્યાં આગળ તે વખતે હાજર હતો.

રાક્ષસ—જ્યારે તમે ત્યાં તે વખતે હાજર હતા તો શબ પ્રતાપનું હતું કે કોઇ બીજાનું તે ઓળખી ન શકયા!

પલીત—શબને માથું ન હતું. ફક્ત ધડજ હતું. આમાં મને કરણસીંહનો કાંઈ ખાનગી હાથ લાગે છે અને કુમાર છટકવા પામ્યો હોય એમ જણાય છે.

રાક્ષસ—ત્યારે તો ઘણી ખુશીની વાત છે. પ્રતાપ જો બચવા પામ્યો હોય તો જ આપણી મેહેનત સફળ થયલી સમજવી. હવે આપણે કયો રસ્તો લેવો જોઇએ.

પલીત—હું ધારૂં છું કે કરણસીંહનો પીછો પકડવો. એને દબાવતાં જરૂર ખુલાસો કરશેજ.

રાક્ષસ—પણ કરણસીંહને હાથમાં લેવા ઉપાય યોજવો જોઇએ.

પલીત—તે આજેજ આપણા હાથમાં આવશે. દુષ્ટરાયે રંભા આગળ જઇ તપાસ કરી આવવાનું તેને સોંપ્યું છે તો રસ્તામાં જતાં આપણે તેને પકડી શકશું.

રાક્ષસ—રસ્તો તો સારો શોધી રાખ્યો છે. ચાલો આપણે તેનો માર્ગ જઇને રોકીએ. તે આપણાથી છુપાતો છુપાતો નાસતો હશે. બંન્નો જણ કરણસીંહના જવાના માર્ગમાં છુપાઇ બેઠા. તેટ-

લાઃમાં કરણુસીંહ એક સીપાઇ સાથે ત્યાંથી પસાર થતો હતો. ઓચીંતું સણુસણુાટ કરતું તીર આવ્યું ને સીપાઇ વીંધાઇ નીચે પડયો. કરણુસીંહ આ ઓચીંતા હુમલાથી બેબાકળો બની ગયો. પોતાની તરફ ખુલ્લી તરવારે એક માણુસને આવતો દેખી પોતે પણુ તરવાર બહાર કાઢી સાવધ થઇ ઉભો. આ જોઇ રાક્ષસ બોલી ઉઠયો કરણુસીંહ હું કોણુ છું તેનો ખ્યાલ કરજો. રાક્ષસ સામે થવાથી આ સીપાઇના જેવા તમારા હાલ ન થાય તે સંભાળજો."

રાક્ષસનું નામ સાંભળતાંજ કરણુસીંહના ગાત્ર સીથીલ થઇ ગયાં. તરવાર હાથમાંથી નીચે પડી ગઇ.

કરણુસીંહ—હું તમારે શરણે છું જેમ કહેશો તેમ કરવા તૈયાર છું. કૃપા કરી મ્હારો જીવ લેશો નહીં.

કરણુસીંહ ને રાક્ષસ વાત કરતા હતા તે દરમ્યાન પલીત પણુ ઝાડીમાંથી બહાર આવ્યો. એકને બદલે બેને જોઇ કરણુસીંહ આભો જ બની ગયો.

પલીત—કરણુસીંહ હું જે પુછું તેનો ખરો જવાબ નહિ આપીશ તો એક ઘાએ ત્હારા બે ટુકડા થયલા જાણુજે.

કરણુસીંહ—હું જે જાણુતો હઇશ તેનો ખરો જવાબ આપીશ.

રાક્ષસ—બોલ ત્યારે પ્રતાપ ક્યાં છે ?

કરણુસીંહ—પ્રતાપનું તો ખુન થયું તે હવે ક્યાં હોઇ શકે !

પલીત—હરામખોર પાછું જુઠું બોલ્યો. મને ખાતરી છે કે તું સીધો જવાબ આપવાનો નથી. પ્રતાપનું ખુન થયું ત્યારે તું પાસે હતો. વારૂ તું પાસે હતો એટલે જાણુતો હશે કે એની છાતીમાં રાક્ષસના નામનો છરો ક્યાંથી આવ્યો. સાચી વાત કહી દેશે તો તને બક્ષીસ આપશું નહીંતર યમપુરી મોકલી દઇશું.

કરણસીંહ—મને યમપુરી મોકલશો તો તમે પ્રતાપને પણ શોધી નહિ શકશો.

રાક્ષસ—તું એમ ધારતો હશે કે હમે નહિ શોધી શકશું. પણ હમને ગુપ્ત સ્થળોનો સારો અનુભવ છે. દુષ્ટરાય ફુલાતો હશે કે હું રાક્ષસના મંડળને ઉખેડી નાંખીશ પણ તે એમ નથી જાણતો કે થોડા સમયમાં યમપુરી જવાનું છે.

પલીત—તે વાત જવા દો—પહેલાં આ કરણસીંહનો જ ઘાટ ઘડીયે. આટલું કહી કરણસીંહની ગરદન જોરથી દબાવી દમ આપ્યો કે બોલી દે નહીંતર ત્હારૂં છેવટ આવ્યું જાણજે.

કરણસીંહ નમી ગયો અને માફ કરવા વિનંતી કરવા લાગ્યો. પ્રતાપને બતાવવા કબુલ્યું અને આજથી દુષ્ટરાયનો પક્ષ છોડી દઇ રાક્ષસના પક્ષમાં જોડાવા પ્રતીજ્ઞા લીધી તેણે પલીતને પોતા સાથે આવવા અને પ્રતાપને સ્વાધીનમાં લેવા વિનંતી કરી.

પલીત—અમે આવીએ અને તું નીમકહરામ નીકળ્યો તો.

કરણસીંહ—તમને મ્હારી ખાત્રી નથી ત્યારે હું શું કરૂં તમારી સાથે કપટ રમું તો તમે ક્યાં મારાથી જાઓ તેવા છો. હું ધર્મના સોગન ખાઇને કહું છું કે તમારી સાથે હું હવે નીમકહલાલીથી જ વર્તીશ.

પલીત—ઠીક, ચાલ હું તાહરી સાથે આવું છું. રાક્ષસ અત્રે જ ઉભા રહેશે પણ જો જે યાદ રાખજે કપટ રમ્યો તો પહેલાં તાહરો જ જાન જશે.

કરણસીંહ તથા પલીત રાક્ષસથી છુટા પડી રત્નપુર ગયા. રત્નપુરમાં પ્રતાપને કરણસીંહે પોતાના ઘરમાં જ એક ભોંયરામાં છુપાવી

રાખ્યો હતો. પ્રતાપને જોઇ પલીત ભેટી પડી બોલ્યો "મ્હારા કુમાર હવે તમે ભયમાંથી બચ્યા છો. ચાલો બહાર મ્હારી સાથે."

પ્રતાપ—શું હું દુનીયાની હવા જોવા ભાગ્યશાળી થયો છું! કરણસીંહ આ સાચું છે!

કરણસીંહ—હા નામદાર, હું પણ હવેથી તમારો તાબેદાર થઇ રહીશ અને દુષ્ટરાયનો પક્ષ છોડી દઇશ.

પલીત—કુમાર હવે તમને જરા નુકશાન આવશે નહીં, વળી તમારી ગુણીયલ પત્ની રંભાને પણ મળી શકશો.

પ્રતાપ—શું રંભા છે? તદ્દન ખોટું. તેને તો મ્હારા હુકમથી દુષ્ટરાયે મારી નંખાવી છે.

કરણસીંહ—નાજી–તે જીવે છે. વધુ ખુલાસો કરવાનો વખત નથી. કારણ સહવાર પડવાનો સમય થયો છે માટે જલદી બ્હાર નીકળી જવું જોઇએ.

સર્વે ભોંયરામાંથી બ્હાર નીકળી જ્યાં રાક્ષસ તેઓના આવવાની આતુરતાથી રાહ જોતો ઉભો હતો ત્યાં આવી પહોંચ્યા.

પલીત—પ્રતાપ તમને તથા રંભાને બચાવનાર આ વીર પુરૂષ છે.

પ્રતાપ તુરત તેના પગમાં જઇ પડ્યો. રાક્ષસે તેને ઉભો કર્યો. પ્રતાપ તેના પોતાનો પીતા પણ ના કરે એવા સાહસો કરી પોતાને તથા પોતાની પત્નીને બચાવનાર રાક્ષસને ભેટ્યો. રાક્ષસ પણ તેને આર્શીવાદ આપી ભેટ્યો અને નીચે પ્રમાણે વાત કરવા લાગ્યો.

પ્રતાપ—આ અવનવા બનાવો શા કારણથી બને છે તે શું થાય છે તેની મને કાંઇ સમજ પડતી નથી.

રાક્ષસ—તે વાત કરવાનો આ પ્રસંગ નથી. હાલ આપણે આ-

પણ ઉતારાપર જઇએ. ત્યાં હું સઘળી વાત તમને જણાવીશ. જેની મને ખબર નથી તે કરણસીંહ તમને કહેશે.

સઘળા રાક્ષસની ગુફા આગળ જઇ પહોંચ્યા. થોડીકવાર•વી- સામો લઈ રાક્ષસે વાતની શરૂઆત કરવા માંડી અને પ્રતાપને કર- ણસીંહ શીકારે લઇ ગયો તે વખતે શી હકીકત બની તે પુછી.

પ્રતાપ—મને કરણસીંહ શીકારે તેડી ગયો. હું તેનું કપટ જાણતો નહતો. હું જ્યારે ઉંઘમાં પડયો ત્યારે મ્હારા હથીયાર કાઢી લઈ તે મ્હારી છાતીપર ચઢી બેઠો, અને કટાર કાઢી મ્હને મારવાની તૈયારી કરતો હતો તેવામાં હું જાગી ઉઠયો. મ્હારી જીંદગી જોખમમાં હોઇ અને વળી હથીયાર વગરનો હોઇ કર્ણસીંહને મ્હારો જીવ બચાવવા માટે મ્હારો કીમતી ગલેબંદ ભેટ આપી મને બચાવવા આજીજી કરવા લાગ્યો. કરણસીંહને દયા આવી. મને જીવતાં પર્યંત ભોંયરામાં રાખવાની પ્રતીજ્ઞા લેવડાવી જે મેં કબુલ કરી. મને એમ કે "જી- વતો નર ભદ્રા પામે" તેમ જીવતા હઇશું તો કોઇક દીવસ બહાર અવાશે. મને ભોંયરામાં લઇ જવામાં આવ્યો ત્યાંથી આપની મદદથી બહાર આવી શકયો.

રાક્ષસ—હું મ્હારી વાત ટુંકામાં કહું છું તે સાંભળો. પ્રતાપ તમારી ઓરમાન મા શાન્તી એ તમારી ઓરમાન મા ખરી તે એક રાજપુત્રી નહીં પણ લખનૌની એક વેશ્યા છે. જેમ તમે દુષ્ટરાયપર સંપૂર્ણ ભરોંસો રાખતા હતા તેમ તમારા પીતા પણ રાખતા હતા. દુષ્ટરાય તેમની સાથે પણ કપટ રમ્યો. તમારી જનેતા મૃત્યુ પામી ત્યારે દુષ્ટરાયે બીજી સ્ત્રી પરણવાનું તેને સમજાવ્યું. તમારા પીતાની સંમતીથી એક ઠાકોરની કન્યા સાથે લગ્ન કરવા નક્કી કર્યું. ખાંડું લગ્ન કરવા દુષ્ટરામ સાથે મોકલ્યું. લગ્ન કરી માર્ગમાં રત્નપુર ફરતાં

તે કન્યાનું તે દુષ્ટે ખુન કર્યું અને તેને બદલે પોતાની ઓળખવાળી આ વેશ્યાને લઇ આવ્યો. વેશ્યા જુવાન અને ચાલાક એટલે તમારો પીતા કશું જાણી શકયો નહીં. દુષ્ટરાયને મહેલમાં સઘળે ફરવાની છુટ હતી. રાણીના અંતપુરમાં પણ તે છુટથી જતો હતો. તેને શાન્તી સાથે પ્રથમથી જ આડો વહેવાર હતો. શાન્તીનું ખરૂં નામ જોહરા છે.

પ્રતાપ—આ સઘળું તો હું આજે જ જાણી શકયો.

રાક્ષસ—હજી તો જાણવાનું ઘણું છે. વખત આવે સઘળું જણાવીશ કે જેનો તમને સ્વપ્ને પણ ખ્યાલ હશે નહિ. કરણસીંહ હવે તમારી જાણમાં જે હકીકત હોય તે જણાવો.

કરણસીંહ—કુમાર, બહારથી દુષ્ટરાય તમને ચ્હાવાનો ઢાંગ કરતો હતો પણ તેની અંદર ખાનેથી રાજ્ય ભોગવવાની મોટી ઉમેદ હતી. તે રંભાપર મોહીત થયો હતો તેથી જો રંભા તાબે થાય તો રંભા શાન્તી સાથે રાજ્યકારભાર અને સુખ ભોગવવાનો તેનો મોટો લોભ હતો. રંભા વિષે તમને તેણે ખોટો વ્હેમ ઉત્પન્ન કર્યો હતો.

પ્રતાપ—પણ રંભાને પરપુરૂષ સાથે તેના ગળામાં ગુલાબી મોતીની માળા સાથ સુતેલી મેં જોઇ હતી તે શું ખોટું છે.

કરણસીંહ—સાંભળો તો ખરા મ્હારા સાહેબ ! એમાં તરકટ હતું અને તેમાં મુર્ખાઇથી મ્હેં પણ ભાગ લીધો હતો. ચંપા નામની રંભાની દાસી સાથે મ્હારે સારી મીત્રાચારી છે તેને મેં સમજાવી. આપ જ્યારે દફતર ખાતું દુષ્ટરાયે કરેલા સંકેત પ્રમાણે તપાસવા ગયા ત્યારે ચંપાએ રાણીને બેહોશ કરી પુરૂષનો વેષ લઇ તેની મોતીની માળા પોતાના ગળામાં ઘાલી તેની સાથે સુતી. મેં દુષ્ટરાયને નીશાની કરી એટલે દુષ્ટરાય રાણીના વર્તનની ખાત્રીથી બતાવવા આપને તેડી

ગયા. આપે જે દેખાવ દીઠો તેથી આપ ગુસ્સે થયા અને રાણીને દાર કરવાનો હુકમ આપ્યો.

પ્રતાપ—હાય ! શું મ્હારી નીર્દોષ વ્હાલી રાણીને મેજ ચારી નંખાવી !

કરણુ—નાજી. દુષ્ટરાયે તેને મારી નાંખવાને બહાને ઘણે દુર એક છુપા ભોંયરામાં કેદ કરી આવ્યો છે. અને પોતાને તાબે થવા વીનવ્યા કરે છે.

પ્રતાપ—શું હજુ રંભા ત્યાંજ છે. હું કયારે તેને જોઇ તેની માફી માંગીશ.

કરણુ—હુ આપની રાણી પાસે દુષ્ટરાયના હુકમથી જતો હતો તેવામાં આ વીર પુરૂષોએ મને પકડયો. મેં આપને એઓને સ્વાધીન કર્યા. હું હવેથી આપનો નીમકહલાલ નોકર રહેવા પ્રતીજ્ઞા લઉં છું.

પ્રતાપ—ત્યારે રંભાને છોડાવવા આપણે જલદી ઉપાયો લેવા જોઇએ.

રાક્ષસ—તેની ફીકર ન કરો. તમારા પહેલાં હું તને છોડવી લાવેલો છું જેમ તમે તેને જોવા ઇંતીજાર છો તેમ તે તમને મળવા આતુર છે. આટલું બોલી રાક્ષસ જ્યાં પ્રતાપ બેઠો હતો ત્યાં રંભાને લઈ આવ્યો. પ્રતાપ રંભાને જોતાંજ તેને પગે લાગવા જતો હતો જેમ કરવા રંભા દોડી આવી અટકાવી તેને ભેટી પડી.

પ્રતાપે રાક્ષસનો પોતીકા કરતાં પણ વધુ હેત બતાવી બચાવવા માટે અતી ઉપકાર માન્યો.

રાક્ષસે સંશયમાં કહ્યું-કદાચ પોતીકા કરતાં પણ વધુ સગપણમાં આપણે હોઇશું તો !

પ્રતાપ—ત્યારે મને હમણાજ જણાવી દેવાની કૃપા ન કરો ! મને શું-કામ અંધારામાં રાખો છો !

રાક્ષસ—ના હમણા નહિ. ચાર દીવસ બાદ દુષ્ટરાય ગામ બહાર હમને પકડવાનો વિચાર કરવા એક મોટી સભા ભરવાનો છે ત્યા આપણે જઈશું અને સર્વ બાબતોનો ત્યાં ખુલાસો કરવા ધાર્યો છે.

અત્રે કરણસીંહે રત્નપુર જવા તથા પોતા લાયક કાંઇ કામકાજ હોય તો તે ફરમાવવા રાક્ષસ પ્રત્યે આજ્ઞા માંગી.

રાક્ષસ—કરણસીંહ ભલે તમે રત્નપુર જાઓ. હાલ તમોએ જેવી સેવા બજાવી છે તેવી જ બજાવંતા રહેશો અને નીખાલસ દીલથી વર્તશો તો તમારા સર્વ ગુનાહ માફ કરી તમને લાભ થશે. હવે દુષ્ટરાયનું ભોપાળું બહાર આવ્યુ છે એટલે તે લાંબો વખત ટકે એમ નથી. તમારે ફક્ત એક કામ કરવાનું છે તે એ કે સભા ભરાય તેમાં દુષ્ટરાયને મોડુ થાય એવો પ્રયત્ન કરજો. જેમ બને તેમ વધુ વખત દુષ્ટરાયને ત્યાં આવી પોંચતાં લાગે એવો કાંઇક ઘાટ કરજો એટલે તે તકનો લાભ લઇ હું સઘળો ખુલાસો સભા આગળ કરીશ. મ્હારે માટે ફીકર રાખશો નહીં. મ્હારા એક હજાર બહાદુર સીપાઇઓને હુ સાથે લેતો આવીશ.

આ બાદ કરણસીંહ રાક્ષસની રજા લઇ રત્નપુર જવા છુટો પડયો.

પ્રકરણ ૨૦ મું.

પુનરૂદ્ધાર.

રાક્ષસ જેવા બહાદુરને ગમે તે ઉપાયે તેના મળતીઆઓ સાથ પકડવાનું દુષ્ટરાયને ભારી પડી ગયુ હતું એટલે તેણે રત્નપુરના નાના મોટા જાગીરદારો, સરદારો વગેરેની એક મોટી સભા ગામ બહાર ભરવાનો વિચાર કર્યો અને આં રાક્ષસને પકડવા શું પગલાં લેવાં તે બધા સાથે મળી વિચાર કરી નકી કરવા ઠરાવ કીધો. સભા નીમેલે દીવસે ગામ અહાર ભરવામાં આવી. જાગીરદારો સરદાર સીપાઇઓ વગેરેનો મોટો સમુદાય ત્યાં એકઠો થયો હતો. દરજ્જા પ્રમાણે સઉએ પોતપોતાની જગા લીધી હતી. નીમેલે વખતે દુષ્ટરાય આવ્યો નહીં એટલે સઉ તેની રાહ જોવા લાગ્યા અને સભાજનો માંહોમાંહે કાંઇ વિષયોની વાતો કરવા લાગ્યા. એવામાં કાળાં કપડાંથી સજ્જ થયલો, મોઢાંપર પણ કાળો બુરખો નાંખેલ એક પુરૂષ હથીયાર સહિત સભામાં દાખલ થયો—આવા અજાણ્યા પુરૂષને જોઇ સભાજનોનું ધ્યાન તેની તરફ ખેંચાયું. રાજ્યનો મોટો સરદાર શુરસેન સર્વથી ઉંચા આસને બેઠો હતો કારણ રાજ્યમાં સઉ કોઈ તેને સારૂં માન આપતા હતા. અજાણ્યા પુરૂષનો મજબુત બાંધો તથા તેના હથીયાર સહીત આવવાથી સૂરસેન પણ વિચારમાં પડ્યો. આવનાર પુરૂષ બોલવા લાગ્યો “મને આ સભામાં આવેલો જોઇ દરેક જણ વિચારમાં પડ્યા છો .પરંતુ સાહેબો હું આજની સભામાં ભાગ લેવા આવેલો છું,”

સુરસેન—તમે કેવી રીતે ભાગ લેવા માંગો છો તથા આપ શું કરી શકો તેમ છો ?

અજાણ્યો પુરૂષ—પ્રથમ આ સભા શા કારણથી બોલાવવામાં આવી છે તે જો હું જાણું તો ખુલાસો કરી શકું.

સુરસેન—આજની સભા રત્નપુર રાજ્યને વારંવાર નુકશાન કરનાર રાક્ષસ નામના દુષ્મનને પકડવા સંબંધી શું પગલાં ભરવાં તે માટે ભરવામાં આવી છે. રાક્ષસ મજકુર કુમાર પ્રતાપનું ખુન કર્યું હતું.

અજાણ્યો પુરૂષ—રાક્ષસે જ પ્રતાપનું ખુન કર્યું એ આપ શા આધારથી કહો છો તે જણાવશો ? વળી રાક્ષસે રૈયતપર કાંઇ જૂલમ કર્યો હોય એવું આપની જાણમાં હોય તો તે પણ જણાવશો !

સુરસેન—કુમારનું ખુન થયું તે વખતે કુમારનો વિશ્વાસુ કરણસીંહ તેની સાથે હતો. રાક્ષસના રૈયત પ્રત્યેના જુલમો દુષ્ટરાય આવેથી તે સારી પેઠે જાણે છે એટલે કહી શકશે.

અજાણ્યો પુરૂષ—કુમારના ખુનમાં કદાચ કરણસીંહનો હાથ હોય અને રાક્ષસ બીનગુનેહગાર હોય તો !

અજાણ્યા પુરૂષના આ સવાલથી સભાજનો વિચારમાં પડી ગયા.

સુરસેન—કરણસીંહનો તેમાં હાથ હોય એનો કાંઇ પુરાવો તમારી પાસે છે !

અજાણ્યો પુરૂષ—હા છે. વળી વધુ જણાવું છું કે પ્રતાપના ખુનમાં દુષ્ટરાયનો પણ હાથ હતો કારણ કરણસીંહ એખલાથી આ કામ થઇ શકે તેમ નહતું.

સુરસેન—તમારી વાત માનવામાં આવે એવી નથી પણ પુરાવ આપો તો માની શકાય.

અજાણ્યો માણસ—તે પુરાવા રાક્ષસ પોતે આપી શકે એમ છે..

સુરસેન—તો રાક્ષસને અહીં બોલાવો.

અજાણ્યો પુરૂષ—રાક્ષસ અહીં આવે પણ તમે કોઇ હ્યો રમો તો! સુરસેન તથા દરબારીઓએ ઉપલા સવાલના જવાબમાં જો રાક્ષસ અત્રે આવી સાફ દીલથી જે વાત ખરી હોય તે જણાવે તો તેનો જીવ બચાવવાની પ્રતીજ્ઞા લીધી.

અજાણ્યો પુરૂપ પોતાની તરવાર મ્યાનમાંથી કાઢી બોલ્યો "આપ સર્વે સમક્ષ હું રાક્ષસ મારી તરવારના સોગન લઇને પ્રતીજ્ઞા લઉં છું કે જે કાંઇ હું બોલીશ તે સાચું જ બોલીશ અને જો હું ખોટો નીકળીશ તો મ્હારી ગરદન હું મ્હારે હાથે જ કાપીશ."

અજાણ્યો પુરૂપ પોતે જ રાક્ષસ છે જાણી સભામાં ગડબડ થઇ રહી. કેટલાકો તેની હીંમતના વખાણ કરવા લાગ્યા કેટલાક તે શું બોલશે તે સાંભળવા તેની તરફ એકીટસે જોવા લાગ્યા. રાક્ષસે પોતાના એક સાથીને અંદર લાવવા રજા માગી જે આપવામાં આવતાં બહાર જઈ બુરખો ઓરાડેલા એક મનુષ્યને લઇ અંદર સભામાં દાખલ થયો.

રાક્ષસનો ખુલાસો.

રાજા ધીરસીંહના મરણ બાદ કુમાર પ્રતાપને ગાદી મળી. પ્રતાપ ભોળો હોવાથી દુષ્ટરાયના આચરણો સમજી શક્યો નહીં. એક વખત દુષ્ટરાય ફાવી ગયલો હોવાથી પ્રતાપનું ખુન કરવા તેણે નિશ્ચય કર્યો. કુમારની રાણી જે ઘણી જ ખુબસુરત હતી તેનાપર નજર બગાડી. કુમારને તેની રાણીની વર્તણુક માટે વ્હેમ પેદા કર્યો. કુમારે તે ન માનતાં તેને પ્રત્યક્ષ રાણીની વર્તણુક બતાવવા કબુલ કર્યું. કરણસીંહ તથા રાણીની દાસી ચંપાને ફોડી દાસી ચંપા પાસે રાણીને

કાંઇક ઓષધી અપાવી બેશુદ્ધ કરાવી. ચંપાને પુરૂષ વેશ ધારી રાણીની મોતીની માળ પહેરી અને રાણી પાસે પલંગપર સુતેલી દુષ્ટરાયે રાજા પ્રતાપને બતાવી. પ્રતાપની ખાત્રી થઇ. કુમારે રાણીપર ગુસ્સે થઇ તેને મારી નાંખવા દુષ્ટરાયને હુકમ આપ્યો. દુષ્ટરાય પોતાની ધારણામાં ફાવ્યો જાણી રાજી થયો. રાણીને પોતાને પીયર મોકલવાનું બહાનું પ્રતાપને સમજાવી રાણીને તે (દુષ્ટરાય) લઇ ગયો અને એક સંકેત કરેલે સ્થાને તે બીચારીને કેદ કરી તેને ઘણા દુખ દેવા શરૂ કર્યાં. પરંતુ મને ખબર મળવાથી કાંઇક મુશીબત વેઠી મેં તેણીને છોડાવી છે.

રાક્ષસની આટલી વાત સાંભળી સભાજનો ક્રોધ યુક્ત થઇ ગયા. કેટલાક શું આ ખરૂં બોલતો હશે અને જો તેમ હોય તો દુષ્ટરાયને પકડી મંગાવી તુરત યમદ્વાર મોકલવો કહી હાથ તરવારપર નાંખી ફફડી ઉઠયા. આટલામાં દુષ્ટરાય સભામાં આવ્યો. આ નવો માણસ અને તેના બોલવાથી સભા મોટા વિચારમાં પડી ગઇ છે જોઇ પોતે પણ મોટા વિચારમાં પડયો સભાજનોએ રાક્ષસને પોતાનું બોલવું આગળ ચલાવવા વિનંતી કરી. રાક્ષસે જુસ્સાથી પોતાનો ખુલાસો શરૂ કર્યો. " રાણી પોતાની જાગમાં ફસાઇ છે જાણી દુષ્ટરાયે પ્રતાપને ઠાર કરવાનું ચોકઠું ગોઠવ્યું. આમાં પ્રતાપની ઓરમાન મા શાન્તીની સંમતીની જરૂર હતી. તેણીએ પ્રતાપના મરણ બાદ દુષ્ટરાય તેણીને તરછોડી ન દે એવી ભોજ પત્રપર દુષ્ટરાય પાસે કબુલાત લખાવી પ્રતાપના ખુન માટે સંમતી આપી. કરણસીંહને સમજાવી પ્રતાપ સાથે શીકારે મોકલ્યો. કરણસીંહે યુક્તી મુજબ પ્રતાપ જયારે સુતો હતો ત્યારે તેની છાતીપર ચઢી બેસી હુમલો કર્યો. પ્રતાપ જાગી ઉઠયો. નીરાધાર હાલતમાં હોવાથી તે કરગરી પડયો. કરણસીંહને

મોટી લાલચો આપી જેની કરણુસીંહને દયા આવી અને કરણુસીંહે પ્રપાપને પોતાને ઘેર ભોંયરામાં છુપાવી રાખ્યો. બીજા કોઈની માથા વિનાની લાશ લઈ તેને પ્રતાપનાં કપડાં પહેરાવી ગામમાં લઇ ગયો અને અગ્નીદાહ કર્યો. રૈયત આ બનાવથી ભોળવાઇ અને રાક્ષસે કટાર ભોંકી પ્રતાપને મારી નાંખ્યો તે માટે તેનાપર આળ મુકી શ્રાપ આપવા લાગી.

વચમાં દુષ્ટરાય તરવારપર હાથ નાંખી બોલી ઉઠયો હરામખોર કાવત્રું સઘળું તાહરૂં હોવાથી મ્હારાપર દોષ મુકી મને હલકો પાડવા માંગે છે. નીચ ઉભો રહે તને હમણાં જ પુરો કરૂં છું.

રાક્ષસે ઠંડાઇથી જવાબ આપ્યો "ધીરા પડો સાહેબ તરવાર પર હાથ નાંખવામાં કાંઇ વળે એમ નથી. હું પણ હથીયાર સારી રીતે વાપરી જાણું છું"

સુરસેને રાક્ષસને ભોજપત્રપર આપેલી કબુલાત રજુ કરવા કહ્યું. રાક્ષસ ભોજપત્રપર આપેલી કબુલાત સુરસેનને આપતાં બોલ્યો કે "મ્હારો માણસ હઠીસીંગ જે ઘણો ખુબસુરત છે તે શાંતીની દાસી રાધાની બ્હેન મોહીની થઇ રહ્યો હતો તેને દુષ્ટરાયે કેદ કરેલ છે તે આ કબુલાત મેળવી શક્યો હતો."

સુરસેને સભા સનમુખ આ કબુલાત વાંચવા માંડી.

હું દુષ્ટરાય "આ કબુલાતથી શાન્તી ઉર્ફે જોહરાને લખી આપું છું જે જો કદી પ્રતાપને મારવાના કામમાં હું ફાવું તો શાન્તી તે તેના દરજા પ્રમાણે રાખવી અને હું તે પ્રમાણે ન આવું તો શાન્તી મ્હારી આ કબુલાત પ્રજાને બતાવી મારી છુપી વાત બહાર પાડે.

સહી લી. દુષ્ટરાય.

શાંક્ષી.

કબુલાત નીચે પ્રધાનની સહી તથા સીક્કો હતાં એટલે સભાજનો એક અવાજે બોલી ઉઠયા કે આથી વધુ પુરાવાની હવે શુ જરૂર છે! સુરસેને કબુલાત પત્રમાં શાન્તીનું નામ જોહરા પણ હોવાનું લખ્યું છે તે સંબંધે કાંઇક હકીકત જાણતા હોય તો તે જણાવવા રાક્ષસને પુછયું.

રાક્ષસ—જોહરા એક વેશ્યા છે અને તેણીને ધીરસીંહની પત્ની તરીકે આ નીચ દુષ્ટરાયે ઘુસાડી દીધી હતી. જોહરા સંબંધી જે વીગત આપણે આગળ જાણી ગયા છીએ તે બધી લંબાણથી જણાવી રાક્ષસે આગળ ચલાવ્યું—જોહરા સાથે દુષ્ટરાય પ્રાત્રી ગયો અને કોઇ કારણથી ધીરસીંહ મુસાફરીએ નીકળ્યો ત્યારે દુષ્ટરાયે ઝેર આપી તેને મારી નાંખી એક કુવામાં ફેંકી દીધો. ધીરસીંહને ઝેરની અસર બરાબર થયલી ન હોવાથી એક ખેડુતે કુવામાંથી પાણી કાઢવા આવતા કોઇના ડુબવાનો અવાજ આવવાથી બહાર કાઢી ઉપચાર કરી ધીરસીંહને સાજો કર્યો.

સુરસેન—ત્યારે શું રાજા ધીરસીંહ પણ હૈયાત છે અને જો હૈયાત છે તો બ્હાર કેમ નથી પડતા!

રાક્ષસ—રાજ્યમાં દુષ્ટરાયનું જોર ઘણું છે તેથી બ્હાર પડવાથી ફાયદો ન થાય એવી ધારણાથી તે છુપા વેશે રહે છે.

સુરસેન—તે ક્યાં છે તે તમે જાણો છો!

રાક્ષસ—હા. સભાજનો ઘણા વખતથી છુપી રહેલી વાત હું આજ તમારી આગળ બહાર પાડું છું. રત્નપુરનો મરહુમ રાજા ધીરસીંહ તે હું કમનસીબ રાક્ષસ પોતે જ છું.

રાક્ષસે આટલું કહી મોંઢાપરથી બુરખો કાઢી નાંખ્યો.

ધીરસીંહને જોતાંજ સર્વે તેના તરફ દોડી જઇ તેને પગે પડ્યા. હવે આપણે રાક્ષસને ધીરસીંહને નામે ઓળખીશું.

ધીરસીંહે પોતાની સાથે રાખેલા બીજા સાથીનો બુરખો કાઢી નાંખ્યો તો કુમાર પ્રતાપ જણાયો. સર્વે લોકો પ્રતાપને જોઇ ખુશીના પોકારો કરવા લાગ્યા. ત્રીજા સાથીનો બુરખો કાઢી ધીરસીંહ બોલ્યો આ માણસને તમે ઓળખતા નહીં હશો. આ શુરવીરે મને પલીત નામ ધારણ કરી ઘણી મદદ કરી છે ને એમનું નામ હરીસીંહ છે. સર્વે લોકો વૃદ્ધ રાજા તથા પ્રતાપને ફરી આ રાજ્યધાનીમાં જીવતા જોઈ ઘણાં રાજી રાજી થઇ ગયા. આખી રત્નપુરીમાં એક વર્ષ સુધી ઓચ્છવ પળાયો. દુષ્ટરાય તથા શાન્તીને કેદ કરવામાં આવ્યાં. હરી-સીંગને છોડાવી વૃદ્ધ રાજાએ કુમાર પ્રતાપને પુનઃ રાજ્યાસનપર ધામધુમ સાથે બેસાડ્યો. પ્રતાપ તથા રંભા સુખે દીવસ નીર્ગમન કરવા લાગ્યાં. બાર મહીના બાદ રંભાએ પુત્રને જન્મ આપ્યો અને થોડા કાળ બાદ એક કુંવરીને જન્મ આપ્યો. વૃદ્ધ રાજા પોતાને સુખી માનવા લાગ્યો. તેની આ ખુશાલી થોડા સમયની હતી દુષ્ટ-રાય કેદખાનામાંથી નાશી ગયો અને નાશી જતી વેળા પ્રતાપનો કુંવર જે તે વખતે પાંચ વર્ષનો હતો તેને ઉપાડી ગયો. જે બહાદુર-સીંહ તમારા લીધે મને મળવા પામ્યો.

પ્રથમ ભાગ સંપૂર્ણ.

વનીતા સુંદરીના નોવેલના અગાઉના ગ્રાહક થનાર ગૃહસ્થોનાં મુબારક નામો.

નકલ	નામ.	નકલ	નામ.
૫૦	શેઠ જેઠાભાઇ દામજી.	૨૫	ભવાનજી કાનજી ધુલીયાવાળા.
૨૫	હીરજી કાનજી.	૫	રાયશી દેવજી વારાઇ.
૨	ધનજી ખેતશી.	૨	જેઠાભાઈ દેવજી.
૧	ખોજા હાજીભાઇ દાતુ.	૧	અમૃતલાલ હરજીવન પારેખ.
૧	ડો. પુનશી હીરજી મૈસેરી.	૧	બન્ધુ બાપુ આનંદ.
૧	પાશવીર ત્રીકમજી.	૧	ખેતશી હંશરાજ ઝવેરી.
૧	જી. કે ધરમશી.	૧	ધનજી દામજી વીકમસી.
૧	રતનશી દામજી માવજી.	૧	વિશ્વનાથ જગજીવન.
૧	આર. એમ. દવે.	૧	ખેરાજ સામજી.
૧	શામજી ઉકેડા.	૧	કાસમઅલી કાપડવાળા.
૧	ખીમજી માલશી.	૧	ચત્રભોજ લધા.
૧	નારણજી હીરજી.	૧	એન. આર. મેન્ટલવાળા.
૧	ડા. કરશનદાસ હંસરાજ.	૧	ખેતશી લાલશી.
૧	કુંવરજી ખીમજી.	૨૫	ધનજી નાગશી.